# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

17 FEBRUARY-2026 TUESDAY | Vol. : 17 | Issue : 226 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  રહેમાન સરકાર બાંગ્લાદેશમાં યુનુસ વિરુદ્ધ તપાસ પંચ બેસાડી શકે છે

4 

ભારત વિશ્વના 40 દેશો પાસેથી ક્રૂડની આયાત કરે છે

6  ચેક બાઉન્સ કેસમાં રાજપાલ યાદવને મળ્યા જામીન, 2.5 કરોડ રૂપિયા કરાવ્યા જમા

7  ચાંદી 2,949 સસ્તી થઈ, કિંમત ₹2.39 લાખ/કિલો: 18 દિવસમાં ₹1.46 લાખનો ઘટાડો, સોનું ₹1,315 વધીને ₹1.54 પર...


# પીએમ મોદીએ AI ઇમ્પેક્ટ સમિટનું ઉદ્ઘાટન કર્યું

## 300થી વધુ કંપનીઓના અદ્યતન ગેજેટ્સનું પ્રદર્શન, કૃષિ, શિક્ષણ અને આરોગ્ય પર ફોકસ રહેશે








**નવી દિલ્હી, તા.16**

‘ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ 2026‘ વિશ્વના સૌથી મોટા ટેકનોલોજી કાર્યક્રમોમાંનો એક, 16 ફેબ્રુઆરીના રોજ ભારતમાં શરૂ થયો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેનું ઔપચારિક ઉદ્ઘાટન કર્યું. ત્યારબાદ તેમણે ભાગ લેનારા સ્ટાર્ટઅપ્સના પેવેલિયનની મુલાકાત લીધી અને તેમની નવીનતાઓ વિશે જાણકારી લીધી.

આ કાર્યક્રમ 20 ફેબ્રુઆરી સુધી નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ચાલુ રહેશે. સમિટની સાથે ‘ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ એક્સ્પો 2026‘નું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. વિશ્વભરની કંપનીઓ તેમના નવીનતમ એઆઈ સોલ્યુશન્સનું પ્રદર્શન કરશે.

જનતા વાસ્તવિક જીવનમાં એઆઈ કેવી રીતે કાર્ય કરે છે અને તે કૃષિ, આરોગ્યસંભાળ અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં ભવિષ્યમાં કેવા ફેરફારો લાવશે તે જોઈ શકશે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં PM મોદીએ લખ્યું કે, આજથી દિલ્હીના ભારત મંડપમમાં ઈન્ડિયા 'AI ઈમ્પેક્ટ સમિટ' શરૂ થઈ રહી છે. હું આ સમિટમાં ભાગ લેવા આવેલા દુનિયાભરના નેતાઓ, મોટા બિઝનેસમેન, ઈનોવેટર્સ, પોલિસી બનાવનારાઓ, રિસર્ચર્સ અને ટેક્નોલોજીના જાણકારોનું દિલથી સ્વાગત કરું છું.

આ સમિટની થીમ 'સર્વજન હિતાય, સર્વજન સુખાય' એટલે કે 'સૌનું ભલું અને સૌની ખુશી' છે. આ માનવતાની પ્રગતિ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો ઉપયોગ કરવાના આપણા સહિયારા સંકલ્પને દર્શાવે છે.

AI ઈમ્પેક્ટ એક્સ્પો: 70,000 ચોરસ મીટરથી વધુ મોટા વિસ્તારમાં એક મેગા પ્રદર્શન યોજાશે. તેમાં 30થી વધુ દેશોની 300+ કંપનીઓ તેમના AI ગેજેટ્સ અને ટેકનોલોજી પ્રદર્શિત કરશે. સામાન્ય લોકો જોઈ શકશે કે AI વાસ્તવિક જીવનમાં કેવી રીતે કાર્ય કરે છે.

શિક્ષણ અને કૌશલ્ય વિકાસ: વિદ્યાર્થીઓ અને યુવાનો માટે 'YUVAi' અને 'AI for ALL' જેવા કાર્યક્રમો યોજાશે. આના દ્વારા લોકો શીખી શકશે કે AI ટૂલ્સનો ઉપયોગ તેમના અભ્યાસ અને કારકિર્દીને સુધારવા માટે કેવી રીતે કરવો.

રોજિંદી સમસ્યાઓ પર ધ્યાન: એક્સ્પોમાં એવા AI મોડલ્સનું ડેમો હશે જે ખેતીમાં પાકની બીમારી ઓળખવામાં, હોસ્પિટલોમાં વધુ સારી સારવાર કરવામાં અને ભાષા અનુવાદને સરળ બનાવવામાં મદદ કરે છે.

સ્ટાર્ટઅપ્સ લીડર્સ સાથે મુલાકાત: દેશ-વિદેશના સ્ટાર્ટઅપ્સ પોતાના અનોખા પ્રોડક્ટ્સ રજૂ કરશે. સામાન્ય લોકો આ ઈનોવેટર્સ સાથે સીધી વાત કરી શકશે અને સમજી શકશે કે ભવિષ્યની ટેકનોલોજી કેવી હશે.

એક્સપિરિયન્સ ઝોન: સમિટમાં ઘણા 'થીમેટિક પેવેલિયન' બનાવવામાં આવ્યા છે. અહીં લોકો પોતે AI પાવર્ડ મશીનો અને સોફ્ટવેરનો અનુભવ લઈ શકશે, જેમ કે સ્માર્ટ હેલ્થ મોનિટરિંગ અને AI ટ્યુટર.

# ચીને પહાડ ખોદી પરમાણુ પ્લાન્ટ બનાવ્યા, તસવીરોમાં ડ્રેગનના ખતરનાક ઈરાદા ઉઘાડા થયા

**શાંઘાઈ, તા.16**

ચીનના સિચુઆનની સેટેલાઈટ તસવીરોએ ભારતનું ટેન્શન વધારી દીધું છે. આ સેટેલાઈટ તસવીરોમાં ડ્રેગનના ઈરાદા ઉઘાડા થયા છે. એક અહેવાલ પ્રમાણે 2022થી 2026 સુધીની સેટેલાઈટ તસવીરોના અધ્યયનથી જાણવા મળ્યું છે કે ચીન સિચુઆન પ્રાંતમાં ગુપ્ત રીતે પરમાણુ પ્લાન્ટ બનાવી ચૂક્યું છે. જિયોસ્પેશિયલ ઈન્ટેલિજન્સ એક્સપર્ટના જણાવ્યા પ્રમાણે ચીને 2019 બાદથી પરમાણુ હથિયારોને લઈને પોતાનું ઓપરેશન તેજ કરી દીધું છે. આ બાબત માત્ર લશ્કરી શક્તિનું પ્રદર્શન નથી પરંતુ વૈશ્વિક સુરક્ષા માટે પણ ચિંતાનો વિષય બની ગયો છે. ચીને સિચુઆનમાં જીટૉન્ગ નામના સ્થાન પર ઘાટીઓ વચ્ચે મોટા-મોટા બંકર બનાવ્યા છે. અહીં પાઈપોનું નેટવર્ક બિછાવવામાં આવ્યું છે. એક્સપર્ટસનું કહેવું છે કે, અહીં પહાડો ખોદીને પરમાણુ પ્લાન્ટ બનાવવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે વિશ્વભરમાં પહેલાથી જ પરમાણુ હથિયારો અંગે તણાવ ચાલી રહ્યો છે. આ જ મુદ્દે અમેરિકા અને ઈરાન આમને-



સામને આવી ગયા છે અને સીધી ધમકી આપી રહ્યું છે કે, જો ઈરાન સાથે ડીલ નહીં થઈ તો અમેરિકા ઈરાન પર હુમલો કરી દેશે. બીજી તરફ ચીનનું પરમાણુ અભિયાન માત્ર ભારત માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય છે. આ તસવીર પ્રમાણે ચીન સતત પોતાની વ્યૂહાત્મક સ્થિતિ મજબૂત કરી રહ્યું છે. અમેરિકાએ 2020માં જ દાવો કર્યો હતો કે, ચીન ગુપ્ત રીતે પરમાણુ પરીક્ષણો કરી રહ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પનું કહેવુ છે કે, ચીન અને રશિયા સંયુક્ત રીતે અમેરિકા સાથે ન્યૂક્લિયર વેપન એગ્રીમેન્ટ કરે. અમેરિકા અને રશિયા વચ્ચેનો પરમાણુ શસ્ત્ર નિયંત્રણ કરાર સમાપ્ત થઈ ગયો છે અને તેથી ચીને ભવિષ્યના કરારનો હિસ્સો બનવો જોઈએ.

પેન્ટાગોનના એક અંદાજ પ્રમાણે 2026ના અંત સુધીમાં ચીન પાસે 500થી વધુ પરમાણુ શસ્ત્રો હોઈ શકે છે. બીજી તરફ તેનું લક્ષ્ય 2030 સુધીમાં આ આંકડો વધારીને 1,000 સુધી પહોંચાડવાનો છે. જોકે, ચીન હાલમાં રશિયા અને અમેરિકાથી ઘણું પાછળ છે અને તે આગામી 10 વર્ષમાં પણ રશિયાની બરાબરી ન કરી શકે. એક્સપર્ટ્સનું કહેવું છે કે, ચીનનો વધતો પરમાણુ શસ્ત્રાગાર માત્ર ભારત માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય છે. મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના એક અધિકારીનું કહેવું છે કે આ ટ્રેંડ ખૂબ જ ચિંતાજનક છે. જીટૉન્ગ અને પિંગટોંગમાં નિર્માણ કાર્ય ખૂબ જ ઝડપથી ચાલી રહ્યું છે, જ્યાં એક નવું કોમ્પલેક્સ પણ બનાવવામાં આવી રહ્યું છે. સરંક્ષણ નિષ્ણાતો આને ભારતની સુરક્ષા માટે એક મોટા પડકાર તરીકે જોઈ રહ્યા છે. જીટૉન્ગમાં બંકર અને હાઈ એક્સપ્લોજિવ ટેસ્ટિંગ સેન્ટર પણ બનાવવામાં આવ્યું છે. ત્યાં વિસ્ફોટ કરવા પર શોક વેવ દૂર સુધી અસર નથી કરતી. અહેવાલમાં જણાવાયું છે કે, ચીનના અસલી ઈરાદા હજુ પણ સ્પષ્ટ નથી. તે પોતાની સેનામાં મોટા પાયે સુધારો કરવા માગે છે અને પરમાણુ હથિયારોના મામલે વિશ્વનો અગ્રણી દેશ બનવા માગે છે.

# નેતન્યાહુએ PM મોદીના ઈઝરાયલ પ્રવાસની કરી જાહેરાત, કહ્યું - ભારત સાથે અમારું જબરદસ્ત ગઠબંધન

**તેલઅવિવ, તા.16**

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ પીએમ નરેન્દ્ર મોદીના આગામી પ્રવાસ પહેલા ભારતની ભવ્ય પ્રશંસા કરતા બંને દેશો વચ્ચે 'મજબૂત ગઠબંધન' હોવાનું જણાવ્યું છે. ભારતની 1.5 અબજની વસ્તીનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, ઈઝરાયલ ભારતમાં ખૂબ જ લોકપ્રિય છે. જેરૂસલેમમાં 'મેજર અમેરિકન જ્યુઈશ ઓર્ગેનાઈઝેશન'ની કોન્ફરન્સને સંબોધિત કરતી વખતે નેતન્યાહુએ ભારતીય વડાપ્રધાનના આગામી સપ્તાહના ઈઝરાયલ પ્રવાસનો ઉલ્લેખ કર્યો અને મોટા સ્તરે ચર્ચાઓ થવાના સંકેત આપ્યા હતા.



નેતન્યાહુએ કહ્યું, 'તમે જાણો છો કે આવતા અઠવાડિયે અહીં કોણ આવી રહ્યું છે - નરેન્દ્ર મોદી. ઈઝરાયલ અને ભારત વચ્ચે અદભૂત ગઠબંધન છે અને અમે તમામ પ્રકારના સહયોગ પર ચર્ચા કરવા જઈ રહ્યા છીએ. ભારત કોઈ નાનો દેશ નથી, ત્યાં 1.5 અબજ લોકો રહે છે. ઈઝરાયલ ત્યાં ખૂબ જ લોકપ્રિય છે, ખૂબ જ વધારે.'

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ જ મહિને ઈઝરાયલની મુલાકાતે જવાના છે. આ પ્રવાસ બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક, સંરક્ષણ અને ટેકનોલોજી ક્ષેત્રે સંબંધોને નવી ઊંચાઈ પર લઈ જઈ શકે છે. જોકે હજુ સત્તાવાર તારીખ જાહેર કરવામાં આવી નથી, પરંતુ એવા સંકેતો છે કે દિલ્હીમાં યોજાનારી AI સમિટ બાદ પીએમ મોદી 27-28 ફેબ્રુઆરીએ ઈઝરાયલ જઈ શકે છે.

વડાપ્રધાન મોદીના ત્રીજા કાર્યકાળનો આ પ્રથમ ઈઝરાયલ પ્રવાસ છે. આ અગાઉ તેઓ 9 વર્ષ પહેલા 2017માં ઈઝરાયલ ગયા હતા. તે મુલાકાત બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધોના 25 વર્ષ પૂરા થવાના પ્રસંગે હતી, જેમાં સંરક્ષણ, સાયબર સિક્યુરિટી અને કૃષિ તેમજ આતંકવાદ સામેના સહયોગ પર ભાર મૂકવામાં આવ્યો હતો. હવે પીએમ મોદી ફરી એકવાર નેતન્યાહુને મળશે, જ્યાં બંને નેતાઓ વચ્ચે લાંબી ચર્ચા થશે.

નોંધનીય છે કે પીએમ મોદી અને નેતન્યાહુ વચ્ચે ગાઢ અંગત મિત્રતા છે. આ મુલાકાત દરમિયાન દ્વિપક્ષીય સહયોગની સાથે પશ્ચિમ એશિયાની સુરક્ષા સ્થિતિ અને વૈશ્વિક વિકાસ પર પણ ચર્ચા થવાની શક્યતા છે. આ વર્ષની શરૂઆતમાં પણ બંને નેતાઓ વચ્ચે વાતચીત થઈ હતી, જેમાં નેતન્યાહુએ પીએમ મોદીને ગાઝા શાંતિ યોજનાની પ્રગતિ વિશે માહિતી આપી હતી અને પીએમ મોદીએ આ વિસ્તારમાં સ્થાયી શાંતિ માટે ભારતના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો.

# રાજનાથે કહ્યું- ભારતીય સેના ભગવાન શંકર પાસેથી પ્રેરણા લે છે: લોકોની મદદ પણ કરે છે અને જરૂર પડ્યે ઓપરેશન સિંદૂર જેવી કાર્યવાહી પણ કરે છે

**કોયંબતૂર, તા.16**

રક્ષામંત્રી રાજનાથ સિંહે કહ્યું કે ભારતીય સેના ભગવાન શિવ પાસેથી પ્રેરણા લે છે. તેમણે કહ્યું કે જેમ ભગવાન શિવ સુરક્ષા અને વિનાશ બંનેના પ્રતીક છે, તેવી જ રીતે આજે આપણી સેનાઓ નિર્ભયતા અને ધૈર્ય બંને ધરાવે છે. રક્ષામંત્રીએ કહ્યું કે એક તરફ, તેઓ સંકટના સમયે શિવની ભાવનાથી માનવીય મદદ કરે છે, બીજી તરફ, જ્યારે જરૂર પડે, ત્યારે તેઓ રુદ્રની ઝડપથી ઓપરેશન સિંદૂર જેવા ઓપરેશન કરે છે. તેમણે કહ્યું કે



ચંદ્રયાન અને આદિત્ય-L1 જેવા ભારતના સ્પેસ મિશન માત્ર ટેક્નોલોજીકલ સિદ્ધિઓ નથી, પરંતુ તે એક જૂની વૈજ્ઞાનિક વારસાનું આધુનિક અભિવ્યક્તિ છે. રાજનાથ સિંહ રવિવારે ઈશા ફાઉન્ડેશનના મહાશિવરાત્રી કાર્યક્રમમાં સંબોધન કરી રહ્યા હતા. આ પ્રસંગે તેમણે સદ્ગુરુ જગ્ગી વાસુદેવ સાથે કેટલાક લોકોને સન્માનિત પણ કર્યા. ભગવાન શિવ શરૂઆત, હંમેશા રહેનારા અને અનંત છે. શિવ સત્ય છે અને જે કંઈ સત્ય છે તે શિવ છે. એવું માનવામાં આવે છે કે આ વેલ્લંગિરી પહાડીઓ શિવની પવિત્ર ગુફા છે, જેને દક્ષિણનો કૈલાસ કહેવાય છે. ચંદ્રયાન અને આદિત્ય-L1 જેવા ભારતના સ્પેસ મિશન માત્ર ટેક્નોલોજીકલ સિદ્ધિઓ નથી, પરંતુ તે એક આધુનિક અભિવ્યક્તિ છે કે જૂની વૈજ્ઞાનિક ભાવના હંમેશાથી આપણી સાંસ્કૃતિક ઓળખનો ભાગ રહી છે. જેમ આપણે અવકાશમાં સેટેલાઈટ મોકલીએ છીએ, તેમ જ આપણે આપણી વૈજ્ઞાનિક સંસ્કૃતિને પણ આગળ વધારી રહ્યા છીએ. રાષ્ટ્રીય સુરક્ષા ભારતના સૈનિકોના હથિયારો, ટેક્નોલોજી અને શારીરિક શક્તિ સાથે જોડાયેલી હોય છે.

# MPના મુખ્યમંત્રીનું હેલિકોપ્ટર હવામાં લથડિયા ખાવા લાગ્યું: ટેકઓફ પછી પાછળની તરફ ખેંચાયું

**ખંડવા, તા.16**

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી ડો. મોહન યાદવનું હેલિકોપ્ટર શનિવારે હવામાં લથડવા લાગ્યું. તેઓ ખંડવાના પંઢાણામાં રાજ્યસ્તરીય લાડલી બહેના યોજનાના કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચ્યા હતા.

કાર્યક્રમ પૂરો થયા પછી જ્યારે સીએમનું હેલિકોપ્ટર ટેકઓફ માટે હવામાં ઉપર ઉઠ્યું, ત્યારે તે આગળ વધવાને બદલે પાછળની તરફ જવા લાગ્યું. પછી થોડી ક્ષણો માટે હવામાં થંભી ગયું.



પાયલટે સમજદારી દાખવીને તરત જ સ્થિતિને નિયંત્રિત કરી અને હેલિકોપ્ટરે સુરક્ષિત ઉડાન ભરી. આ પછી સીએમ યાદવ ખંડવાથી ભોપાલ પહોંચ્યા. ઘટનાનો વીડિયો રવિવારે સામે આવ્યો છે.

ખંડવા એસપી મનોજ કુમાર રાયે કહ્યું- ટેકનિકલ રીતે એવું કંઈ નહોતું કે ઉડાનમાં કોઈ મુશ્કેલી આવી હોય. અમે તરત જ સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે આ સામાન્ય વાત છે. ટેક ઓફ સમયે હેલિકોપ્ટર અલગ દિશામાં હતું જ્યારે તેને બીજી દિશામાં જવાનું હતું.

તે હવામાં ઉઠીને નિર્ધારિત દિશામાં જવા માટે ફરવા લાગ્યો. આ દરમિયાન વધુ ધૂળ ઉડવા લાગી. ધૂળ વધુ ન ઉડે તે માટે પાયલટે હેલિકોપ્ટરની ગતિ ધીમી કરી દીધી. પછી થોડી જ સેકન્ડમાં હેલિકોપ્ટરને થોડું નીચે લાવીને સ્થિર કર્યું. આ પછી હેલિકોપ્ટર ભોપાલ માટે રવાના થઈ ગયું.




# અમદાવાદ-વડોદરાની સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, બાળકોને છોડી મૂકાયા, તંત્રમાં દોડધામ

**અમદાવાદ, તા.16**

વડોદરા અને અમદાવાદમાં ફરી બોમ્બની ધમકીભર્યા ઈમેઈલ મળ્યા છે. જેમાં વડોદરા અને અમદાવાદની સ્કૂલો-કોલેજને ઈમેઈલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં તંત્રમાં દોડધામ મચી છે. અમદાવાદમાં લગભગ 16 જેટલી સ્કૂલોને ધમકીભર્યા ઈમેઈલ મળ્યાં છે.

વડોદરાની 15 જેટલી સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાના ધમકીભર્યા ઈમેઈલ મળતાં શાળા સંચાલકો દ્વારા બાળકોને તાત્કાલિક છોડી મૂકાયા હતા. તેમજ ઉર્મિ સ્કૂલની હોસ્ટેલ પણ સાવચેતીના ભાગરૂપે હાલ ખાલી કરી દેવામાં આવી છે.

બોમ્બની ધમકી મળી હોવાની જાણ થતાં શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો છે. પરિસ્થિતિની ગંભીરતા જોતા બોમ્બ સ્ક્વોડ (BDDS) અને ડોગ સ્ક્વોડની મદદથી સ્કૂલની તપાસ કરવામાં આવી રહી છે.



અમદાવાદના વસ્ત્રાપુર, સેટેલાઈટ, મકરબા સહિતના વિસ્તારમાં આવેલી 16 જેટલી સ્કૂલને ધમકીના ઈમેઈલ મળતાં તંત્રમાં દોડધામ મચી છે. બોમ્બની ધમકીને પગલે સ્કૂલને ખાલી કરી દેવામાં આવી છે અને તંત્ર દ્વારા સઘન તપાસ કરવામાં આવી રહી છે. DAV સ્કૂલમાં પરીક્ષા ચાલી રહી હોવાનું સામે આવ્યું છે. સ્કૂલ દ્વારા વાલીઓને જાણ કરવામાં આવી છે. સ્કૂલની બહાર સિક્યુરિટી દ્વારા કોર્ડન કરી દેવામાં આવ્યું છે. ધમકીના ઈમેઈલ મળતાં વાલીઓ સ્કૂલે પહોંચી રહ્યા છે.

અગાઉ 23મી જાન્યુઆરી, 2026એ અમદાવાદ શહેરની જાણીતી સ્કૂલોને ઈમેઈલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. જેમાં સંત કબીર સ્કૂલની 3 બ્રાન્ચ, બોપલમાં આવેલી ડીપીએસ નવરંગપુરાની સેન્ટ ઝેવિયર્સ લોયોલા, ઘાટલોડિયાની કેલોરેક્ષ સ્કૂલ, વસ્ત્રાપુરની સ્વયંમ સ્કૂલ અને એપલ ગ્લોબલ સ્કૂલને નિશાન બનાવીને આ ધમકીભર્યો ઈમેઈલ મોકલવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલિક પોલીસ, બોમ્બ સ્ક્વોડ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમો કાર્યરત થઈ ગઈ છે. આ ધમકીભર્યા મેલમાં લખ્યું હતું કે, 'મોદી-શાહ ખાલિસ્તાનના દુશ્મન, તમારા બાળકોને બચાવી લો'

તમને જણાવી દઈએ કે, અગાઉ ડિસેમ્બર મહિનામાં પણ વડોદરા શહેરના દિવાળીપુરા વિસ્તારમાં આવેલી જિલ્લા કલેક્ટર કચેરીને એક નનામા ઈ-મેઈલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. જેને લઈને સમગ્ર સરકારી તંત્ર અને પોલીસ બેડામાં ભારે દોડધામ મચી ગઈ હતી. જેમાં સાવચેતીના ભાગરૂપે કલેક્ટર કચેરીને તાત્કાલિક અસરથી ખાલી કરાવી દેવામાં આવી હતી.

# મહિસાગરના 17 કિમીના પટ્ટમાં ગેરકાયદે રેતી ખનન, છતાં સ્થાનિક નેતાઓનું મૌન

**આણંદ, તા.16**

આણંદ જિલ્લા મહિસાગર નદીના 17 કિમીના પટ્ટમાં ભૂમાફિયાનો ગેરકાયદે કબજો દરરોજ વહેલી સવારે 300 થી વધુ ડમ્પરો રેતીની ભરીને રવાના થઈ જાય છે. તેમ છતાં તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી.

વાસદ મહી નદીમાં હાઈવે પરથી રેતી ખનન નજરે પડતું હોવા છતાં તંત્ર કે સ્થાનિક રાજકીય નેતાઓએ તેને અટકાવવા માટે કોઈ જ રસ દાખવતા નથી.

ચાર દિવસ અગાઉ જિલ્લા કલેક્ટરને ફરિયાદ મળતાં તાબડતોબ ટીમો મોકલી 4 કરોડ વાહન ઝડપી પાડયા હતા. પરંતુ ત્યારબાદ આગળ શુ તે પ્રશ્ન ઉઠવા પામ્યો છે.

આણંદ જિલ્લામાં ઉમરેઠના લાલપુરા થી લઈને આંકલાવ તાલુકાના ગંભીરા સુધી ભૂમાફિયા મહિનદીના પટમાં ધામા જોવા મળે છે. દરરોજ 300થી વધુ રેતી ભરીને ડમ્પરો રવાના થઈ જાય છે.



મહી નદીના પટમાં ચાર થી પાંચ લોકોએ લીઝ પર માત્ર એકાદ બે કિમીનો પટો રાખ્યો છે.પરંતુ હાલમાં 60થી વધુ ભૂમાફિયા દ્વારા ગેરકાયદે રેતી ખનન ગામે ગામ થઈ રહ્યું છે. જેના કારણે રાત્રિના સમયે નદી કિનાર ગામોમાંથી રેતી ભરેલા ડમ્પરો પસાર થતા હોવાથી ગ્રામજનો ઉંઘ હરામ થઈ ગઈ છે.

ગામના માર્ગો પર કાદવ કિંચડનું પ્રમાણ છવાઈ જાય છે. ચાર દિવસ અગાઉ જિલ્લા કલેક્ટરની સુચના થી વાસદ પાસે છાપો મારી મોટાપ્રમાણ રેતી ખનન કરતાં વાહનો ઝડપી પાડયા હતા. પરંતુ ભૂમાફિયા એક પણ હાથમાં આવ્યો ન હતો. કેટલાંક વિસ્તારમાં રાજકીય ઓથા હેઠળ રેતી ખનન થતું હોવાનું ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે.

મહિસાગર ને ચારેકોરથી ખનીજ માફીયાઓ પટના પેટાળ સુધી પહોંચી ગેરકાયદે રેતી ઉલેચી ખનન કરી રહ્યા હોય છતાં સ્થાનિક નેતાગીરી મૌની બાબા બની રહેતા સવાલ ઉઠવા પામી રહ્યાનું જાણવા મળેલ છે.

# સોજિત્રા પંથકમાં પસાર થતી ભાદરણ રેલ્વે લાઇન બંધ છતાં બમ્પ યથાવત રહેતા હાલાકી

**આણંદ, તા.16**

નડિયાદથી ભાદરણ વચ્ચેની રેલવે લાઈન વર્ષોથી બંધ હોવા છતાં ફાટક રોડ ક્રોસિંગ પર બનાવવામાં આવેલા બમ્પ આજેય યથાવત રાખવામાં આવ્યા છે.



ટ્રેન સેવા બંધ થયાને લાંબો સમય વીતી ગયો હોવા છતાં પણ વાહનચાલકોને રોજબરોજ આ બિનજરૂરી બંપના ઝટકા સહન કરવા પડે છે, જે તંત્રની ગંભીર બેદરકારી દર્શાવે છે. રેલવે ક્રોસિંગ માર્ગ પરથી દ્વિચક્રી અને ચારચક્રી વાહનોની ભારે અવરજવર રહે છે. ખાસ કરીને રાત્રિના સમયે બમ્પ સ્પષ્ટ દેખાતા ન હોવાથી અકસ્માતની સંભાવના અનેકગણી વધી જાય છે. અનેક વાહનચાલકો અચાનક બ્રેક મારવાથી લપસી પડે છે અથવા વાહનને નુકસાન થાય છે, તેમ છતાં જવાબદાર વિભાગ દ્વારા કોઈ સુધારાત્મક પગલાં લેવામાં આવ્યા નથી. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ રેલવે લાઈન બંધ થયા બાદ ફાટક વિસ્તારને સુધારવા કે માર્ગ સમતળ બનાવવા માટે કોઈ ગંભીરતા દાખવવામાં આવી નથી.

હાલ જનતા તરફથી માંગ ઉઠી રહી છે કે બિનજરૂરી બમ્પ તાત્કાલિક દૂર કરવામાં આવે અને માર્ગને સલામત બનાવવામાં આવે. લોકોમાં એવો પણ પ્રશ્ન ઊભો થયો છે. હાલમાં ભાદરણ રેલ્વે લાઈન બ્રોડગેજમાં ફેરવવા માટે તંત્ર કવાયત હાથ ધરી છે. પરંતુ જયાં સુધી તે કામ હાથ ન ધરાયા ત્યાં સુધી દરેક ગામના ફાટક પાસે મુકવામાં આવેલા બમ્પ દૂર કરવામાં આવે તેમ ગ્રામજનોની માંગ ઉઠવા પામી છે.

# આગરવાનો મુખ્ય બ્રિજ બંધ હોવાથી ગ્રામજનોને 14 કિમીનો ફેરો

**નડિયાદ, તા.16**

ઠાસરા તાલુકામાં આવેલ આગરવા ગામમાં મુખ્ય માર્ગ બંધ કરી દેવામાં આવ્યો છે. જેમાં ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ ગામમાં જવાના બ્રિજને બંધ કરી દેવામાં આવતા ગ્રામજનોને 14 કિલોમીટરનો ફેરો મારવાનો વારો આવ્યો છે. ત્યારે 10 હજારની વસ્તી ધરાવતા આ ગામના લોકોને પહેલા સાત કિલોમીટર માં ડાકોર પહોંચતા હતા. પરંતુ બ્રિજ બંધ કરી દેવામાં આવતા ગુમડીયા થઈ ઠાસરા ફાટક થઈ ડાકોર તરફ જવું પડી રહ્યું છે.

જોકે 2014માં આ બ્રિજ અંગે રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ અધિકારીઓ દ્વારા રજૂઆતના સાંભળતા આખરે બ્રિજ દુર્ઘટના બાદ આ બ્રિજ જર્જરિત હોવાને લઈ



બંધ કરી દેવામાં આવ્યો છે. જેના કારણે ગામમાં 108 આવતી પણ બંધ થઈ ગઈ છે જેથી પ્રાઈવેટ વાહનોમાં બીમાર વ્યક્તિને ડાકોર હોસ્પિટલ સુધી લઈ જવામાં આવી રહ્યા છે.

આ સાથે ગામમાં બનાવવામાં આવેલ સ્મશાનમાં પણ એક સગડી હોવાને કારણે સ્મશાન મોટું કરવા માટે પણ ગ્રામજનો દ્વારા માંગ કરવામાં આવી રહી છે. જોકે, નવી ગામ પંચાયત પાસે બનાવવામાં આવેલ નાળામાં ગેરરીતિ થઈ હોવાનું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે. જેમાં નાળામાંથી પાણી રોકાઈ જતા વરસાદી પાણી ગામમાં આવી જતા હોય છે.

જેને લઈ ગ્રામજનો ને ભારે હાલાકી ભોગવવાનો વારો આવતો હોય છે. નીચાણ વાળા વિસ્તારમાં પાણી ભરાતા વાહન ચાલકો અને વિદ્યાર્થીઓને ભારે હાલાકી ભોગવવાનો વારો આવી રહ્યો છે. આ અંગે ટીડીઓને રજૂઆત કરવા છતા પણ અધિકારી દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી નથી.

આગરવા ગામમાં 10 હજાર ની વસ્તી હોવા છતાં પણ પીએચસી સેન્ટર નથી. જેના કારણે ગ્રામજનોને સાત કિલોમીટર દૂર આવેલ ડાકોર સરકારી હોસ્પિટલે દર્દીઓને લઈ જવા પડતા હોય છે. આ સાથે બ્રિજ બંધ કરી દેવામાં આવતા ગ્રામજનોને 14 કિમીનો ફેરો મારવો પડી રહ્યો છે. આ સાથે 108 પણ ન આવી શકતા લોકમાં ભયનો માહોલ જોવા મળતો હોય છે. ત્યારે ગામમાં પીએસસી સેન્ટર બનાવવા આવે તેવી માંગ છે.» રાઠોડ અંજનાબેન ભુપેન્દ્ર કુમાર, સરપંચ

કિસાન પંચ યોજના હેઠળ ગામના બે રોડની માંગ કરવામાં આવી છે. આગરવા ની મુવાડીના રોડથી ભરતભાઈ પુનમભાઈ ના ઘર સુધીના એક કિલોમીટરના રોડની માંગ કરવામાં આવી છે જેને લઈ એક વર્ષ પહેલા માપણી કરવામાં આવી હતી પરંતુ આજદિન સુધી કોઈ પ્રકારની કામગીરી કરવામાં આવી નથી.

# ઓવરલોડ,સ્પીડ સહિત નિયમનો ભંગ વાહન ચાલકોને ₹542 કરોડ દંડ

## આરટીઓ એ 2025ના વ ર્ષમાં સૌથી વધુ ઓવર લોડ વાહન ચાલકો પાસેથી ₹2.24 કરોડ, ઇ-ચલણ મેમોના ₹ 10.39 કરોડનો દંડ વસૂલ્યો

**અમદાવાદ, તા.16**

અમદાવાદમાં ઓવરલોડ વાહનો ઓવર સ્પીડમાં બેફામ માતેલા સાંઢની જેમ જોખમી રીતે હંકારી રહ્યા છે. જેના કારણે લોકોના જીવને જોખમમાં મૂકી રહ્યા છે એટલું જ નહી લોકો કરોડોના દંડ ચૂકવવા તૈયાર છે પણ ટ્રાફિકના નિયમો પાળવા તૈયાર નથી. જાહેર જાણે રોડ રેસનું મેદાન હોય તેમ તેમ પૂર ઝડપે વાહનો હંકારતા હોવાથી હિટ એન્ડ રન તથા અકસ્માતની ઘટનાઓ સામે આવી રહી છે. અમદાવાદ આરટીઓ ડ્રાઈવ રાખીને ૨૦૨૫માં સૌથી વધુ ઓવરલોડ વાહન ચાલકો પાસેથી રૂા. ૨.૨૪ કરોડ તથા ઇ-ચલણ મેમોના ૧૦.૩૯ કરોડ મળી કુલ વાહન ચાલકોને કુલ રૂા. ૫૪૨ કરોડનો દંડ ફટકાર્યો હતો.



અમદાવાદમાં દિન પ્રતિદિન વાહન ચાલકો દ્વારા ટ્રાફિકના નિયમોનું સરઆમ ઉલ્લંઘન કરીને બેફામ વાહનો ચલાવીને અકસ્માત સર્જી રહ્યા છે. અમદાવાદમાં ચારે બાજુ બાંધકામ થઈ રહ્યા છે તો બીજી તરફ ટ્રક ચાલકો સહિતના લોકો વાહનોમાં લોખંડના સળિયા સહિતનો માલ સામાન ભરીને નિયમો નેવે મૂકીને ઓવર લોડ ભરીને ફરતા હોય છે. ટ્રાફિક પોલીસ અને આરટીઓ તંત્ર દ્વારા સ્પીડ લીમીટ સ્પીડ ગન લઈને ઉભા રહે છે છતાં અમદાવાદ ફરતે રિંગ રોડ ઉપર રાત દિવસ વાહન ચાલકો નિયમો તોડીને પૂર ઝડપે વાહનો હંકારીને અકસ્માત કરીને વાહન મૂકીને નાસી જતા હોય છે.

અમદાવાદ ઈન્ચાર્જ આરટીઓ નિરવ બક્ષીના જણાવ્યા મુજબ આરટીઓએ ૨૦૨૫ના વર્ષ દરમિયાન ખાસ ડ્રાઈવ રાખીને કાયદેસરની કાર્યવાહી કરી હતી. જેમાં સૌથી વધુ ઓવર લોડમાં વાહનો હંકારતા લોકો પાસેથી રૂા. ૨.૨૪ કરોડ તથા ઓવર ડાયમન માટે રૂા. ૧.૧૨ કરોડનો દંડ લીધો હતો અને ઈ-ચણલના ૧૦.૩૯ કરોડનો દંડ વસૂલ્યો હતો. ઉપરાંતઓવર સ્પીડમાં વાહન ચલાવનારા પાસેથી ૯૨ લાખનો દંડ તેમજ વાહન ફિટનેશનો રૂા. ૪૯ લાખ તેમજ પરમીટના રૂા. ૪૦ લાખ મળી કુલ રૂા.૫૪૨ કરોડો વાહન ચાલકોને ફટકાર્યો હતો.

અમદાવાદમાં બેફામ વાહનો હંકારવાના કારણે હિટ એન્ડ રન તથા અકસ્માતના બનાવો વધી રહ્યા છે. આવા વાહન ચાલકો સામે ટ્રાફિક પોલીસ દ્વારા ગુનો નોંધીને આરટીઓ પાસે મોકલવામાં આવે છે. જેમાં ખાસ કરીને દારુ પીને વાહન ચલાવતા તથા ડ્રાઈવિંગ લાયસન્સ ના હોય અને વાહન હંકારતા હોય તથા જોખમી ડ્રાઈવિંગ તેમજ વધુ વખત મેમા આવેલા હોય તથા પૂર ઝડપે વાહન ચલાવીને અકસ્માત કર્યો હોય તેવા લોકોના ૨૦૨૫ના વર્ષ દરમિયાન ૨૯૦ વાહન ચાલકોના ડ્રાઈવિંગ લાયસન્સ સસ્પેન્ડ કર્યા હતા.

અમદાવાદમાં ફોર વ્હીલમાં ખાસ કરીને એલઈડી લાઈટ લગાડીને ઓવર સ્પીડમાં વાહનો હંકારવાના કારણે રાતના સમયે સામેથી આવતા વાહન ચાલકો અંજાઈ જતા હોય છે. નિયમ મુજબ કંપની દ્વારા પીળી લાઈટ આપવામાં આવતી હોય છે. પરંતુ કેટલાક વાહન ચાલકો નિયમોનો ભંગ કરીને વાહનોમાં ગેરકાયદે એલ.ઈ.ડી લાઈટ લગાવીને રોડ ઉપર ફરતા હોય છે જેના કારણે અકસ્માતના બનાવો વધી રહ્યા છે. અમદાવાદ આરટીઓએ ૨૦૨૫ના વર્ષ દરમિયાન આવા વાહન ચાલકો પાસેથી કુલ ૧૨ લાખ દંડ વસૂલ્યો હતો.

# આણંદ જિલ્લામાં 18 હજાર ઘરોમાં સોલર રૂફટોપ થકી 70 મેગાવોટ વીજળી ઉત્પન્ન થતાં વીજ બચત

**આણંદ, તા.16**

આણંદ જિલ્લામાં સરકારની પીએમ સૂર્ય ઘર યોજના થકી ગામે ગામ સોલાર રૂફટોપથી ઘરો સજ્જ થઈ રહ્યાં છે. હાલમાં જિલ્લાના ઘરોમાં 18 હજાર સોલાર રૂફટોપ થકી 70 મેગાવોટ વીજળી ઉત્પન્ન કરીને વીજ બીલની રાહત સાથે દૈનિક વીજ બચતમાં વધારો થયો છે.પીએમ સૂર્ય ઘર યોજના' અંતર્ગત જિલ્લામાં 101.18 કરોડ રૂપિયાની સબસિડી અપાઈ

પી એમ સૂર્ય ઘર યોજના અંતર્ગત હેઠળ તાલુકા વાર સબસીડી ની રકમ ની વાત કરીએ તો આણંદ તાલુકામાં 53.66 કરોડ, આંકલાવ તાલુકામાં 3.69 કરોડ, બોરસદ તાલુકામાં 11.78 કરોડ, ખંભાત તાલુકામાં 9.31 કરોડ, પેટલાદ તાલુકામાં 11.72 કરોડ, સોજીત્રા તાલુકામાં 2.24 કરોડ, તારાપુર તાલુકામાં 2.57 કરોડ અને ઉમરેઠ તાલુકામાં 6.20 કરોડ મળીને આણંદ જિલ્લામાં કુલ



101.18 કરોડની સબસીડી ચૂકવવામાં આવી છે.

આ યોજના દ્વારા જિલ્લાના નાગરિકોને આર્થિક રીતે મોટો ફાયદો થયો છે. ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા તરફ આગળ વધતા આણંદ જિલ્લામાં સોલર રૂફટોપ દ્વારા કુલ 69.99 મેગાવોટ ક્ષમતાના મીટર ઈન્સ્ટોલ કરી દેવાયા છે.

આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય મધ્યમવર્ગીય પરિવારોને વીજ બિલમાં રાહત આપવાનો અને પર્યાવરણને અનુકૂળ ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવાનો છે.

રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ જિલ્લા તંત્ર દ્વારા બાકી રહેલી અરજીઓ પર પણ ઝડપથી કાર્યવાહી હાથ ધરાઈ રહી છે.

સોલાર રૂફટોપ થકી વીજ ઉત્પાદન થતાં વીજળી પેદા કરવા માટે કોલસા કે અન્ય ઈંધણ ઉપયોગ કરવાથી વાતાવરણ કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધી જતાં વાયુ પ્રદુષણ ફેલાય છે. જેની અસર વાતાવરણ સહિત કુદરતી સ્ત્રોત અને માનવ જીવન પર પડતી હોય છે. ત્યારે તમામ આવસો સોલાર રૂટટોપ લાગે તો જિલ્લામાં કાર્બન ડાયોકસાઈડ 20 ટકા પ્રમાણ ઘટે તેમ છે તેમ પ્રદુષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. ગ્રી એનર્જીથી કોઈ પ્રદુષણ ફેલાતુ નથી.

## ખાનગી પાર્કિંગના સંચાલકોની દાદાગીરી આવી સામે:

# ગળતેશ્વરમાં ટીઆરબી જવાનો દ્વારા રૂપિયા લેતા હોવાના આક્ષેપો

**નડિયાદ, તા.16**

ગળતેશ્વર ખાતે શિવરાત્રિને લઈ દર્શન કરવા માટે આવેલા ભક્તો સાથે ખાનગી પાર્કિંગ સંચાલકો દ્વારા લૂંટ ચલાવવામાં આવી રહી છે.

જેમાં જબર જસ્તી એક વ્યક્તિને ખાનગી પાર્કીગમાં વાહનો પાર્ક કરવા માટે દાદાગીરી કરી હોવાના આક્ષેપો સાથેનો વીડિયો સોશિયલ મીડિયામાં પર વાઈરલ થઈ રહ્યો છે. જેમાં યુવકે પોતાના સોશિયલ મીડિયામાં આ સંચાલકો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે રોષ વ્યક્ત કર્યો હતો.

ગળતેશ્વર ખાતે આવેલા પૌરાણિક મહાદેવના મંદિર ખાતે શિવરાત્રિના દિવસે મોટી સંખ્યામાં ભક્તો દર્શન કરવા માટે આવી પહોંચ્યા હતા. જેમાં દર્શન કરવા માટે આવતા ભક્તોને ટીઆરબી દ્વારા હેરાન કરતો હોવાને આક્ષેપ સાથેનો વિડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે.



જેમાં એક ભક્ત દ્વારા મુખ્ય માર્ગની સાઈડ માં વાહન બહાર પાર્ક કરી દેવામાં આવતા ટીઆરબી જવાન હોવાના આક્ષેપો સાથે એક યુવક સાથે અભદ્ર શબ્દો બોલવામાં આવ્યા હતા.

તેને ખાનગી પાર્કિંગમાં પાર્ક કરવા માટે ટકોર કરવામાં આવી હતી. જેમાં સજયસિહ ઝાલા નામનો ટીઆબી જવાન દ્વારા ભક્તને તારૂ બાઈક ઉઠાવી લે નઈ તો બાઈક ની હવા કાઢી નાખીશ કહી દાદાગીરી કરવામાં આવી હોવાના આક્ષેપો સાથે એક યુવકે સોશિયલ મીડિયામાં પોતાનો રોષ ઠાલવ્યો હતો. જેનો વિડિયો હાલ સોશિયલ મડિયામાં વાઈરલ થઈ રહ્યો છે.

# આઈકોનિક માર્ગ બિસ્માર થયો: ડાકોરમાં 40 લાખનો આઈકોનિક માર્ગ ખખડધજ હાલતમાં ફેરવાયો.....

**નડિયાદ, તા.16**

ડાકોરમાં આવનાર સમયમાં ફાગણી પૂનમ આવનાર છે. જેને લઈ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ વચ્ચે 40 લાખના ખર્ચે બનાવવામાં આવેલો મંગલ સેવા ધામ થી પુરુષોત્તમ ભુવન સુધીનો આઈકોનિક માર્ગ ખખડધજ હાલતમાં ફેરવાયો છે. ત્યારે આઈકોનિક માર્ગ ખખડધજ હાલતમાં ફેરવાતા ભાજપ સંગઠનના પ્રમુખ દ્વારા કોન્ટ્રાક્ટર દ્વારા ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હોવાના આક્ષેપો લગાવવામાં આવી રહ્યા છે.

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર ખાતે હાલમાં ફાગણી પૂનમને લઈ તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. જોકે,



નડિયાદ આણંદ અને વડોદરા સુરત જેવા શહેરોમાંથી આવતા ભક્તો ને મંગલ સેવા ગામ થઈ પુરુષોત્તમ ભુવન થઈ મંદિર તરફ ડાયવર્ટ કરવામાં આવતા હોય છે.

ત્યારે થોડા વર્ષ પહેલા બનાવવામાં આવેલ 40 લાખથી વધુના ખર્ચે નો રોડ ખખડધજ હાલતમાં ફેરવાઈ ગયો છે. તેમ છતાં પણ પાલિકાના અધિકારીઓનું પેટનું પાણી હલી રહ્યું નથી.

જેમાં માર્ગના નિર્માણની શરૂઆતથી જ ગુણવત્તા અને પાલિકા દ્વારા કોઈ પ્રકારની ચીવટ રખાઈ ન હતી. ત્યારે સંગઠનના પ્રમુખે રોડ બનાવનાર કોન્ટ્રાક્ટર અને ચીફ ઓફિસરની મિલીભગત હોવાને લઈ વ્યાપક પ્રમાણમાં રોડ બનાવવાની કામગીરીમાં ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હોવાના આરોપો લગાવવામાં આવી રહ્યા છે.

આ સાથે કોન્ટ્રાક્ટર અને પાલિકાના સત્તાવાળા દ્વારા નાણાકીય ગેરરીતિ આચરવામાં આવી રહી હોવાના પણ ભાજપ શહેર પ્રમુખ દ્વારા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. જોકે, આ અંગે ડાકોર નગરપાલિકાના ચીફ ઓફિસર સંજય પટેલનો મત જાણવા માટે ટેલીફોનીક સંપર્ક કરતા તેઓએ જવાબ આપવાનું ટાળ્યું હતું.

સાત વખત રોડ બનાવવામાં આવ્યા હોવા છતાં પણ વારંવાર ખખડધજ બની જાય છે. જેમાં આ રોડ ઉપર વારંવાર ગટર ઉભરાવાની સમસ્યા અને ડસ્ટ ઉડી રહ્યો છે. અનેક વખત ચીફ ઓફિસરને રજૂઆત કરવા છતાં પણ કોન્ટ્રાક્ટર સાથે ચીફ ઓફિસરે મીલી ભગત કરીને સરકારી નાણાં નો દુરુપયોગ કર્યો છે. કલેકટરને પણ જાણ કરવામાં આવી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# રહેમાન સરકાર બાંગ્લાદેશમાં યુનુસ વિરુદ્ધ તપાસ પંચ બેસાડી શકે છે

## 18 મંત્રીઓની સંપત્તિમાં વધારો, યુનુસની પ્રોપર્ટી ₹12 કરોડ થઈ, પેરિસ જવાની તૈયારીમાં

ઢાકા, તા.16

બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારના તખતાપલટ બાદ રચાયેલી મોહમ્મદ યુનુસ સરકારના મંત્રીઓની સંપત્તિમાં ઉછાળો આવ્યો છે. સરકારના વડા યુનુસની સંપત્તિમાં એક વર્ષમાં લગભગ 11 ટકાનો વધારો થયો છે.

યુનુસની સંપત્તિ હવે કુલ સાડા 12 કરોડ રૂપિયા થઈ ગઈ છે, જેમાં લગભગ 1 કરોડ 30 લાખ રૂપિયાનો ઉછાળો આવ્યો છે. વચગાળાની સરકારના ટોચના 4 મંત્રીઓમાં સૌથી વધુ સંપત્તિ વૃદ્ધિ યુનુસની થઈ છે.

બીજા નંબરે આવાસ મંત્રી આદિલુર રહેમાનની સંપત્તિમાં 1 કરોડ 23 લાખ રૂપિયાનો વધારો થયો. યુનુસના 21માંથી 18 મંત્રીઓની સંપત્તિ વધી છે. સૂત્રો અનુસાર, નવા પીએમ રહેમાન વચગાળાની સરકારના મંત્રીઓની સંપત્તિમાં થયેલા વધારાની તપાસ માટે સમિતિની રચના કરી શકે છે.

આ બધા વચ્ચે યુનુસ હવે ફરીથી પેરિસમાં સ્થાયી થવાની તૈયારીમાં છે. જણાવી દઈએ કે યુનુસ બાંગ્લાદેશના એકમાત્ર નોબેલ પુરસ્કાર વિજેતા છે. બાંગ્લાદેશમાં માઈક્રો ફાઈનાન્સના ક્ષેત્રમાં મોટું નામ ધરાવતા યુનુસ વિરુદ્ધ શેખ હસીના સરકાર દરમિયાન ભ્રષ્ટાચારના કેસ નોંધાયા હતા. પરંતુ યુનુસે પોતાની સરકાર બન્યા પછી કેસ પાછા ખેંચી લીધા હતા.

તારિક રહેમાનની જીત સાથે જ યુનુસ સરકારમાં IT મંત્રી રહેલા ફૈઝ અહેમદ તૈયબ નેધરલેન્ડ્સ પાછા ફર્યા છે. ફૈઝના કાર્યકાળ દરમિયાન IT સેક્ટરમાં તેમના દ્વારા વિદેશી કંપનીઓના પક્ષમાં લેવાયેલા કેટલાક નિર્ણયોને લઈને વાંધાઓ પણ ઉઠ્યા હતા.

તેમના પર બિનજરૂરી હાઈ-કેપેસિટી ઈક્વિપમેન્ટ ખરીદવા માટે કેટલીક કંપનીઓને ટેન્ડર જારી કરવાના પણ આરોપો છે. યુનુસ સરકારમાં પર્યાવરણ મંત્રી સૈયદા રિઝવાનાનું કહેવું છે કે ફૈઝ પોતાના પરિવાર સાથે નેધરલેન્ડ્સમાં જ રહે છે, તેઓ યુનુસ સરકારમાં સામેલ થવા માટે બાંગ્લાદેશ પાછા ફર્યા હતા.

બાંગ્લાદેશના નવનિર્વાચિત પીએમ રહેમાને રવિવારે મોડી સાંજે જમાતના અમીર (પ્રમુખ) શફીકુર રહેમાન સાથે મુલાકાત કરી.

સૂત્રો અનુસાર, રહેમાને સંસદના સુચારુ સંચાલન માટે જમાત સાથે સમજૂતી પર સહમતિ પણ બનાવી છે. જણાવી દઈએ કે જમાતે 32 બેઠકોમાં ગેરરીતિનો આરોપ લગાવ્યો છે.

બીજી તરફ, સૂત્રો અનુસાર, ઢાકામાં ચીન અને પાકિસ્તાનના દૂતાવાસોમાં બેઠકોનો દોર તેજ બન્યો છે. પાકિસ્તાનથી લગભગ 6 વરિષ્ઠ આર્મી ઓફિસર છેલ્લા એક પખવાડિયાથી દૂતાવાસમાં પડાવ નાખીને બેઠા છે. જમાતની હાર પછી પાકિસ્તાન રહેમાન સરકાર સાથે સંબંધો માટે ગ્રાઉન્ડ વર્કમાં વ્યસ્ત છે. અગાઉ પાકિસ્તાન કટ્ટરપંથી જમાતનું સમર્થક રહ્યું છે.



શેખ મુજીબુર રહેમાન બાંગ્લાદેશના રાષ્ટ્રપિતા છે. આપણા દેશના ગઠનમાં તેમની મોટી ભૂમિકા રહી છે. BNP માને છે કે મુજીબના સમયમાં કેટલીક ભૂલો પણ થઈ હતી, જેના માટે મુજીબની ભૂમિકાની તપાસ કરવામાં કોઈ ખરાબી નથી.

હવે શેખ હસીના અને અવામી લીગની જવાબદારી છે કે તેઓ શેખ મુજીબના વારસાને જાળવી રાખવા માટે રહેમાન સરકાર સાથે સહયોગ કરે. BNP અને અવામી લીગ હરીફ પક્ષો રહ્યા છે. પરંતુ BNP પ્રતિબંધોની રાજનીતિની વિરુદ્ધ રહી છે. યુનુસ સરકારે જ્યારે અવામી લીગ પર પ્રતિબંધ મૂક્યો ત્યારે BNP એ તેનો વિરોધ કર્યો હતો. ચૂંટણીઓમાં અવામી લીગ હોવી જોઈતી હતી, હવે હસીનાએ બાંગ્લાદેશ પાછા ફરવું જોઈએ. અમારા નેતા ખાલિદા ઝિયા પર કેસ થયા, પણ તેમણે દેશ છોડ્યો નહીં. અમે ભારત સાથે સમાનતાના સંબંધો ઈચ્છીએ છીએ. આ જ અમારી અને અવામી લીગની વિચારસરણીમાં ફરક છે. અવામી લીગ ભારતનો પિછલગ્ગુ બનીને રહેવા માંગે છે જ્યારે BNP આવું નહીં કરે.

બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક સંબંધો છે. વર્ષોથી અમે સહઅસ્તિત્વના પક્ષધર છીએ. ભારતે પણ બાંગ્લાદેશ સાથેના સંબંધો માટે પહેલ કરવી જોઈએ. આની શરૂઆત શેખ હસીનાની વાપસીથી થઈ શકે છે. બાંગ્લાદેશના નવા પીએમ તારિક રહેમાન સારા સંબંધોના પક્ષધર છે.

બાંગ્લાદેશ બધા ધર્મોના લોકો માટે બન્યું છે. હું પોતે હિંદુ છું, પરંતુ પહેલા હું બાંગ્લાદેશી છું. આવું જ હિંદુઓ અને અન્ય લઘુમતીઓએ પણ વિચારવું જોઈએ. પરંતુ મને ખેદ સાથે કહેવું પડી રહ્યું છે કે ભારત સરકારે મારો વિઝા ક્યારેય ક્લિયર કર્યો નથી.

જ્યારે મેં ઘણી વાર ભારત જવા માટે વિઝા અરજી કરી હતી. છેલ્લી સરકાર દરમિયાન હિંસાની ઘટનાઓ બની હતી, પરંતુ હવે આવું નહીં થાય.

બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) ના ચેરમેન તારિક રહેમાન આવતીકાલે એટલે કે 17 ફેબ્રુઆરીએ દેશના નવા વડાપ્રધાન તરીકે શપથ લેશે. ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક નેતાઓને આ સમારોહમાં સામેલ થવા માટે આમંત્રણ મોકલવામાં આવ્યું છે.

ભારતીય વિદેશ મંત્રાલય અનુસાર, આ સમારોહમાં ભારત તરફથી લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા સામેલ થશે. તેમની સાથે વિદેશ સચિવ વિક્રમ મિસરી પણ રહેશે. PM મોદી 17 ફેબ્રુઆરીએ મુંબઈમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે દ્વિપક્ષીય બેઠક કરવાના છે, તેથી તેઓ ઢાકા જઈ રહ્યા નથી.

શપથ ગ્રહણ સમારોહ પરંપરાથી અલગ આ વખતે રાષ્ટ્રપતિ ભવનને બદલે ઢાકાના નેશનલ પાર્લિયામેન્ટ કોમ્પ્લેક્સના સાઉથ પ્લાઝામાં યોજાશે.

બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણીમાં જીત બાદ બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP)ના અધ્યક્ષ તારિક રહેમાને શનિવારે પહેલીવાર મીડિયા સાથે વાત કરી.

તેમણે ભારત-બાંગ્લાદેશ સંબંધોને લગતા સવાલ પર કહ્યું કે અમે બાંગ્લાદેશના હિતોને સૌથી ઉપર રાખીશું. રહેમાને એમ પણ કહ્યું કે ચીન બાંગ્લાદેશના વિકાસમાં સહયોગી છે.

તેમણે આશા વ્યક્ત કરી કે ભવિષ્યમાં બાંગ્લાદેશ અને ચીન સાથે મળીને કામ કરતા રહેશે. તેમનું કહેવું હતું કે અન્ય દેશોની જેમ ચીન પણ બાંગ્લાદેશના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

જ્યારે તેમને પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને ભારતથી પાછા લાવવા વિશે પૂછવામાં આવ્યું, ત્યારે રહેમાને કહ્યું કે આ સંપૂર્ણપણે કાનૂની પ્રક્રિયા પર નિર્ભર રહેશે.

તારિક રહેમાન પૂર્વ રાષ્ટ્રપતિ ઝિયાઉર રહેમાન અને પૂર્વ પ્રધાનમંત્રી ખાલિદા ઝિયાના પુત્ર છે. તેમણે 1988માં બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) જોઈન કરી. 2001ની ચૂંટણીમાં સંગઠનાત્મક કામથી તેમને ઓળખ મળી, પરંતુ 2006 પછી તેમના પર ભ્રષ્ટાચારના આરોપો લાગ્યા અને 2007માં તેમની ધરપકડ કરવામાં આવી.

2008માં સારવાર માટે તેઓ લંડન ચાલ્યા ગયા અને લગભગ 17 વર્ષ સુધી દેશની બહાર રહ્યા. આ દરમિયાન તેઓ પાર્ટીના સિનિયર ઉપાધ્યક્ષ અને બાદમાં કાર્યકારી અધ્યક્ષ બન્યા. તેમના પર ઘણા કેસ દાખલ થયા, પરંતુ બાદમાં અદાલતોએ તેમને નિર્દોષ છોડી દીધા.

ગયા વર્ષે તેઓ બાંગ્લાદેશ પાછા ફર્યા અને માતાના નિધન પછી પાર્ટીની કમાન સંભાળી. તાજેતરની ચૂંટણીમાં BNPની જીત પછી તારિક રહેમાન હવે દેશના વડાપ્રધાન પદના મુખ્ય દાવેદાર બની ગયા છે.

## હિંદ મહાસાગરમાં અમેરિકાનું સૈન્ય ઓપરેશન! તેલ ટેન્કર પર ઉતર્યા સૈનિકો, લગાવ્યા ગંભીર આરોપ



વોશિંગ્ટન, તા.16

અમેરિકન સેનાએ હિંદ મહાસાગરમાં વેનેઝુએલા સાથે સંકળાયેલા 'વેરોનિકા III'(Veronica III) નામના એક વિશાળ તેલ ટેન્કરને રોકીને તેની તપાસ હાથ ધરી છે. પેન્ટાગોન દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આ જહાજ પર અંદાજે 19 લાખ બેરલ કાચું તેલ અને ફ્યુઅલ ઓઈલ લદાયેલું હતું. અમેરિકાનો આરોપ છે કે આ પોત ઈરાન અને વેનેઝુએલા પર લાદવામાં આવેલા આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોનું ઉલ્લંઘન કરીને ગેરકાયદેસર રીતે તેલની હેરફેર કરી રહ્યું હતું.

આ કાર્યવાહી અંગે પેન્ટાગોને સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, અમેરિકન અધિકારીઓ કેરેબિયન સમુદ્રથી જ આ ટેન્કર પર નજર રાખી રહ્યા હતા અને છેક હિંદ મહાસાગરમાં તેને રોકવામાં આવ્યું હતું. પનામાનો ધ્વજ ધરાવતું આ ટેન્કર વર્ષ 2023થી રશિયા, ઈરાન અને વેનેઝુએલાના તેલ પરિવહન સાથે જોડાયેલું હોવાનું મનાય છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ મુજબ, પ્રતિબંધિત તેલ ટેન્કરો પર 'સંપૂર્ણ બ્લોકેડ'(રોક) લગાવવાના ભાગરૂપે આ સખત પગલું ભરવામાં આવ્યું છે.

નોંધનીય છે કે, 3 જાન્યુઆરી, 2026ના રોજ વેનેઝુએલાના નેતા નિકોલસ માદુરોની ધરપકડ કરવામાં આવી હતી, તે જ દિવસે આ જહાજ ત્યાંથી નીકળ્યું હતું. અમેરિકન સંરક્ષણ વિભાગે ચેતવણી આપી છે કે આંતરરાષ્ટ્રીય જળસીમા કોઈ પણ ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે સુરક્ષિત નથી. જમીન, હવા કે સમુદ્ર–અમેરિકા દરેક જગ્યાએ પોતાના પ્રતિબંધોનો કડક અમલ કરશે અને ગેરકાયદે તત્ત્વોને આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગોનો ઉપયોગ કરવા દેશે નહીં. છેલ્લા એક સપ્તાહમાં આ પ્રકારની આ બીજી મોટી કાર્યવાહી છે.

## 'ખાલિસ્તાની નિજ્જર પણ નિશાને હતો પરંતુ...', અમેરિકન એજન્સી સામે નિખિલ ગુપ્તાની વધુ એક કબૂલાત.....

વોશિંગ્ટન, તા.16



અમેરિકામાં શીખ અલગતાવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના ષડયંત્રમાં આરોપી ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાએ અમેરિકન એજન્સીઓ સમક્ષ ચોંકાવનારા ખુલાસા કર્યા છે. અહેવાલો અનુસાર, તેણે યુએસ ડ્રગ એન્ફોર્સમેન્ટ એડમિનિસ્ટ્રેશન(DEA)ને કબૂલાત આપી છે કે કેનેડામાં ઠાર થયેલ ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જર પણ તેની હિટલિસ્ટમાં હતો. જોકે, તેની યોજના અમલમાં મૂકાય તે પૂર્વે જ અજાણ્યા હુમલાખોરોએ નિજ્જરની હત્યા કરી નાખી હતી. વધુમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે નિખિલ ગુપ્તાએ પોતાના પર લાગેલા તમામ આરોપોનો સ્વીકાર કરી લીધો છે. નોંધનીય છે કે, ભારતથી ફરાર થઈ કેનેડાની નાગરિકતા મેળવનાર હરદીપ સિંહ નિજ્જરની 18 જૂન, 2023ના રોજ બ્રિટિશ કોલંબિયામાં હત્યા કરવામાં આવી હતી. નિજ્જર ભારત સરકાર દ્વારા અગાઉથી જ જાહેર કરાયેલ આતંકવાદીઓની યાદીમાં સામેલ હતો. અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઑફ જસ્ટિસના દસ્તાવેજો અનુસાર, નિખિલ ગુપ્તાએ કબૂલાત કરી છે કે તેના નિશાના પર અનેક લોકો હતા, જેમાં નિજ્જરનો પણ સમાવેશ થતો હતો. વધુમાં, પન્નુ અને નિજ્જર બંને સતત એકબીજાના સંપર્કમાં હોવાનું પણ બહાર આવ્યું છે.

ગુરપતવંત સિંહ પન્નુ વિદેશમાં આશ્રય લઈને ભારત વિરોધી પ્રવૃત્તિઓ ચલાવે છે અને પંજાબને અલગ કરી 'ખાલિસ્તાન' બનાવવાનો એજન્ડા પ્રોત્સાહિત કરે છે. અમેરિકન વકીલના દાવા મુજબ, નિખિલ ગુપ્તાને એવી કડક સૂચના અપાઈ હતી કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વોશિંગ્ટન મુલાકાત દરમિયાન પન્નુ પર હુમલો ન કરવો. જૂન 2023માં વડાપ્રધાન મોદીના અમેરિકા આગમનના માત્ર બે દિવસ પહેલા જ નિજ્જરની હત્યા થઈ ગઈ હતી.

નિખિલ ગુપ્તાને જૂન 2024માં ચેક રિપબ્લિકથી અમેરિકા લાવવામાં આવ્યો હતો અને મેનહેટન ફેડરલ કોર્ટમાં રજૂ કરાયો હતો. તે સમયે તેણે પોતાની જાતને નિર્દોષ ગણાવી હતી. ન્યૂયોર્કમાં પન્નુની હત્યાનું કાવતરું ઘડવાના આરોપસર અમેરિકાની વિનંતી પર તેની ધરપકડ કરવામાં આવી હતી. પન્નુ પાસે અમેરિકા અને કેનેડા એમ બંને દેશની નાગરિકતા છે.

અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઑફ જસ્ટિસનું કહેવું છે કે નિખિલ ગુપ્તા ભારત અથવા અન્ય કોઈ જગ્યાએથી સૂચનાઓ લેતો હતો. આ કાવતરામાં વિકાસ યાદવ નામની વ્યક્તિ સામેલ છે જેને ભારત સરકારનો કર્મચારી બતાવવામાં આવ્યો છે. દાવો છે કે યાદવના કહેવા પર ગુપ્તા શાર્પશૂટર્સનો સંપર્ક કરતો હતો. અમેરિકન પ્રશાસન મુજબ, પન્નુની હત્યા બદલ ગુપ્તાને 1 લાખ ડૉલર આપવાનું વચન અપાયું હતું અને જૂન 2023માં 15 હજાર ડૉલર ઍડ્વાન્સ પણ આપવામાં આવ્યા હતા.

## કિમ-જોંગની બહેન કે દીકરી દેશની આગામી તાનાશાહ કોણ?: નિષ્ણાતોએ કહ્યું- ભાઈ જેટલી જ ખુંખાર, રાષ્ટ્રપતિ સિવાય બધાને ફાંસી આપી શકે છે

પ્યોંગયાંગ, તા.16



ઉત્તર કોરિયામાં તાનાશાહ કિમ જોંગ પછી આગામી તાનાશાહ બનવાને લઈને તેમની બહેન અને પુત્રી વચ્ચે સંઘર્ષ થઈ શકે છે. આ દાવો દક્ષિણ કોરિયાની ગુપ્તચર એજન્સીએ પોતાના એક રિપોર્ટમાં કર્યો છે. ખરેખરમાં કિમ જોંગ છેલ્લા કેટલાક સમયથી સતત પોતાની 13 વર્ષની પુત્રી 'કિમ જૂ એ' સાથે સાર્વજનિક કાર્યક્રમોમાં જોવા મળી રહ્યા છે. આવા સંજોગોમાં માનવામાં આવી રહ્યું છે કે તેઓ કિમ જૂ-એને પોતાના ઉત્તરાધિકારી જાહેર કરી શકે છે.

આ અંગે દક્ષિણ કોરિયાના પૂર્વ રાજદૂત રાહ જોંગ-યિલે કહ્યું કે કિમ જૂ-એ માટે રસ્તો બિલકુલ સરળ નહીં હોય. તેમની સૌથી મોટી પડકાર કિમ જોંગ-ઉનની નાની બહેન 'કિમ યો-જુંગ' હશે, જે પોતાના ભાઈ જેટલી જ ખુંખાર માનવામાં આવે છે. 38 વર્ષીય કિમ યો-જુંગ ઉત્તર કોરિયામાં બીજી સૌથી શક્તિશાળી વ્યક્તિ છે. પાર્ટીથી લઈને સેના સુધી તેમની મજબૂત પકડ છે. અહીં સુધી કહેવાય છે કે તેઓ રાષ્ટ્રપતિને છોડીને પાર્ટીની 250 સભ્યોની કેન્દ્રીય સમિતિના કોઈપણ નેતાને મૃત્યુદંડ આપી શકે છે. રાહ જોંગ-યિલનું કહેવું છે કે જો કિમ યો-જુંગને લાગ્યું કે તેમની પાસે ટોચના નેતા બનવાની તક છે, તો તેઓ બિલકુલ પાછળ નહીં હટે. એટલે કે સત્તા સંઘર્ષની આશંકાને નકારી શકાય નહીં. અન્ય નિષ્ણાતોનું પણ કહેવું છે કે જો અચાનક કિમ જોંગ-ઉન ને કંઈક થઈ જાય અથવા તેઓ શાસન કરવાની સ્થિતિમાં ન રહે, તો કિમ યો-જુંગ તરત જ સત્તા સંભાળવાનો પ્રયાસ કરી શકે છે.

કિમ યો-જુંગને બાળપણમાં 'સ્વીટ પ્રિન્સેસ યો-જોંગ' કહેવામાં આવતી હતી. 2014 થી તેઓ પ્રોપેગન્ડા એન્ડ એગિટેશન ડિપાર્ટમેન્ટ (PAD) ના વડા છે. આ વિભાગનું કામ ઉત્તર કોરિયામાં સરકારી વિચારધારા ફેલાવવાનું છે.

જાપાની શેફ કેન્જી ફુજીમોટો, જેમણે 13 વર્ષ સુધી કિમ જોંગ-ઈલ માટે કામ કર્યું હતું, તેમના મતે તેઓ બાળપણથી જ મજબૂત ઈરાદાવાળી હતી. તેમને 'પ્રિન્સેસ' કહીને બોલાવવામાં આવતી હતી અને ભોજનના સમયે તેઓ પિતા (કિમ જોંગ-ઈલ) ની બાજુમાં બેસતી હતી.

કિમ જોંગ ઉનના પિતા કિમ જોંગ-ઈલે તેમના બાળકોને જીનીવા, બર્ન અને મોસ્કોમાં ભણવા મોકલ્યા હતા. 2004માં માતા કો યોંગ-હુઈના મૃત્યુ પછી પણ કિમ યો-જુંગને સત્તા માટે તૈયાર કરવામાં આવતા રહ્યા. 2009માં તેઓ તેમના ભાઈઓ સાથે વોનસાન એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીમાં પિતા સાથે દેખાયા.

2012માં તેમને પહેલીવાર જાહેરમાં સફેદ ઘોડા પર તેમની ફોઈ કિમ ક્યોંગ-હુઈ સાથે જોવામાં આવ્યા. 2019માં તેઓ તેમના ભાઈ સાથે માઉન્ટ પેક્તુ પર ઘોડેસવારી કરતા જોવા મળ્યા.

તેમને સંગઠન અને માર્ગદર્શન વિભાગમાં પણ પ્રભાવશાળી ભૂમિકા મળી, જ્યાંથી સેના અને પાર્ટીના વરિષ્ઠ અધિકારીઓ પર નજર રાખવામાં આવે છે. 2021માં તેમને સ્ટેટ અફેર્સ કમિશનમાં સામેલ કરવામાં આવ્યા.

જાન્યુઆરી 2023માં તેઓ રશિયા-યુક્રેન યુદ્ધ પર ઉત્તર કોરિયાના મુખ્ય પ્રવક્તા બન્યા. તેમણે અમેરિકાને ચેતવણી આપી કે યુક્રેનને આપવામાં આવનારી ટેન્કો 'સળગાવી દેવામાં આવશે' અને રશિયા સાથે ઊભા રહેવાની વાત કહી. નિષ્ણાતોનું માનવું છે કે દેશ અને વિદેશમાં કિમની જાહેર છબી બનાવવામાં તેમની બહેન કિમ યો જોંગનો મોટો હાથ છે. તેમને કિમ જોંગ ઉનની 'સિક્રેટ ડાયરી' પણ કહેવામાં આવે છે.

એવું માનવામાં આવે છે કે તેઓ તેમના ભાઈને ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સલાહ આપે છે અને તેમના ઘણા કાર્યોમાં તેમની ભાગીદારી પણ રહે છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે કિમ જોંગ ઉનની 2018ની ન્યુક્લિયર સમિટ પાછળ પણ તેમનું જ મગજ હોવાનું કહેવાય છે. આ ઉપરાંત, 2018માં પ્યોંગચાંગમાં યોજાયેલા વિન્ટર ઓલિમ્પિકમાં કિમ જોંગની હાજરી પાછળ પણ તેઓ જ હતા. કિમને તેમના પર ખૂબ વિશ્વાસ છે.

બીજી તરફ, કિમ જોંગ-ઉન ની દીકરી કિમ જૂ-એ ની ઉંમર હજુ લગભગ 13 વર્ષ છે. તે કિમ જોંગ-ઉન અને તેમની પત્ની રી સોલ-જૂ ની એકમાત્ર દીકરી છે, જેને સાર્વજનિક રીતે લોકો સમક્ષ લાવવામાં આવી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં તે પોતાના પિતા સાથે મિસાઈલ પરીક્ષણ, સેનાની પરેડ અને મોટા સરકારી કાર્યક્રમોમાં જોવા મળી છે. દક્ષિણ કોરિયાની ગુપ્તચર એજન્સીનું માનવું છે કે આ બધું તેમની તૈયારીનો ભાગ હોઈ શકે છે. એટલે કે તેમને ધીમે ધીમે આગળની જવાબદારીઓ માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે.

## બાંગ્લાદેશમાં હિંદુ નેતાને મંત્રી બનાવી શકે છે રહેમાન: 30 વર્ષ પહેલા પણ મંત્રી રહી ચૂક્યા હતા ગોયેશ્વર

ઢાકા, તા.16

ચૂંટણીમાં ભારે બહુમતી મેળવ્યા બાદ બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) નવી સરકાર બનાવવાની તૈયારીમાં છે. સરકારે ચૂંટાયેલા સાંસદોની સત્તાવાર ગેઝેટ અધિસૂચના બહાર પાડી દીધી છે.

પાર્ટીમાંથી 2 હિંદુ સાંસદો પણ ચૂંટાયા છે. તેમાંથી ઢાકા-3 બેઠક પરથી જીત મેળવનાર ગોયેશ્વર ચંદ્ર રોયને નવી કેબિનેટમાં સામેલ કરી શકાય છે. રોય BNPના પ્રભાવશાળી નેતા માનવામાં આવે છે. તેઓ ખાલિદા ઝિયાની BNP સરકારમાં લગભગ 30 વર્ષ પહેલાં (1991-1996) રાજ્ય મંત્રી હતા.

બાંગ્લાદેશી મીડિયા અનુસાર, તારિક રહેમાન વડાપ્રધાન પદ સહિત સંરક્ષણ મંત્રાલય અને અન્ય પાંચ મંત્રાલયો પોતાની પાસે રાખી શકે છે. બંધારણના અનુચ્છેદ 148 મુજબ, સત્તાવાર પરિણામો આવ્યાના ત્રણ દિવસની અંદર ચૂંટાયેલા પ્રતિનિધિઓએ શપથ લેવાના હોય છે.

13મી સંસદીય ચૂંટણીના ચૂંટાયેલા સભ્યો મંગળવારે શપથ લેશે, જ્યારે કેબિનેટ પણ તે જ દિવસે પાછળથી શપથ લેશે. આ માહિતી ચૂંટણી પંચના સચિવ અખ્તર અહેમદે શનિવારે પ્રેસ બ્રીફિંગમાં આપી હતી.

ગોયેશ્વર ચંદ્ર રોય બાંગ્લાદેશની રાજનીતિમાં લઘુમતી હિંદુ સમુદાયના સૌથી પ્રમુખ ચહેરાઓમાંથી એક મનાય છે. તેમનો જન્મ 1 નવેમ્બર 1951ના રોજ ઢાકા જિલ્લાના કેરાનીગંજમાં એક બંગાળી હિંદુ પરિવારમાં થયો હતો.

તેઓ 1978થી જ BNP સાથે જોડાયેલા છે અને હાલમાં પાર્ટીની સ્થાયી સમિતિના સભ્ય છે, જે BNPનું સર્વોચ્ચ નીતિ-નિર્માણકારી નિકાય છે. 1990ના દાયકામાં ખાલિદા ઝિયાની સરકારમાં તેમણે રાજ્ય મંત્રી તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, જ્યાં તેઓ પર્યાવરણ, વન, મત્સ્ય અને પશુપાલન મંત્રાલયોના પ્રભારી રહ્યા હતા.

તાજેતરમાં 12 ફેબ્રુઆરી 2026ના રોજ યોજાયેલી 13મી સંસદીય ચૂંટણીમાં તેમણે ઢાકા-3 મતવિસ્તારમાંથી BNPની ટિકિટ પર ભારે બહુમતીથી જીત મેળવી, જ્યાં તેમણે જમાત-એ-ઈસ્લામીના ઉમેદવાર મોહમ્મદ શાહિનુર ઈસ્લામને લગભગ 17,000 મતોથી હરાવ્યા.

તેઓ પોતાને ધરતીના પુત્ર ગણાવે છે અને ભારપૂર્વક કહે છે કે બાંગ્લાદેશમાં હિંદુ કે અન્ય લઘુમતીઓ અલગ નથી, પરંતુ તમામ નાગરિકો સમાન અધિકારો ધરાવે છે. ઝિયા પરિવાર સાથે તેમના ગાઢ સંબંધો છે અને નવી સરકારમાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકાની સંભાવના છે.

બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણીમાં 4 લઘુમતી સમુદાયના ઉમેદવારો સાંસદ તરીકે ચૂંટાયા છે. આમાંથી બે હિંદુ, જ્યારે અન્ય બે બૌદ્ધ સમુદાયના છે.

હિંદુ નેતાઓમાં ગોયેશ્વર ચંદ્ર રોય અને તેમના સમધી નિતાઈ રોય ચૌધરી BNPની ટિકિટ પર ચૂંટણી જીતીને સંસદ પહોંચ્યા. નિતાઈ રોય ચૌધરી BNPના મુખ્ય ઉપાધ્યક્ષોમાં સામેલ છે અને ટોચના નેતૃત્વના વરિષ્ઠ વ્યૂહાત્મક સલાહકાર માનવામાં આવે છે. બંનેએ જમાત-એ-ઈસ્લામીના ઉમેદવારોને હરાવ્યા.



ત્રીજા લઘુમતી સાંસદ સાચિંગ પ્રુ છે, જેઓ બંદરબનના પહાડી જિલ્લામાંથી ચૂંટાયા છે. તેઓ મરમા જાતિ સમુદાયનું પ્રતિનિધિત્વ કરે છે અને BNPના વરિષ્ઠ નેતા છે. ચોથા વિજેતા દિપેન દીવાન રંગામાટી બેઠક પરથી જીત્યા. તેઓ ચકમા સમુદાયમાંથી આવે છે, જે બૌદ્ધ બહુમતી ધરાવતો આદિવાસી સમૂહ છે.

BNP ના ઘણા નીતિ-નિર્માતાઓએ સંકેત આપ્યો છે કે કેબિનેટ બહુ મોટું નહીં હોય. તેમાં 30 થી 40 સભ્યો શામેલ હોઈ શકે છે. તેમાં 2001 ની BNP સરકારના પૂર્વ મંત્રીઓ, સ્ટેન્ડિંગ કમિટીના સભ્યો અને નવા ચહેરાઓ શામેલ હોઈ શકે છે.

તારિક રહેમાને કેબિનેટ ગઠનને લઈને વરિષ્ઠ નેતાઓ સાથે પરામર્શ શરૂ કરી દીધો છે. જોકે, કોને કયું મંત્રાલય મળશે, તે શપથ ગ્રહણ પછી જ સ્પષ્ટ થશે.

BNP ની સ્થાયી સમિતિના સભ્ય સલાહુદ્દીન અહેમદે કહ્યું કે દેશને કેબિનેટનું અંતિમ સ્વરૂપ જોવા માટે થોડી રાહ જોવી પડશે.

પાર્ટી મહાસચિવ મિર્ઝા ફખરુલ ઈસ્લામ આલમગીરને આગામી રાષ્ટ્રપતિ બનાવવામાં આવી શકે છે. જોકે, નિમણૂક પ્રક્રિયામાં સમય લાગી શકે છે. ત્યાં સુધી તેઓ કોઈ મહત્વપૂર્ણ મંત્રાલયની જવાબદારી સંભાળે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

વિદેશ મંત્રી પદ માટે BNPના સંયુક્ત મહાસચિવ હુમાયુ કબીરનું નામ ચર્ચામાં છે. પાર્ટીના આંતરરાષ્ટ્રીય સંબંધો મજબૂત કરવામાં તેમની સક્રિય ભૂમિકા રહી છે. ડો. રેઝા કિબ્રિયાને નાણા મંત્રી પદ માટે વિચારવામાં આવી રહ્યા છે. તેઓ અગાઉ આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (IMF)માં વરિષ્ઠ અર્થશાસ્ત્રી રહી ચૂક્યા છે.

આમિર ખુસરો મહમૂદ ચૌધરીને વાણિજ્ય મંત્રાલય આપી શકાય છે. તેઓ અગાઉ પણ આ પદ પર રહી ચૂક્યા છે. BNP મહાસચિવ મિર્ઝા ફખરુલ ઈસ્લામ આલમગીરનું નામ સ્થાનિક સરકાર મંત્રાલય માટે સામે આવ્યું છે. તેઓ અગાઉ કૃષિ રાજ્ય મંત્રી અને બાદમાં નાગરિક ઉડ્ડયન અને પર્યટન રાજ્ય મંત્રી રહી ચૂક્યા છે.

પૂર્વ એટર્ની જનરલ અને સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ મોહમ્મદ અસદુઝ્ઝમાનનું નામ કાયદા મંત્રાલય માટે ચર્ચામાં છે. સલાહુદ્દીન અહેમદનું નામ ગૃહ મંત્રાલય માટે અને મિર્ઝા અબ્બાસનું નામ માર્ગ પરિવહન અને પુલ મંત્રાલય માટે લેવામાં આવી રહ્યું છે.

ડૉ. એઝેડએમ ઝાહિદ હુસૈન સ્વાસ્થ્ય મંત્રાલય સંભાળી શકે છે, જ્યારે રુહુલ કબીર રિઝવીને માહિતી મંત્રાલયની જવાબદારી મળી શકે છે.

આ ઉપરાંત નઝરુલ ઈસ્લામ ખાન, ડૉ. અબ્દુલ મોયીન ખાન, ગાયેશ્વર ચંદ્ર રોય, હાફિઝ ઉદ્દીન અહેમદ, ઈકબાલ હસન મહમૂદ ટુકુ, સેલીમા રહેમાન, અંદલીવ રહેમાન પાર્થો, મિઝાનુર રહેમાન મીનુ અને શમા ઓબેદ સહિત અનેક અન્ય નામો પર પણ ચર્ચા ચાલી રહી છે.

પાર્ટી સૂત્રો અનુસાર, કેબિનેટની અંતિમ સંરચનાનો નિર્ણય BNPની સ્થાયી સમિતિ અને અધ્યક્ષ તારિક રહેમાન કરશે. વડાપ્રધાન તરીકે તેઓ અંતિમ સૂચિમાં ક્યારેય પણ ફેરફાર કરી શકે છે.

મંગળવારે સવારે મુખ્ય ચૂંટણી કમિશનર એએમએમ નાસિર ઉદ્દીન નવનિર્વાચિત સાંસદોને શપથ લેવડાવશે. સાંસદોના શપથ લીધા પછી સત્તાધારી પક્ષ અને વિપક્ષ અલગ-અલગ બેઠક કરીને પોતાના સંસદીય નેતાની પસંદગી કરશે. બહુમતી પક્ષનો નેતા ત્યારબાદ બંગભવન જઈને રાષ્ટ્રપતિ મોહમ્મદ શાહાબુદ્દીન સાથે મુલાકાત કરશે.

રાષ્ટ્રપતિ ઔપચારિક રીતે તેમને સરકાર બનાવવા માટેનું આમંત્રણ આપશે. આ પછી વડાપ્રધાન પદના દાવેદારો મંત્રીઓ, રાજ્ય મંત્રીઓ અને ઉપમંત્રીઓની યાદી રાષ્ટ્રપતિને સુપરત કરશે.

રાષ્ટ્રપતિ યાદી કેબિનેટ ડિવિઝનને મોકલશે, જે શપથ સમારોહની તૈયારી પૂર્ણ કરશે. કેબિનેટ સચિવ નિયુક્ત મંત્રીઓને વ્યક્તિગત રીતે ફોન કરીને શપથ સમારોહમાં હાજર રહેવા માટે આમંત્રણ આપશે અને તેમના ઘરે સત્તાવાર વાહનો મોકલવામાં આવશે.

## તંત્રી લેખ

# શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ યોગી પર ભડક્યા.....

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શંકરાચાર્ય પદ બાબતે અવિમુક્તેશ્વરાનંદ માટે પ્રતિક્રિયા આપી હતી. યોગીએ કહ્યું હતું કે સમાજવાદી પાર્ટી ભલે અવિમુક્તેશ્વરાનંદને શંકરાચાર્ય માને, પરંતુ બાકીનોઓએ એમને શંકરાચાર્ય માનવા જરૂરી નથી. દરેક વ્યક્તિ શંકરાચાર્ય બની શકે નહીં. આ બાબતે હવે અવિમુક્તેશ્વરાનંદે વળતો પ્રહાર કરીને કહ્યું છે કે, 'આદિત્યનાથ ઉપર ૪૦ થી વધારે કેસ થયા હતા. તેઓ મુખ્યમંત્રી બન્યા ત્યારે એમણે પોતાના પર થયેલા તમામ દાવાઓ પાછા ખેંચાવી લીધા હતા. શું આને કાયદાનું પાલન કહી શકાય? કયા કાયદામાં લખ્યું છે કે કોઈપણ વ્યક્તિ મોટા હોદ્દા પર પહોંચે તો પોતે પોતાના પર થયેલા કેસો પાછા ખેંચાવી લે? જો તમે ખરેખર કાયદાનું પાલન કરનારા હો તો પહેલા તમારી સામે થયેલા તમામ કેસોનો સામનો કરો.' મુસ્લિમ દેશ પાકિસ્તાનની સિંધ વિધાનસભામાં એક હિન્દુ સભ્યએ દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકવાની માંગણી સાથે એવી વાત કરી હતી કે ગૃહમાં બધાને આશ્ચર્ય થયું હતું. સિંધ પ્રાંતના એમક્યુએમ નેતા અનિલકુમારએ ગૃહમાં કહ્યું હતું કે, 'પાકિસ્તાનમાં દારૂના લાયસન્સ ધાર્મિક આધારે આપવામાં આવે છે. આ વાતાવરણમાં હિન્દુઓને બદનામ કરવામાં આવે છે અને એમણે તકલીફનો સામનો કરવો પડે છે. આ કારણે સરકારે દારૂના વેચાણ માટે અપાતા લાયસન્સો રદ કરવા જોઈએ. પાકિસ્તાનમાં મુસ્લિમો દારૂ પી શકતા નથી. હિન્દુઓ માટે દારૂની છૂટ છે. સિંધ વિધાનસભામાં જ્યારે હિન્દુ નેતાએ દારૂબંધીની વાત કરી ત્યારે મુસ્લિમ મંત્રીએ એનો વિરોધ કર્યો હતો. અનિલકુમારએ કહ્યું હતું કે જો મુસ્લિમ ભાઈઓએ દારૂ પીવો હોય તો પોતે કોઈ રસ્તો કાઢે, પરંતુ એ માટે હિન્દુઓને જવાબદાર ઠેરવવા યોગ્ય નથી.

અલ્હાબાદ હાઈકોર્ટમાં ચિક્કાર ભરાયેલી કોર્ટમાં જજના અધિકાર અને સાહસ પર પ્રશ્નો કરનાર એક વકીલ વિરુદ્ધ ફોજદારી અવમાનનાની કાર્યવાહી કરવા માટે ચીફ જસ્ટીસ સમક્ષ કેસ મોકલવામાં આવ્યો છે. જસ્ટીસ સંતોષ રાયની બેન્ચના તારણ પ્રમાણે વકીલની વર્તણૂક નિંદનીય હતી અને એને કારણે કોર્ટનું અપમાન થયું છે. કોર્ટના કહેવા પ્રમાણે વકીલનો વ્યવહાર ન્યાયીક કાર્યવાહીમાં અવરોધરૂપ હતો. બેન્ચે પોતે આ બાબતે સુનાવણીનો ઈન્કાર કર્યો હતો અને અવમાનનાની કાર્યવાહી શરૂ કરવા માટે ચીફ જસ્ટીસને રજુઆત કરી હતી. એક કેસની સુનાવણી વખતે આરોપીના વકીલ આશુતોષકુમાર મિશ્રએ દલીલ કરી હતી કે એમના અસીલને કેસમાં ખોટો ફસાવવામાં આવ્યો છે. વકીલોની દલીલ પુરી થઈ ત્યારે કોર્ટે વચગાળાનો હુકમ કર્યો હતો. વકીલ આશુતોષકુમારએ તરત જ અવાજ ઊંચો કરીને કહ્યું હતું કે, 'તપાસ અધિકારી પાસે સ્પષ્ટતા માંગવાની હિંમત તમારામાં નથી. તમે આ કેસમાં કાઉન્ટર એફીડેવિટ શા માટે માંગી રહ્યા છો. એમ લાગે છે કે તમે સરકારના દબાણ હેઠળ કામ કરો છો.' એમ લાગે છે કે લગભગ ૩૦ વર્ષ પછી મુંબઈમાં ફરીથી અંડરવર્લ્ડનો પગપેસારો થઈ રહ્યો છે. બાબા સિદ્દીકીની હત્યા સલમાન ખાન, રોહીત શેટ્ટી અને રણવીર સિંહના ઘર પર ફાયરીંગ તેમજ લોરેન્સ બિશ્નોઈની ગેંગના નામે અપાતી ધમકીઓ પછી મુંબઈના ફિલ્મવર્લ્ડ અને ઉદ્યોગપતિઓમાં ડરનો માહોલ છે. ગેંગસ્ટર હેરી બોક્સરની વોઈસ નોટ ચર્ચામાં છે. ત્રણ દાયકા પહેલા મુંબઈ પર દાઉદ ઈબ્રાહીમ અને છોટા રાજન જેવા માફિયા ડોન રાજ કરતા હતા. કરોડો રૂપિયાની ખંડણી વસૂલ કરવામાં આવી હતી અને ખંડણી નહીં આપનારની હત્યા થઈ જતી હતી. હવે ફરીથી ધમકી આપવા માટે વોઈસ નોટ અને ઈમેલનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ધમકી આપનારાઓ ખરેખર લોરેન્સ બિશ્નોઈની ગેંગ સાથે સંકળાયેલા છે કે નહીં એ પણ તપાસનો વિષય છે. લોરેન્સ બિશ્નોઈ અમદાવાદની જેલમાં કેદ હોવા છતાં કઈ રીતે સક્રિય છે એ સવાલ પણ લોકોને મુંઝવી રહ્યો છે. પંજાબમાં ૫૬.૫૪ લાખ વાહનોનો વીમો ઉતારવામાં આવ્યો નથી. આ કારણે પરિસ્થિતિ બગડી રહી છે. રાજસ્થાનમાં ૧.૧૭ લાખ અને ચંદીગઢમાં ૨.૨૬ લાખ લોકોએ પોતાના વાહનોનો વીમો લીધો નથી.

**ભારત દ્વારા એક દિવસમાં લગભગ ૫.૫ થી ૫.૬ મિલિયન બેરલ ક્રૂડનો ઉપયોગ કરવામાં આવે છે. ભારત પોતાની દૈનિક જરૂરિયાતના ક્રૂડમાંથી માત્ર ૧૨થી ૧૩ ટકા જેટલા જ ક્રૂડનું ઉત્પાદન કરે છે. બાકીની તમામ જરૂરીયાતો તેણે વિદેશોથી ક્રૂડ મંગાવીને જ પૂરી કરવી પડે છે. ભારત ક્રૂડની મોટાપાયે આયાત કરે છે : ભારત ઈરાક, સાઉદી અરબ અને ઈરાન પાસેથી વધારે ક્રૂડ ખરીદતું હતું. તેમાં થોડા વર્ષો પહેલાં ફેરફાર કરવામાં આવ્યો હતો. ભારતે પોતાની આયાતના ક્રૂડમાંથી 30 ટકા જેટલું ક્રૂડ રશિયા પાસેથી ખરીદવાનું શરૂ કરી દીધું હતું. ડિસેમ્બર ૨૦૨૫માં તેમાં ઘટાડો જોવા મળ્યો હતો. ભારત અંદાજે ૪૦ જેટલા દેશો પાસેથી ક્રૂડ ખરીદે છે**

# ભારત વિશ્વના 40 દેશો પાસેથી ક્રૂડની આયાત કરે છે

## અમેરિકા પાસેથી ક્રૂડ લેવા મજબૂર થનાર ભારત પાસે ક્રૂડને સાચવવાની સુવિધા સારી : અઢી મહિના જેટલો જથ્થો સ્ટોર કરાયો છે




અમેરિકા સાથેના ટેરિફવોરમાં તાજેતરમાં જે નાટકિય વળાંક આવ્યો તેમાં એવું સામે આવ્યું કે, ભારત અમેરિકા પાસેથી અને તેના સુચન થકી અન્ય દેશો પાસેથી પણ ક્રૂડ ખરીદશે. આ ઉપરાંત રશિયા પાસેથી ખરીદવામાં આવતા ક્રૂડમાં ઘટાડો કરવામાં આવશે. આ અંગે સરકાર દ્વારા કોઈ સ્પષ્ટતા કરાઈ નથી પણ સરકારે એવી જાહેરાત કરી છે કે, ભારત પાસે પોતાની જરૂરિયાતનું પૂરતું ક્રૂડ છે. તે ઉપરાંત તેની સ્ટોરેજ ક્ષમતા પણ યોગ્ય દિવસ જેટલી છે. થોડા દિવસ પહેલાં જ કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપસિંહ પુરીએ જણાવ્યું હતું કે, ભારત પાસે ક્રૂડ સ્ટોરેજ ક્ષમતા ૭૫ દિવસ જેટલી છે. ત્યાં સુધી ભારતને કોઈ વાંધો આવે તેમ નથી. ઉલ્લેખનીય છે કે, ભારત દ્વારા એક દિવસમાં લગભગ ૫.૫ થી ૫.૬ મિલિયન બેરલ ક્રૂડનો ઉપયોગ કરવામાં આવે છે. તેનો સીધો અર્થ છે કે, ભારત પાસે ક્રૂડ સ્ટોરેજની ક્ષમતા ખૂબ જ વ્યાપક છે.

જાણકારોના મતે ભારતની ગણતરી એવા દેશોમાં થાય છે જેની પાસે આધુનિક પદ્ધતિથી મોટી જથ્થામાં ક્રૂડ સ્ટોર કરવાની સુવિધાઓ છે. તેમાંય છેલ્લાં એક દાયકામાં ભારતે ક્રૂડ ખરીદવાના અને સ્ટોર કરવાના માપદંડો અને પદ્ધતિઓમાં આમૂલ પરિવર્તન આણી દીધું છે.

ઉલ્લેખનીય છે કે, ક્રૂડના ઉપયોગ બાબતે ભારત દુનિયાનો ત્રીજા ક્રમનો દેશ છે. નવાઈની વાત એ છે કે, ભારત પોતાની દૈનિક જરૂરિયાતના ક્રૂડમાંથી માત્ર ૧૨થી ૧૩ ટકા જેટલા જ ક્રૂડનું ઉત્પાદન કરે છે. બાકીની તમામ જરૂરીયાતો તેણે વિદેશોથી ક્રૂડ મંગાવીને જ પૂરી કરવી પડે છે. ભારત ક્રૂડની મોટાપાયે આયાત કરે છે. ભારત દ્વારા ક્રૂડની જે આયાત કરવામાં આવે છે તેમાં પણ છેલ્લાં કેટલાક સમયમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. એક સમય હતો જ્યારે ભારતના ત્રણ મોટા આયાતકાર દેશો હતા. ભારત ઈરાક, સાઉદી અરબ અને ઈરાન પાસેથી વધારે ક્રૂડ ખરીદતું હતું. તેમાં થોડા વર્ષો પહેલાં ફેરફાર કરવામાં આવ્યો હતો. ભારતે પોતાની આયાતના ક્રૂડમાંથી ૩૦ ટકા જેટલું ક્રૂડ રશિયા પાસેથી ખરીદવાનું શરૂ કરી દીધું હતું. ડિસેમ્બર ૨૦૨૫માં તેમાં ઘટાડો જોવા મળ્યો હતો. ભારત અંદાજે ૪૦ જેટલા દેશો પાસેથી ક્રૂડ ખરીદે છે. ભારત હાલમાં પણ ક્રૂડ માટે અન્ય વિકલ્પોની તપાસ કરી રહ્યો છે.

મહત્ત્વની વાત એ છે કે, ભારત પહેલાં ૨૭ દેશો પાસેથી ક્રૂડની ખરીદી કરતો હતો. ધીમે ધીમે તેમાં વિકલ્પ વધવા લાગ્યા હતા. ભારત હાલમાં ૪૦ દેશો પાસેથી ક્રૂડની ખરીદી કરે છે. જાણકારોના મતે તાજેતરમાં ભારતે ફરી એક વખત પોતાની ક્રૂડ આયાત નીતિમાં વ્યાપક ફેરફાર કર્યો છે. છેલ્લાં કેટલાક વર્ષોમાં રશિયા ભારતનો સૌથી મોટો આયાતકાર દેશ હતો. છેલ્લાં કેટલાક મહિનાઓથી અમેરિકાના પ્રતિબંધો અને આંતરરાષ્ટ્રીય દબાણના કારણે રશિયા સાથેના ક્રૂડના વેપારમાં ચડાવ-ઉતાર આવ્યા છે. ભારતના આયાતકાર દેશમાં ઈરાક બીજા નંબરે છે. ત્યારબાદ સાઉદી ચોથા અને યુએઈ પાંચમા ક્રમે આવે છે. જાણકારોના મતે ભારતે હવે અમેરિકા પાસેથી પણ ક્રૂડ ખરીદવાની શરૂઆત કરી દીધી છે.

ભારતે હાલમાં નવા દેશો શોધવાની શરૂઆત કરી છે જેની પાસેથી જરૂરિયાત પ્રમાણે ક્રૂડ ખરીદી શકાય. ભારત વેનેઝુએલા પાસેથી વધારે પ્રમાણમાં ક્રૂડ ખરીદે તેવું બને. વેનેઝુએલા વધારે ક્રૂડ સપ્લાય પણ કરી શકે છે. બીજી તરફ ગુયાના ઉપર પણ ભારતે નજર દોડાવી છે. ગુયાના હાલમાં દુનિયાનો સૌથી ઝડપથી વિકસતો ક્રૂડ ઉત્પાદક દેશ છે. મહત્ત્વની વાત એ છે કે, ગુયાના દ્વારા ૨૦૨૬માં યોજાનારા ઓફશોર ઓઈલ બ્લોક્સની હરાજીમાં ભારતીય કંપનીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. આ બાબત એટલા માટે મહત્ત્વની છે કે, ભારત અહીંયા ક્રૂડ ખરીદવાની સાથે અહીંયા વધારે રોકાણ કરીને ક્રૂડના સારકારમાં પણ ભાગીદારી કરી શકે છે. તે પોતાની રીતે ક્રૂડનું ઉત્પાદન પણ કરી શકે છે. ભારત આ ઉપરાંત નાઈજિરિયા અને અંગોલા તથા અન્ય આફ્રિકન દેશો સાથે પણ વાટાઘાટ કરી રહ્યું છે. સુરીનામ અને નામીબિયા સાથે પણ ક્રૂડ અંગે ચર્ચા ચાલી રહી હોવાના અહેવાલો છે.

ભારતના વપરાશની વાત કરવામાં આવે તો અહીંયા ક્રૂડનો વપરાશ વ્યાપક રીતે થાય છે. તેના માટે તેને ખૂબ જ મોટા પ્રમાણમાં ક્રૂડની જરૂર પડતી હોવાથી તેના સ્ટોરેજ માટે પણ મોટા રિઝર્વ રાખવા પડે છે.

સૂત્રોના મતે ભારતમાં સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ હેઠળ ભૂમિગત ક્રૂડ ઓઈલ સ્ટોરેજની ક્ષમતા અંદાજે ૫.૩૩ મિલિયન મેટ્રિક ટન જેટલી છે. તેનો સીધો અર્થ એ થાય કે, ભારતને જો માત્ર એસપીઆરમાંથી ક્રૂડનો ઉપયોગ કરવામાં આવે તો તે ૯.૫ દિવસ સુધી પેટ્રોલ અને ડીઝલ કાઢી શકે છે. બીજી તરફ ક્રૂડનું સારકામ કરતી કંપનીઓ પાસે અને રિફાઈનરીઓ પાસે પણ પોતાના સ્ટોરેજ અને ટર્મિનલ્સ છે. જે લગભગ ૬૪.૫ દિવસ ચાલે તેટલા પેટ્રોલ અને ડીઝલના ભંડાર સાચવી શકે છે. સરેરાશ જોવા જઈએ તો ભારતના સરકારી અને ખાનગી સ્ટોરેજને ભેગા કરીએ તો ૭૫ દિવસ ચાલે તેટલો સ્ટોરેજ સ્ટોક છે. ભારતને જો વિદેશમાંથી ક્રૂડ મળતું બંધ થઈ જાય તો પણ હાલમાં અઢી મહિના સુધી ભારત પોતાનો બફર સ્ટોક વાપરી શકે છે.

ભારતમાં ક્રૂડ ખરીદવા માટે સરકાર અને ખાનગી કંપનીઓ દ્વારા ડિલિંગ કરવામાં આવે છે. તેમાં ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને રિલાયન્સનો સમાવેશ થાય છે. આ કંપનીઓ દ્વારા વૈશ્વિક ધોરણે ક્રૂડ ઉત્પાદન કરતા દેશો અને કંપનીઓ સાથે કરાર અને વેપાર કરવામાં આવે છે.

સામાન્ય રીતે ટેન્કરો દ્વારા દરિયાઈ માર્ગે ક્રૂડ સપ્લાય કરવામાં આવે છે. ભારતમાં મુંબઈ, જામનગર, વિશાખાપટ્ટનમ અને અન્ય કેટલાક બંદરો ઉપર આ ટેન્કરો આવતા હોય છે.

મોટાભાગે આંતરરાષ્ટ્રીય કિંમત પ્રમાણે ડોલરમાં જ તેની ચુકવણી થતી હોય છે. વૈશ્વિક ભાવમાં થતો ફેરફાર તેને મોટી અસર કરે છે. ભારત દ્વારા કેટલાક દેશો સાથે ભૂતકાળમાં રૂપિયામાં પણ આર્થિક વ્યવહાર કરવામાં આવ્યો હોવાની ચર્ચા છે.

ઉલ્લેખનીય છે કે, ભારત દ્વારા ક્રૂડ મંગાવીને તેના ઉપર પ્રોસેસ કરવામાં આવે છે. આ પ્રોસેસિંગ માટે ભારતમાં વૈશ્વિક સ્તરની રિફાઈનરીઓ છે. ક્રૂડ પ્રોસેસિંગની રિફાઈનરી મુદ્દે ભારત વિશ્વમાં ચોથા ક્રમે આવે છે. અમેરિકા, ચીન અને રશિયા બાદ ભારત પાસે વિશ્વની શ્રે રિફાઈનરીઓ છે. ભારત પાસે ૧૯ સરકારી, ૩ ખાનગી અને એક સંયુક્ત સાહસ ધરાવતી કુલ ૨૩ રિફાઈનરીઓ છે.

જામનગરમાં આવેલી રિલાયન્સની રિફાઈનરી દુનિયાની સૌથી મોટી રિફાઈનરી છે. અહીંયા આયાતી ક્રૂડમાંથી પેટ્રોલ, ડીઝલ, કેરોસિન, જેટ ફ્યુઅલ અને અન્ય પદાર્થોમાં વિભાજિત કરવામાં આવે છે.

ભારતના ક્રૂડની ખરીદી ઉપર નજર કરીએ તો મોટાભાગે અમેરિકા અને યુરોપના દેશો પાસેથી ક્રૂડ લેવાનું મોંઘુ પડે છે. અહીંયા ક્રૂડના ઉત્પાદન અને શિપિંગની કોસ્ટ ખૂબ જ વધારે આવે છે. ભારતને અમેરિકા પાસેથી ક્રૂડ ખરીદવામાં વધારે ડોલર ચુકવવા પડે છે જ્યારે તેની સામે ઈરાક, સાઉદી કે રશિયા પાસેથી ક્રૂડ ખરીદવામાં આવે તો ઘણા ઓછા ભાવમાં ક્રૂડ મળે છે.

ભારત દ્વારા કેટલાક દેશો સાથે ડોલરના બદલે રૂપિયામાં પણ વિનિમય કરવામાં આવે છે. રશિયા જોડે છેલ્લાં કેટલાક સમયથી ભારત રૂપિયામાં વિનિમય કરીને સસ્તું ક્રૂડ ખરીદતું જ હતું. તેના કારણે ભારતનો ક્રૂડ ખરીદવાનો સૌથી મોટો સોર્સ રશિયા હતું. ઉલ્લેખનીય છે કે, અલગ અલગ દેશો પાસેથી ક્રૂડ લેવામાં આવે છે અને તેમાં મોટાભાગે ક્રૂડની ગુણવત્તા અલગ અલગ હોય છે. જે ક્રૂડમાં સલ્ફરનું પ્રમાણ ઓછું તેને સારી ગુણવત્તા ધરાવતું ક્રૂડ કહેવામાં આવે છે. જેમાં સલ્ફર વધારે તેની ગુણવત્તા ઓછી માનવામાં આવે છે. ક્રૂડની આ ગુણવત્તા રિફાઈનિંગ પ્રોસેસ અને પ્રોડક્શન કિંમતને વ્યાપક સ્તરે અસર કરે છે.

ભારતમાં હાલમાં સરકારી અને ખાનગી ધોરણે ૭૫ દિવસના ક્રૂડનો સ્ટોરેજ છે પણ તેને વધારવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જાણકારોના મતે આ ક્ષમતા તબક્કાવાર વધારવામાં આવશે. હાલમાં ઓડિશાના ચાંદીખોલમાં એક નવું ક્રૂડ રિઝર્વ બનાવવાની યોજના ચાલી રહી છે. આ સિવાય અન્ય કેટલાક રાજ્યોમાં પણ ક્રૂડ રિઝર્વ સાઈટ નક્કી કરવામાં આવી છે અને ભવિષ્યમાં તેને ડેવલપ કરવામાં આવશે. ધીમે ધીમે ભારતનો ક્રૂડ રિઝર્વનો સ્ટોક ૯૦ દિવસ જેટલો પહોંચે ત્યાં સુધી સુવિધાઓ વધારાશે. હાલમાં ભારતમાં સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વના મુખ્ય ત્રણ ભંડાર છે જે મેંગ્લુરુ, વિશાખાપટ્ટનમ અને પાદૂર ઉડુપીમાં છે. મેંગ્લુરુમાં ૧.૫ મિલિયન મેટ્રિક ટનની ક્ષમતાનો ભંડાર છે.

પાદુર ઉડુપીમાં ૨.૫ મિલિયન મેટ્રિક ટન ક્રૂડની ક્ષમતા છે જ્યારે વિશાખાપટ્ટનમ ખાતે ૧.૩૩ મિલિયન મેટ્રિક ટન ક્રૂડની ક્ષમતાનો સ્ટોરેજ છે. જાણકારોના મતે જમીનની નીચે સોલ્ટ કેવર્નમાં આ ભંડાર સાચવવામાં આવે છે. જમીનની નીચે માઈનિંગ કરીને મીઠાના વિશાળ ખડકો અથવા તો લેયર્સ બનાવાય છે. તેની અંદર સોલ્યૂશન માઈનિંગ કરીને સ્ટોરેજ બનાવવામાં આવે છે. સોલ્ટ કેવર્નના કારણે લાંબા સમય સુધી ક્રૂડ ખરાબ થતું નથી. આ સિવાય જે ખાનગી કંપનીઓ છે તેમના દ્વારા પણ આધુનિક ટેકનોલોજીથી સજ્જ સ્ટોરેજ તૈયાર કરાયા છે જેમાં વ્યાપક જથ્થો રહેલો છે. મહત્ત્વની વાત એ છે કે, આંતરરાષ્ટ્રીય સ્તરે કોઈ સમસ્યા થાય અથવા તો સપ્લાયર દેશમાં યુદ્ધની સ્થિતિ કે અન્ય કટોકટી આવે ત્યારે ક્રૂડની આયાત અટકી જાય તેવું બને. તે ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડના ભાવમાં મોટો ઉછાળો આવે તો ત્યારે ખરીદી અટકાવવી પડે તેવું પણ બને. આ સંજોગોમાં ભારત પાસે પૂરતું ક્રૂડ હોવું જોઈએ જેથી દેશનો સપ્લાય અટકે નહીં. તેના કારણે જ આ સ્ટોરેજ વિકસાવાયા છે અને હજી વધારે વિકસાવવામાં આવશે.

# ભારતના યુએસ સાથેના વેપાર કરારઃ ખોદ્યો ડુંગર અને કાઢ્યો ઉંદર




છ ફેબુરઆરી ૨૦૨૬ના રોજ ભારત અને યુએસ સરકારે વેપાર સોદા બાબતે સંયુક્ત નિવેદન જાહેર કરવાને પગલે જાતજાતની અટકળો શરૂ થઇ હતી. ભારત સરકારની આ કરારની વિગતો આપવાનું ટાળવાનું વલણ પણ શંકાના વાદળોને દૂર કરવામાં સહાયરૂપ બન્યું નહોતું. બાજી ટ્રમ્પના હાથમાં હોઇ સંયુક્ત નિવેદન યુએસ માટે નહીં પણ ભારત માટે ચિંતાનું કારણ બન્યું છે.

જારી કરવામાં આવેલું આ સંયુક્ત નિવેદન છેતરપિંડી પર આધારિત છે. ૨૦૨૫માં ભારતીય વાટાઘાટકારોએ વારંવાર પુનરાવર્તન કરી જણાવ્યું હતું કે તેઓ બાઇલેટરલ ટ્રેડ એગ્રીમેન્ટ-બીટીએ-એટલે કે દ્વિ પક્ષી વેપાર કરાર માટે વાટાઘાટો કરી રહ્યા છે. વાણિજ્ય પ્રધાને અસંખ્યવાર જણાવ્યું હતું કે બીટીએ નજીકના ભવિષ્યમાં એટલે કે વર્ષ પુરૂ થાય એ પહેલાં જ કરી લેવામાં આવશે. પણ જેમ જણાયું છે તેમ સંયુક્ત નિવેદન એ બીટીએ નથી. તે વચગાળાના કરાર પણ નથી. તે વચગાળાના કરાર માટેનું ફ્રેમવર્ક છે. આપણે તો ખોદ્યો ડુંગર અને કાઢ્યો ઉંદર જેવો ઘાટ થયો છે.

સંયુક્ત નિવેદન જારી કરવામાં આવ્યા બાદ બંને પક્ષોએ દાવો કર્યો હતો કે આ સોદો પરસ્પર સમાન ધોરણે કરવામાં આવ્યો હતો. આ દાવો તો વાચકની બુદ્ધિનું અપમાન છે. સંયુક્ત નિવેદન પર ખાલી નજર ફેરવી જાવ તો પણ સમજાય કે વેપાર સોદો પરસ્પર સમાનતાના ધોરણે નથી. સંયુક્ત નિવેદનનો પાઠ બારીકાઇથી વાંચીએ. મેં તેમાંથી મોટાભાગે નકલ જ કરી છે:

યુએસના તમામ ઔદ્યોગિક સામાન અને અન્ન તથા કૃષિ પેદાશો પરથી ભારત ટેરિફ દૂર કરશે અથવા ઘટાડશે જ્યારે યુએસ ભારતમાંથી આવતાં ટેક્ષ્ટાઇલ અને વસ્ત્રો, ચામડું તથા પગરખાં, પ્લાસ્ટિક અને રબ્બર, કાર્બનિક રસાયણો, હોમ ડેકોર, હાથબનાવટની ચીજો અને ચોક્કસ મશીનરી પર પરસ્પર ધોરણે ૧૮ ટકા ટેરિફ લાગુ કરશે. જે ૨ એપ્રિલ ૨૦૨૫માં ૨૫ ટકા લાદ્યો હતો તે ઘટાડવામાં આવ્યો. યુએસ જેનેરિક ફાર્મા, જેમ્સ અને ડાયમંડ અને વિમાનના પૂર્જા સહિત ઘણાં સામાન પર પરસ્પર ધોરણે ટેરિફ વચગાળાના કરાર સફળતાપૂર્વક પુરાં થશે તો જ દૂર કરશે. ઝીરો પરસેન્ટ અને અઢાર ટકા..આમાં ક્યાં સમાનતા છે?

યુએસના મેડિકલ ઉપકરણોના વેપાર માટે અવરોધક આયાત પરવાના મેળવવાની પ્રક્રિયાને દૂર કરવા ભારત સંમત થાય છે. ભારત યુએસની અન્ન અને કૃષિ પેદાશોના વેપાર આડેના નોન ટેરિફ અવરોધોને દૂર કરવા પણ સંમત થાય છે. સામે પક્ષે યુએસ પર આવું કોઇ બંધન નથી. નોન ટેરિફ અવરોધો દૂર કરવામાં ભારત માટે બંધન અને યુએસ માટે કોઇ બંધન ન હોવામાં કઇ સમાનતા છે?

ભારત ૫૦૦ અબજ અમેરિકન ડોલર્સની યુએસ ઉર્જા પેદાશો, વિમાન તથા તેના પૂર્જા, કિંમતી ધાતુઓ, ટેકનોલોજી પ્રોડક્ટસ અને કોકિંગ કોલ આગામી પાંચ વર્ષ દરમ્યાન ખરીદવાનો ઇરાદો ધરાવે છે. બંને સરકારો ગ્રાફિક્સ પ્રોસેસ યુનિટસ-જીપીયુ અને ડેટા સેન્ટરમાં વપરાતાં અન્ય સામાનો સહિતની ટેકનોલોજી પ્રોડક્ટસનો વેપાર નોંધપાત્ર વધારશે. આ ફકરામાં જણાવેલાં તમામ ઉત્પાદનો અમેરિકન નિકાસ માલ છે, તેમાં કોઇ ભારતીય માલ નથી જે યુએસ ખરીદતાં માંગતું હોય. આમાં ક્યા સમાનતા છે?

સંયુકત નિવેદનની સાથે એક્ઝિક્યુટિવ આદેશમાં ટ્રમ્પે રશિયન ફેડરલ ઓઇલની પ્રત્યક્ષ કે પરોક્ષ આયાત અટકાવવા ભારતે લીધેલાં મહત્વના પગલાંનો ઉલ્લેખ કર્યો છે. ભારત દ્વારા એમ જણાવવામાં આવ્યું છે કે તે યુએસ ઉર્જા પેદાશો ખરીદશે અને ભારતનું યુએસ સાથેનું ફ્રેમવર્ક એગ્રીમેન્ટ સંરક્ષણ ક્ષેત્રે સહકારના ધોરણે વિસ્તારશે. આમ, ટ્રમ્પે ૬ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ લાદવામાં આવેલી એડવેલોરમ ડયુટિ પણ હટાવી દેવાનું નક્કી કરી લીધું છે. ભારત પાસેથી ત્રણ વચન લેવામાં આવ્યા છે અને યુએસે બદલામાં એકપણ વચન આપ્યું નથી. આમાં સમાનતા ક્યાં આવી?

જો ભારત રશિયન ફેડરેશન ઓઇલની પ્રત્યક્ષ કે પરોક્ષ આયાત ફરી શરૂ કરશે તો યુએસ સરકાર ભારતીય માલ પર ૨૫ ટકા પિનલ ટેરિફ ફરી લાદવા ઉપરાંત વધારાના પગલાં ભરવા વિચારણા કરશે. ૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ જે ફ્રેમવર્ક પર સંમતિ સાધવામાં આવી છે તે એક જ મુદ્દા રશિયન ઓઇલ પર ટકેલું છે. અમેરિકાની ધમકી અને ભારતની નાકલીટી વચ્ચે કઇ સમાનતા દેખાય છે?

બીજી એપ્રિલ ૨૦૨૫ પહેલાં ભારતીય માલસામાન પર યુએસ ટેરિફ એફએમએન દર ત્રણ ટકા હતો. દ્વિપક્ષી વેપારમાં ભારત વેપારી પુરાંત ધરાવતું હોઇ ટ્રમ્પે તેમની શંકાસ્પદ ઇમરજન્સી સત્તાઓનો ઉપયોગ કરી ૨૫ ટકા રેસિપ્રોકલ ટેરિફ લાદ્યા હતા જેને હવે ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યા છે. સંખ્યાબંધ દેશો પર લાદવામાં આવેલાં રેસિપ્રોકલ ટેરિફનો મુદ્દો યુએસની સુપ્રીમ કોર્ટમાં છે અને તેને ગેરબંધારણીય ઠરાવી રદ કરવામાં આવે તેવી શક્યતા છે. જો આમ બને તો ભારતે યુએસની સુપ્રીમ કોર્ટનો આભાર માનવાનો રહે,પ્રમુખ ટ્રમ્પનો નહીં. જેના પરિણામે બંને દેશો વેપાર મામલે અગાઉની મૂળ સ્થિતિમાં આવી જશે. પણ યુએસ કોઇ રાહત આપ્યા વિના ભારત પાસેથી ઘણી રાહતો પડાવી જશે. સમાનતાના મુદ્દે હાલ આટલું પૂરતું છે!

વેપાર નિષ્ણાત અજય શ્રીવાસ્તવે દર્શાવ્યું છે કે સ્ટીલ અને એલ્યુમિનિયમ પરના ટેરિફ ૫૦ ટકા અને ઓટો કોમ્પોનન્ટ્સ પરના ટેરિફ ૨૫ ટકા રહેશે. પણ ભારતે યુએસ ઔદ્યોગિક માલસામાન અને ઘણી કૃષિ પેદાશો, લાલ જુવાર,સોયાબિન ઓઇલ,વાઇન અને આલ્કોહોલ, ઓટોમોબાઇલ અને મોંઘી મોટરસાયકલ્સ પર ઘણું વધારે કન્સેશન આપ્યું છે.

પાંચ વર્ષમાં ભારત ૫૦૦ અબજ અમેરિકન ડોલર્સ ખર્ચી શું ખરીદશે તે એક કોયડો છે. આને કારણે ભારત યુએસ સાથે જે મામૂલી વેપાર પુરાંત ભોગવે છે તે સાફ થઇ જશે. યુએસ પાસે એવો માલસામાન ખૂબ ઓછો છે જે ભારતના અર્થતંત્રને વેગ આપે. આપણી પાસે મોટી સંખ્યામાં મોંઘાદાટ વિમાનો, લશ્કરી સરંજામ અને મોંઘું અમેરિકન ઓઇલ ખરીદવા સિવાય બીજો કોઇ વિકલ્પ રહ્યો નથી. ઉંચી પજતર ધરાવતાં મોંઘા અમેરિકન ઓઇલનું શું કરવું તે આપણે જાણતાં નથી.

# જે આકર્ષક અને સુંદર છે,તે હંમેશાં શ્રેષ્ઠ નથી હોતું,પરંતુ જે શ્રેષ્ઠ છે તે હંમેશાં સુંદર હશે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે ચિંતનાત્મક લેખમાં આપણે જોઈએ તો રોટલી ચાર પ્રકારની હોય છે જેમાં પહેલી, 'સૌથી સ્વાદિષ્ટ' રોટલી માતાના 'પ્રેમ' અને 'સ્નેહ' થી ભરેલી હોય છે. તે પેટ ભરે છે, પણ મનને ક્યારેય સંતોષતી નથી

એક મિત્રએ કહ્યું,'એ વાત બિલ કુલ સાચી છે, પણ લગ્ન પછી, તમને તમારી માતાની રોટલી ભાગ્યે જ મળે છે.'

તેણે ઉમેર્યું, 'હા, એ જ વાત છે. બીજી રોટલી પત્નીની હોય છે, જે પોતાનાપણું અને 'સમર્પણ' ની ભાવનાથી ભરેલી હોય છે, જે પેટ અને મન બંનેને સંતોષ આપે છે.'તું શું કહી રહ્યો છે, મિત્ર?મેં ક્યારેય તેના વિશે વિચાર્યું નથી.

તો પછી ત્રીજી રોટલી કોની છે?' એક મિત્રએ પૂછ્યું.

'ત્રીજી રોટલી પુત્રવધૂની છે,જે ફક્ત'ફરજ'ની ભાવનાથીભરેલી છે, જે થોડો સ્વાદ ઉમેરે છે, પેટ ભરે છે અને શરીરને વૃદ્ધાશ્રમની મુશ્કેલીઓથી બચાવે છે.'એક ક્ષણ મૌન હતું.'પણ આ ચોથી રોટલી શું છે?' મૌન તોડતા, એક મિત્રએ પૂછ્યું, 'ચોથી રોટલી નોકરાણી માટે છે.' તે ન તો પેટ ભરે છેકે ન તો મનને સંતોષઆપે છે અને સ્વાદની કોઈ ગેરંટી નથી 'તો,આપણે શું કરવું જોઈએ, મિત્ર?હંમેશા તમારી માતાની પૂજા કરો તમારી પત્નીને તમારી શ્રેષ્ઠ મિત્ર બનાવીને જીવનજીવો તમારી પુત્રવધૂને તમારી પુત્રી માનો અને નાની ભૂલોને અવ ગણો.જો તમારી પુત્રવધૂ ખુશ હશે,તો તમારો પુત્ર પણ તમારી સંભાળ રાખશે.જો સંજોગો તમને ચોથી રોટલી પર લાવે છે,તો ભગવાનનો આભાર માનો કે તેણે તમને જીવંત રાખ્યા છે, હવે સ્વાદ પર ધ્યાન ન આપો, ફક્ત જીવવા માટે ખૂબ ઓછું ખાઓ જેથીbતમે તમારા વૃદ્ધાવ સ્થાને આરામથી પસાર કરી શકો,અને વિચારો કે આપણે ખરેખર કેટલા ભાગ્ય શાળી છીએ..!

આત્મા પરમાત્માનો અંશ છેતેથી આત્માનું બંધન કાલ્પનિક છે. આત્માને બંધન છે જ નહીં. કેટલાક આત્મા-પરમાત્માને એક માને છે.કેટલાક આત્માને પરમાત્માનો અંશ માને છે. તેઓ અંશઅંશી ભાવમાં માને છે. ગીતામાં ભગવાને કહ્યું છે કે, જીવલોકમાં મારો જ અંશ છે, એટલે કે જીવ ઈશ્વરનો અંશ છે. આ વિશે શંકર સ્વામી કહે છે કે, જીવ ઈશ્વરના અંશ જેવો છે, પણ અંશ નથી. જીવ ઈશ્વરનો અંશ ન હોઈ શકે, કારણ કે ઈશ્વરના ટુકડા થઈ શકે નહીં, પરંતુ આત્મા અને પરમાત્મા એક જ છે. ઘડામાંનું આકાશ કે વ્યાપક આકાશ-મહાકાશ એક જ છે, પરંતુ ઘડાની ઉપાધિ છે તેથી અંશાઅંશી ભાવ ભાસે છે. તેવી રીતે જીવ અને પરમાત્મામાં ભેદ નથી. એક મણ ખાંડમાંથી એક તોલો ખાંડ લો તો તે એક મણ ખાંડ નહીં રહે.ગુલાબના ફૂલમાંથી કોઈ એક પાંખડી લઈ લો તો તેના સ્વરૂપનો ભંગ થશે, તે અખંડ ફૂલ નહીં કહેવાય. તે જ પ્રમાણે જીવ જુદો અંશ હોય તો અંશી ઈશ્વર અખંડ રહે નહીં, પણ ઈશ્વર તો નિત્ય છે,અખંડછે તેના ટુકડા થઈ શકે નહીં.આમ તત્ત્વ દૃષ્ટિથી જીવ ઈશ્વરનો અંશ છે એ બરાબર નથી.પણ ઉપાસનામાં અંશઅંશીનો ભેદ છે વ્યવહારમાં અંશઅંશીનો ભેદ છે બિંદુઓનો સાગર છે, પણ બિંદુ એ સાગર નથી.

રામાનુજાચાર્ય વગેરે આચાર્યો માને છે કે, આત્મા અંશ છે અને પરમાત્મા અંશી છે.બીજા આચાર્યો વળી કહે છે કે, જીવ બદ્ધ દશામાં ઈશ્વરનો અંશ છે અને મુક્ત દશામાં અંશી છે. આમ અંશઅંશીના ભેદમાં તેઓ માને છે પણ તેઓ અંશઅંશીને એક જ સમજે છે.વલ્લભાચાર્ય જી વગેરે વૈષ્ણવઆચાર્યો કહે છે કે, જીવ અંશ જેવો નહીં,પણ અંશ જ જીવ છે એમ માનો. ઈશ્વર અંશી છે. જીવ-અંશ એ ઈશ્વરસાગર જેવો છે.સિંધુમાંથી એક બિંદુ પાણી બહાર કાઢો તો સિંધુના સ્વરૂપનો ભંગ થશે નહીં. ઈશ્વર સિંધુ જેવો છે. જીવ બિંદુ જેવો છે.જીવ ઈશ્વરનો અંશ છે.

ભક્ત પહેલાં દ્વૈતનો નાશ કરે છે અને અદ્વૈતને પ્રાપ્ત કરે છે. ત્યારબાદ ઈશ્વરની સેવા કરવા ભક્ત કાલ્પનિક દ્વૈત રાખે છે.

આ બંને સિદ્ધાંતો સત્ય છે.ખંડન મંડનની ભાંજગડમાં સાધકે પડવાની જરૂર નથી.

માયાને સત્ કે અસત્ કંઈ પણ કહી શકાય નહીં.સ્વપ્નામાંથી જાગ્યા ન હોઇએ ત્યાં સુધી સ્વપ્ન સત્ય જેવું લાગે છે. સ્વપ્ન માંથી જાગ્યા એટલે સ્વપ્ન અસત્ય લાગે છે.માયામાંથી પણ ન જાગો ત્યાં સુધી તે સત્ય જેવી લાગે છે અને જાગો એટલે અસત્ય લાગે છે.જીવાત્માને બંધન થઈ શકતુંનથી તે તો મુક્ત જ છે.મનને બંધન છે. મનના બંધનથી, અજ્ઞાનથી આત્મા કલ્પે છે કે મને પણ બંધન થયું છે. આત્મા એ મનનો સાક્ષી છે,દૃષ્ટા છે. મનમાં સ્વતંત્ર સત્તા નથી.એ આત્માની સત્તા લઈ કામ કરે છે.મનસ્વતંત્ર નથી.મન નપુંસક છે.મન વિષયો માં ફસાય છે અને સુખદુઃખ મન ને થાય છે તે આરોપ આત્મા પોતાનામાં કરે છે.આ ઉપર તુલસીદાસજીએ વાંદરાનું દૃષ્ટાંત આપ્યું છે.વાનરોને પકડવા પારધીઓ યુક્તિ કરે છે. તેઓ ચણાવાળી હાંડલીઓ વનમાં મૂકી રાખે છે અને પોતે સંતાઈ રહે છે. ઝટઝટ ચણા લેવાના લોભે વાનર બંને હાંડલીમાં નાંખે છે અને ચણાની મૂઠીઓ ભરે છે.પછી હાથ બહાર કાઢવા જાય છે, પણ હાંડલીના સાંકડા મોંમાંથી મૂઠી નીકળી શકતી નથી એટલે વાનરોને લાગે છે કે, તેના હાથ કોઈ ભૂતે અંદરથી પકડયા છે, પણ વાસ્તવમાં તેમના હાથ કોઈ ભૂતે પકડેલા નથી.ચણા હાથમાં થી છોડી દે તો તરત હાથ બહાર નીકળે.તેવી જ રીતે સંસારહાંડલી છે.સંસારનાવિષયો એ ચણા છે અને મનએ મર્કટ છે એ મન અહંતા-મમતારૂપીમૂઠીમાં વિષયોને પકડી રાખે છે,તેથી પોતે બંધનમાં આવે છે,પણ આત્મા માને છેકે મને બંધન થયું.

માયાએ સંસારરૂપી હાંડલીમાં વિષયોરૂપી ચણા ભર્યા છે. તું સમજીને આ વિષયો-ચણાને ફેંકી દે એટલે તું છુટો જ છે. કેટલાક વૃદ્ધો કહે છે કે, હવે આ છોકરીનાં લગ્ન થઈ જાય કે હું છૂટો.પણ છોકરીની છોકરી પરણી તો પણ ઘર છોડતા નથી. કહે છે કે હું તો તૈયાર છું પણ આ છોકરા ના પાડે છે. છોકરા વિચાર છે કે, ડોસો વૃંદાવન જશે તો પેન્શનના રૂપિયા ત્યાં સાધુ પાછળ વાપરી નાખશે અને ડોસો ઘરમાં રહેશે તો પેન્શનના પૈસા ઘરમાં વપરાશે.કોઈ વખત બજારમાં શાકભાજી પણ આવશે બાબા બેબીને રમાડશે. રાત્રે અમારે ફરવા જવું હશે તો ઘર સાચવશે.ખરી વાતએ છે કે ડોસાને ઘર છોડવું નથી એટલે છોકરાં જવા દેતાં નથી એમ કહે છે. બસ આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# વડોદરામાં બાઈકચાલકે ઉડાવતા 5 વર્ષના બાળકનું મોત

## એકના એક દીકરાના મોતથી માતા અજાણ, આગલા દિવસે સ્કૂલના એન્યુઅલ ફંકશનમાં નાચતો-કૂદતો બાળક કાળનો કોળિયો બન્યો

**વડોદરા, તા.16**

વડોદરા શહેરના સુસેન સર્કલ પાસે રોડ ક્રોસ કરી રહેલા માતા પુત્ર સહિત 3 લોકોને બાઈક પર સવાર 3 લોકોએ અડફેટે લીધા હતા. જેમાં 5 વર્ષના બાળકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે 2 મહિલાઓને ગંભીર હાલતમાં સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી.

માતાને તો ખબર પણ નથી કે, તેનો 5 વર્ષનો દીકરો હવે આ દુનિયામાં રહ્યો નથી. માતા દીકરાને મળવા માટે જીદ લઈને બેઠી છે, પરંતુ આ મિલન હવે શક્ય નથી. આ મામલે માંજલપુર પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

અકસ્માતમાં આગળના દિવસે જ 5 વર્ષના ધર્વની સ્કૂલ કિડઝીમાં એન્યુઅલ ફંકશન હતું. જેમાં ધર્વએ પાર્ટિસિપેટ કર્યું હતું. જેના વિડીયો પણ સામે આવ્યા છે. જેમાં ધર્વ ખુશખુશાલ જોવા મળે છે અને નાચતો કૂદતો જોવા મળી રહ્યો છે અને બીજા જ દિવસે તે અકસ્માતમાં મૃત્યુ પામે છે. પુત્ર ધર્વ અને માતા જુહી બંને એકલા રહેતા હતા. જેથી માતા હવે એકલી પડી ગઈ છે. જુહીના ડિવોર્સ થયા હતા. જુહીના પિતા પણ એકલા જ રહે છે, કારણકે જુહીના માતા પણ મૃત્યુ પામી છે. બાઈક પર સવાર 3 પૈકી પાછળ બેઠેલ એક શખ્સ ઈજાગ્રસ્ત થતા તને સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. ત્યારબાદ તેને રજા આપવામાં આવી હતી. જ્યારે અન્ય 2 શખ્સ ઘટના સ્થળેથી જ ભાગી છૂટ્યા હતા.

બંને મહિલાઓ સાથે કામ કરતા યુવક રિતેશ વાઘેલાએ જણાવ્યું હતું કે, આ ઘટના ગઈકાલે રવિવારે સાંજે લગભગ 5 વાગ્યાની આસપાસ બની હતી. સુસેન સર્કલ પાસે આવેલી સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી બે મહિલાઓ અને એક નાનું બાળક રસ્તો ક્રોસ કરી રહ્યા હતા. તેઓ સામેની બાજુ આવેલા ફૂડ સ્ટોલ પર નાસ્તો કરવા જઈ રહ્યા હતા. તે દરમિયાન એક ફૂલ સ્પીડમાં આવેલી બાઈકે તેમને અડફેટે લીધા અને ત્રણેય જણા નીચે પડી ગયા હતા. અકસ્માતમાં બે મહિલાઓને ગંભીર ઈજાઓ થઈ છે. તેમના પગમાં ફ્રેક્ચર થયું છે




અને પાંસળીઓ પણ તૂટી ગઈ છે. હાલ તેઓ SSG હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. સૌથી દુઃખદ વાત એ છે કે, 5 વર્ષના બાળકનું આ અકસ્માતમાં મૃત્યુ થયું છે. હાલ તેનો મૃતદેહ પોસ્ટ મોર્ટમ રૂમમાં રાખવામાં આવ્યો છે.

તેઓએ કહ્યું કે, બાઈક પર સવાર ત્રણ લોકોમાંથી અમે એક વ્યક્તિને પકડીને એમ્બ્યુલન્સમાં સાથે લાવ્યા હતા. તેને પણ થોડી ઈજાઓ થઈ હતી, પરંતુ સારવાર બાદ તેને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી. ત્યારબાદ અમે 112 પર કોલ કરીને તેને માંજલપુર પોલીસને સોંપ્યો છે. બાકીના બે લોકો વિશે હજુ કોઈ માહિતી મળી નથી.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આજુબાજુના લોકોના જણાવ્યા મુજબ બાઈકની સ્પીડ ખૂબ જ વધારે હતી. પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ પણ ચેક કરવામાં આવી રહ્યા છે જેનાથી વધુ સ્પષ્ટતા થશે. બંને મહિલાઓ અમારી ઓફિસમાં જ કામ કરે છે. તેમના નામ જુહી શર્મા અને સૈયર અફઝલ છે. જ્યારે મૃતક બાળકનું નામ ધર્વ હતું.

મૃતક બાળકના નાના રાજેશભાઈ વાળંદે જણાવ્યું હતું કે, હું તે સમયે બહાર જતો હતો ત્યારે મને ફોન આવ્યો કે, ધર્વનો અકસ્માત થયો છે. મેં તરત જ જુહી સાથે વાત કરવાની કોશિશ કરી, પણ તેની સાથે વાત ન થઈ શકી. કારણ કે તેને પણ ખૂબ જ ગંભીર ઈજાઓ પહોંચી હતી. હું તાત્કાલિક પંડ્યા બ્રિજ ઉતરીને ઘટનાસ્થળે પહોંચ્યો હતો. મારી દીકરીઓ અને પાંચ વર્ષનો પૌત્ર રસ્તો ક્રોસ કરી રહ્યા હતા. ત્યારે એક બાઈક પર સવાર ત્રણ લોકો ખૂબ જ ફૂલ સ્પીડમાં આવ્યા અને ત્રણેયને જોરદાર ટક્કર મારી હતી. તેમાંથી બે જણા તો તરત જ ભાગી ગયા હતા, પણ એક પકડાઈ ગયો હતો.

મારો પાંચ વર્ષનો પૌત્ર ધર્વ જે સીનિયર KG માં ભણતો હતો, તે આ અકસ્માતમાં મૃત્યુ પામ્યો છે. હવે તે અમારી વચ્ચે નથી રહ્યો. મારી દીકરી માંજલપુર વિસ્તારમાં રહે છે અને ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તે નશામાં જ હતો. તેને કશું જ ભાન નહોતું. મેં તેને પકડી રાખ્યો હતો અને પોલીસને બોલાવી હતી. પોલીસ આવ્યા બાદ તેને ગાડીમાં બેસાડીને લઈ ગયા હતા.આવા લોકો પર કડક પ્રતિબંધ હોવો જોઈએ. તેઓ દારૂ ક્યાંથી લાવે છે અને પીને આ રીતે બેફામ ગાડીઓ ચલાવી નિર્દોષોના જીવ લે છે, તેમના પર સખત કાર્યવાહી થવી જોઈએ.

તેઓએ કહ્યું હતું કે, મારા પરિવારમાં હવે માત્ર હું અને મારી દીકરી જ છીએ. મારી પત્ની પણ હયાત નથી. મારો પૌત્ર જ મારો સહારો હતો, જે હવે જતો રહ્યો છે. મારી દીકરી એમ કહે છે કે મારા છોકરાનો ફોટો પાડીને મોબાઈલમાં બતાવો. મેં એને કહ્યું કે અહીં મોબાઈલ એલાઉડ નથી, એટલે ફોટો નથી પાડી શકાય તેમ. તો એ કહે છે કે, 'એવું ન હોય, મારો છોકરો છે, મને કેમ ન બતાવો?' એ સતત તેના દીકરા વિશે જ પૂછ્યા કરે છે. તે દર વખતે એમ જ પૂછે છે કે, 'મારો દીકરો ક્યાં છે? એને કેટલું વાગ્યું છે?' બસ એને એના બાળકની જ ચિંતા છે. અમે એને સાચું નથી કહ્યું. અમે એને એમ જ કહીએ છીએ કે, 'થોડુંક વાગ્યું છે,' પણ સત્ય જણાવવાની હિંમત અમારામાં નથી.

## 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય' યોજનાના લાભાર્થીઓને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા ઘરબેઠાં સહાય મળશે

**ગાંધીનગર, તા.16**

રાજ્ય સરકાર દ્વારા વિધવા મહિલાઓને આત્મનિર્ભર બનાવવા હેતુ અમલી 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના' હેઠળ હવે સહાયની રકમ સીધી ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (IPPB)ના ખાતામાં જમા કરવામાં આવશે. આ નવી વ્યવસ્થાથી લાભાર્થીઓને આધાર આધારિત ડી.બી.ટી (DBT) દ્વારા નાણાં સીધા ખાતામાં જમા થશે. પોસ્ટમેન દ્વારા ઘરબેઠાં જ આ રોકડ ઉપાડવાની સુવિધા પણ પ્રાપ્ત થશે. આ સુવિધાથી ગંગા સ્વરૂપા બહેનોને આર્થિક વ્યવહારોમાં વધુ સરળતા અને સુરક્ષા પ્રાપ્ત થશે. પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે વધુ વિગતો આપતા કહ્યું કે, ઉત્તર ગુજરાતમાં આશરે ૧.૪૭ લાખથી વધુ લાભાર્થીઓ હાલ પોસ્ટ ઓફિસના ખાતાઓ દ્વારા આર્થિક સહાય મેળવી રહ્યા છે. આ તમામ લાભાર્થીઓને આધુનિક બેંકિંગ સુવિધા સાથે જોડવા માટે અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લાઓમાં તા. ૧૪ થી ૨૦ ફેબ્રુઆરી,૨૦૨૬ સુધી વિશેષ અભિયાન ચલાવીને નવા IPPB ખાતાઓ ખોલવામાં આવશે. શ્રી યાદવે વધુમાં જણાવ્યું કે, આ IPPB ખાતું શૂન્ય બેલેન્સથી ખોલી શકાશે. પોસ્ટમેન કે ગ્રામીણ ડાક સેવક વિનંતી પર ઘરે આવીને ખાતું પણ ખોલી આપશે અને નાણાં પણ ચૂકવશે. લાભાર્થીઓએ પૈસા ઉપાડવા માટે બેંક કે પોસ્ટ ઓફિસ જવાની જરૂર રહેશે નહી. જે લાભાર્થીઓ પાસે પહેલેથી IPPB ખાતું છે, તેમણે માત્ર આધાર સીડિંગ કરાવવાનું રહેશે. IPPB ખાતું પહેલેથી જ ઉપલબ્ધ પોસ્ટ ઓફીસ બચત ખાતા સાથે લીંક કરી શકાશે, જેથી પોસ્ટ ઓફીસ બચત ખાતા અને IPPB બન્નેના લાભ એક સાથે મેળવી શકાય. આ ખાતું ખોલાવવા માટે આધાર કાર્ડ, આધાર સાથે લિંક થયેલ મોબાઈલ નંબર અને જૂના બચત ખાતાની પાસબુક અનિવાર્ય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગાંધીનગરમાં અંદાજે ૧૮,૧૫૫ લાભાર્થીઓ પોસ્ટ ઓફીસ ખાતા મારફતે આ સેવાનો લાભ લઈ રહ્યા છે. જો કોઈ લાભાર્થીને ખાતું ખોલવામાં મુશ્કેલી જણાય, તો તેઓ નજીકની પોસ્ટ ઓફીસનો અથવા હેલ્પલાઈન નંબર ૯૨૧૮૩૦૨૧૪૩, ૯૯૭૮૬૭૫૭૫૩, ૯૨૧૮૩૦૨૧૩૨ પર સંપર્ક કરી શકે છે.

## જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, નડીઆદ દ્વારા "તા.14/03/2026 નાં રોજ નેશનલ લોક અદાલત યોજાશે

**ગાંધીનગર, તા.16**

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, સુપ્રિમ કોર્ટ, દિલ્હી દ્વારા લોક અદાલતના નિર્ધારિત વાર્ષિક કાર્યક્રમ મુજબ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદનાં આદેશાનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, નડીઆદનાં ચેરમેન અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી. એન એ. અંજારીઆના નેતૃત્વ તથા માર્ગદર્શન હેઠળ આગામી તા.૧૪/૦૩/૨૦૨૬ શનિવારના રોજ જિલ્લા ન્યાયાલય, નડીઆદ મુકામે આવેલ કોર્ટો સહિત ખેડા જીલ્લાના તમામ તાલુકા મથકે કાર્યરત તાલુકા કોર્ટો ખાતે નેશનલ લોક અદાલત યોજાશે.

આ નેશનલ લોક અદાલતમાં મોટર વાહન અકસ્માત વળતરના કેસો, સમાધાનલાયક ફોજદારી કેસો, દીવાની દાવાઓ, કામદારના વળતરનાં કેસો, જમીન સંપાદન વળતરનાં કેસો, ગ્રાહક સેવા તકરારની બાબતોના કેસો, વીજ કંપનીના કેસો, મોબાઈલ કંપની સાથે વિવાદના કેસો, મની સ્યુટ, બેંકના લેણા કેસો, દરખાસ્તના કેસો, NI ACT 138(નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૩૮ નાં ચેક રિટર્નના કેસો), લગ્ન સંબંધિત તકરારો જેમ કે છૂટાછેડા, ખાધા-ખોરાકીને લગતા કેસો તથા બેંકના લોન (એન.પી.એ.) ખાતાઓની રિકવરી માટેનાં પ્રીલીટીગેશન કેસો સહિતના તમામ એવા કેસો કે જેમાં કબુલાત કે સમાધાન રાહે કેસોનો નિકાલ કરી શકાય તેવા કેસો હાથ ધરવામાં આવશે.

આ તા.૧૪/૦૩/૨૦૨૬ નાં રોજની નેશનલ લોક અદાલતમાં વધુમાં વધુ કેસોનો સમાધાન રાહે નિકાલ કરી શકાય તેવા ઉમદા હેતુસર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય નડીઆદના ફુલ ટાઈમ સેક્રેટરી શ્રી. ડી બી. જોષીએ લોક અદાલતના લાભો વિષે માહિતી આપતાં જણાવ્યું હતું કે લોક અદાલત સમાજ માટે તકરાર નિવારણનો સુવર્ણ માર્ગ છે, લોક અદાલતમાં કેસનો નિકાલ થવાથી બંને પક્ષકારોને ઘરે દીવો પ્રગટે છે, લોક અદાલતમાં કેસોનો નિકાલ-ચુકાદો આખરી હોઈ અપીલની જોગવાઈ હોતી નથી, કોર્ટ ફીની રકમ પુરેપુરી રીફંડ પરત મળવાપાત્ર છે તથા અન્ય કોઈ ખર્ચ થતો નથી, જેથી જે અરજદારો, પક્ષકારો, વકીલશ્રીઓ, વીમા કંપનીઓ, બેંકો, નાણાંકીય સંસ્થાઓ, વીજ કંપની તથા મોબાઈલ કંપનીઓ વિગેરે આ લોક અદાલતમાં ભાગ લેવા માંગતા હોય તેઓએ તેમની સંપૂર્ણ વિગતો સાથે જિલ્લા કક્ષાએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય નડીઆદ ખાતે તથા તાલુકા કક્ષાએ જે તે સંબંધિત નામદાર કોર્ટમાં તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરવા અપીલ કરી હતી જેથી વધુમાં વધુ કેસોનો સમાધાન રાહે નિકાલ કરીને લોક અદાલતના હેતુને ખરા અર્થમાં સાર્થક કરી શકાય.

# વેરા વસુલાતનો લક્ષ્યાંક પૂરો કરવા દોડધામ: રાજકોટમાં વેરા વિભાગે 200 મિલકતો સીલ કરી, 11 કરોડ વસૂલ્યા

**રાજકોટ, તા.16**

રાજકોટ મહાનગરપાલિકાનું ચાલુ નાણાકીય વર્ષ પૂર્ણ થવાને ગણતરીના દિવસો બાકી છે. ત્યારે વેરા વિભાગ દ્વારા બાકી વેરો વસૂલવાનો લક્ષ્યાંક પૂરો કરવા માટે હાલ કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. 1 ફેબ્રુઆરીથી શરૂ થયેલી આ ઝુંબેશ અંતર્ગત વેરા વિભાગે 16 દિવસમાં 200 મિલકતોને સીલ કરી રૂ. 11.13 કરોડની વસૂલાત કરી છે. બીજીતરફ ગત 11 ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવેલી વ્યાજ માફી યોજનાને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જેને લઈને માત્ર 5 દિવસ જેટલા ટૂંકા ગાળામાં મનપા તંત્રને કુલ રૂ. 5.94 કરોડની જંગી આવક થઈ છે.

હાલ મનપાની કંગાળ આર્થિક સ્થિતિ વચ્ચે આ યોજના જાણે જીવાદોરી સમાન સાબિત થઈ રહી છે. 31 માર્ચ સુધી ચાલનારી આ યોજના હેઠળ મનપાને રૂ. 50 કરોડ કરતા વધુ આવક થવાની શક્યતા છે. મનપાનાં વેરા વિભાગના મેનેજર વત્સલ પટેલે આ અંગે જણાવ્યું હતું કે, વેરા વસૂલાત માટેની કડક ઝુંબેશ શરૂ કરવામાં આવતા તેના પરિણામો જોવા મળી રહ્યા છે. 1 ફેબ્રુઆરીથી 16 ફેબ્રુઆરી સુધીના સમયગાળામાં




મનપા દ્વારા કુલ 11.13 કરોડની માતબર વેરા વસૂલાત કરવામાં આવી છે. કામગીરી દરમિયાન શહેરના વિવિધ ઝોનમાં વેરો ન ભરતા આસામીઓ વિરૂદ્ધ કડક પગલાં લેવામાં આવ્યા છે, જેમાં અંદાજિત 200 જેટલી મિલકતોને સીલ મારી દેવામાં આવ્યા છે. ઉપરાંત 1800 જેટલા મિલકતદારોને જપ્તીની નોટિસ ફટકારવામાં આવી છે.

મનપાની આ ઝુંબેશને કારણે ઘણા મિલકત ધારકોએ સ્થળ પર જ વેરાની ચૂકવણી કરી હતી. વેરા વિભાગ દ્વારા કુલ 33 લાખની રકમના પોસ્ટ ડેટેડ ચેક પણ વસૂલવામાં આવ્યા છે. તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જે આસામીઓ લાંબા સમયથી વેરો ભરપાઈ કરવામાં આનાકાની કરી રહ્યા છે, તેમની સામે આગામી દિવસોમાં પણ સીલિંગ અને જપ્તીની કાર્યવાહી વધુ વેગવંતિ બનાવવામાં આવશે. ખાસ કરીને કોમર્શિયલ મિલકતો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તાજેતરમાં બજેટમાં જાહેર કરવામાં આવેલી વ્યાજ માફી યોજનાનો પણ શહેરીજનો મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે. આ યોજના અંતર્ગત 11 ફેબ્રુઆરીથી 16 ફેબ્રુઆરી સુધીના માત્ર 5 દિવસના ટૂંકા ગાળામાં કુલ 2863 કરદાતાઓએ પોતાના વેરાની રકમ ભરપાઈ કરી છે. જેના દ્વારા મનપાની તિજોરીમાં રૂ. 5.94 કરોડની આવક થઈ છે. અત્યાર સુધીમાં આ યોજના હેઠળ કરદાતાઓને કુલ 68.12 લાખની વ્યાજ માફીનો લાભ આપવામાં આવ્યો છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દાયકા બાદ અમલી બનેલી રૂ. 5000 સુધીની વ્યાજમાફી યોજના વિવાદમાં સપડાઈ છે. ખાસ કરીને જે નાના મિલકતધારકોએ અગાઉથી હપ્તા પદ્ધતિ દ્વારા વેરો ભરવાનું શરૂ કર્યું હતું, તેમને આ વ્યાજમાફીનો લાભ ન મળતા ભારે કચવાટ જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે અરજદારે કાં તો હપ્તા પદ્ધતિ પસંદ કરવી પડશે અથવા વ્યાજમાફી માટે એકસાથે પૂરી રકમ ભરવી પડશે. આ શરતને કારણે મધ્યમ વર્ગના કરદાતાઓ મુશ્કેલીમાં મુકાયા છે. જોકે આ યોજનામાં વ્યાજમાફીની મર્યાદા નક્કી કરવામાં આવી હોવાથી મોટા બાકીદારો હજુ પણ વેરો ભરવા તૈયાર નથી. 2016 પછી મળેલી આ રાહત છતાં, મોટા લેણાંની વસૂલાત સામે પ્રશ્નાર્થ યથાવત છે. હાલ કોર્પોરેશન દ્વારા સીલિંગ ઝુંબેશ અને કડક રિકવરી ચાલુ છે, પરંતુ વ્યાજમાફી અને હપ્તા યોજના વચ્ચેના તાલમેલના અભાવે નાના કરદાતાઓ બંને યોજનાનો સંયુક્ત લાભ આપવાની માંગ કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, હાલ વ્યાજ માફી યોજનાને કારણે કરદાતાઓમાં વેરો ભરવાનો ઉત્સાહ વધ્યો છે. સાથે જ તેનાથી મનપાની આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. જોકે આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય નાના અને મધ્યમ વર્ગના કરદાતાઓને રાહત આપવાનો અને જૂના બાકી લેણાં વસૂલવાનો છે. છતાં શહેરના ત્રણેય ઝોન ઈસ્ટ, વેસ્ટ અને સેન્ટ્રલ ઝોનમાં વેરા વિભાગની ટીમો સતત કાર્યરત છે.

આગામી માર્ચ મહિનાના અંત સુધીમાં મનપા મહત્તમ વેરા વસૂલાતનો લક્ષ્યાંક પૂરો કરવા માગે છે. જે અંતર્ગત જે કરદાતાઓ હજુ પણ બાકી વેરો ધરાવે છે, તેને વ્યાજ માફી યોજનાનો લાભ લઈ ત્વરિત વેરો ભરી કાયદેસરની જપ્તીની કાર્યવાહીથી બચવા અપીલ કરાઈ રહી છે. જોકે સરકારી મિલકતોનો બાકી વેરો વસૂલવાની કોઈ નક્કર કાર્યવાહી હજુપણ તંત્ર દ્વારા કરવામાં આવી નથી. માત્ર નાના બકીદારો સામે ધોકો પછાડીને વસૂલાત કરાઈ રહી છે.

# સુરત મોડલ આત્મહત્યા કેસમાં ઘટસ્ફોટ

## પ્રેમી ને લિવ-ઇન પાર્ટનર ઘરમાં ગોંધીં ડામ આપી માર મારતા, બન્નેએ સાથે કોન્ફરન્સ કોલ કરી અપશબ્દો કહ્યાં ને ગળાફાંસો ખાધો

**સુરત, તા.16**

સુરતમાં સારોલીના કુંભારીયાની સારથી રેસિડન્સીમાં મોડલ સુખપ્રીત કૌરના આત્મહત્યા કેસમાં પ્રેમી અનુરાગ ઉર્ફે અંજનીકુમાર શ્રવણ કુમાર જયસ્વાલની ધરપકડ કરવામાં આવી છે. આરોપી મધ્યપ્રદેશની કોલેજમાં બિફાર્મનો અભ્યાસ કરે છે. સુખપ્રીત કૌર સાથે સુરતમાં લિવ ઇનમાં રહેતા યુવક સાથે મળી સુખપ્રિત કૌર પર અત્યાચાર ગુજારતો હતો. મરતા પહેલા પણ કોન્ફરન્સ કોલમાં સુખપ્રિતની સાથે વાત થઈ હતી જેમાં પણ અનુરાગે અપશબ્દો કહેતા માઠું લાગી આવતા આપઘાત કરી લીધો હતો.

ઉલ્લેખનીય છે કે, લિવ ઇન પાર્ટનર મહેન્દ્ર રાજપૂતના અમાનુષી અત્યાચાર અને બ્લેકમેઈલિંગથી કંટાળી મોડલને આપઘાત કરવા મજબૂર બની હોવાનું 18 સપ્ટેમ્બર, 2025ના સામે આવ્યું હતું. સંબંધ તોડી નાખવા બદલ આરોપી મહેન્દ્રએ મોડલને ઘરમાં ગોંધી રાખી મારઝૂડ કરી હાથ પર બ્લેડના ઘા માર્યા અને પગના ભાગે ડામ પણ આપ્યા હતાં. સારોલી પોલીસે મહેન્દ્ર રાજપૂત સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો હતો. ત્યારે સારોલી પોલીસે ચાર મહિને આરોપીને ઝડપ્યો હતો.

મધ્યપ્રદેશના શિવપુરી ખાતે



રહેતી 19 વર્ષીય મોડલ સુખપ્રીત કૌર એપ્રિલના એન્ડમાં સુરત આવી હતી. સુરતમાં સારોલી વિસ્તારમાં આવેલા કુંભારિયા ગામના સારથિ કોમ્પ્લેક્સના એક રૂમમાં પોતાની ત્રણ બહેનપણીઓ સાથે રહેતી હતી. સુરતમાં મોડલિંગ કામ અર્થે આવેલી સુખપ્રીત કૌરે ગત 2 મે, 2025ના રોજ ઘરમાં એકલી હતી, એ દરમિયાન પંખાના હૂક સાથે દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. પોતાની બહેનપણીઓ જ્યારે રૂમ પર આવી ત્યારે સુખપ્રીતે દરવાજો નહીં ખોલતાં તેમણે પાડોશીઓને બોલાવી દરવાજો તોડ્યો હતો. દરમિયાન સુખપ્રીત લટકતી હાલતમાં જોવા મળી હતી.

મૃતકના પિતા લખવિંદરસિંહ બલવંતસિંહ (ઉ.વ. 58, રહે. શિવપુરી, મધ્યપ્રદેશ) અંતિમક્રિયા માટે સુખપ્રીત કૌરની ડેડબોડી અને ફ્લેટમાં રહેલો તેનો સામાન વતન મધ્યપ્રદેશ લઇ ગયા હતા. જ્યાં અંતિમક્રિયા સહિતની વિધિ આટોપ્યા બાદ તેણીનો સામાન ચેક કર્યો હતો. બેગમાંથી સુખપ્રીત કૌરે હિન્દીમાં લખેલી અરજી મળી આવી હતી. પોલીસ અધિક્ષક, ગુજરાતને સંબોધીને લખેલી અરજીમાં મહેન્દ્ર રાજપૂત (રહે. રેજન્ટ પ્લાઝા, ડિંડોલી) સામે ગંભીર આરોપ મૂક્યા હતા. જેમાં મહેન્દ્રએ મોડલને ઘરમાં ગોંધી રાખી મારઝૂડ કરવા ઉપરાંત હાથ પર બ્લેડના ઘા માર્યા અને પગના ભાગે ડામ પણ આપ્યા હતા. આ સાથે બ્લેકમેલિંગ કરવામાં આવતું હતું.

અરજી પિતાએ સારોલી પોલીસને સોંપી હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે મહેન્દ્રના ત્રાસથી મૃતકે તેના વિરુદ્ધ અરજી લખી હતી. જોકે તે પોલીસ સુધી પહોંચી ન હતી. આમ, લિવ ઇનમાં રહેતા મહેન્દ્ર રાજપૂતના માનસિક-શારીરિક અત્યાચાર, બ્લેકમેઈલિંગથી કંટાળી મોડલે આપઘાત કર્યો હોવાનો ખુલાસો થયો હતો. સારોલી પોલીસે સુખપ્રીત કૌરના પિતાની ફરિયાદના આધારે મહેન્દ્ર રાજપૂત (રહે. રેજન્ટ પ્લાઝા, ડિંડોલી) સામે દુષ્પ્રેરણા ગુનો નોંધ્યો હતો. જેની 17 સપ્ટેમ્બર 2025ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. આ સાથે જ અનુરાગ નામના એક વ્યક્તિ કે જે સુખપ્રીત કૌરનો પ્રેમી છે તેની પણ સંડોવણી હોવાનું પરિવારજનો દ્વારા શંકા વ્યક્ત કરવામાં આવી હતી.

સારોલી પોલીસ દ્વારા આરોપી મહેન્દ્ર અને પરિવારની પૂછપરછ કરવામાં આવી હતી. દરમિયાન સુખપ્રીત કૌરે મરતા પહેલા એક કોન્ફરન્સ કોલ માં વાત કરી હતી તેની માહિતી સામે આવી હતી. જેમાં મહેન્દ્ર રાજપુત અને અનુરાગ જયસ્વાલ બંને કોન્ફરન્સ કોલ માં સુખપ્રીત સાથે વાત કરી રહ્યા હતા. અનુરાગે ખૂબ જ ખરાબ અને અપશબ્દો કહી શકાય તેવી ભાષામાં સુખપ્રીત સાથે વાત કરી હતી. સુખ પ્રીત અને અનુરાગ વચ્ચે પ્રેમ સંબંધ ઘણા સમયથી હતો. જે હાલ મધ્યપ્રદેશની કોલેજમાં બી ફાર્મ નો અભ્યાસ કરી રહ્યો છે.

# ચિરાગ પર ચપ્પલ ફેંકાયા, ફાટેલા કપડાં ને સુરતીઓનો ટપલી દાવ...

## 'નરાધમને ફાંસી આપો'ના બેનર, રિકન્સ્ટ્રક્શનમાં પોલીસે ગોટીને માંડ બચાવ્યો; ઢોલ વગાડી ફટાકડા ફૂટ્યાં

**સુરત, તા.16**

સુરતમાં ભાગીદારની કારમાં ડ્રગ્સ પ્લાન્ટ કરી ફસાવવાનું ષડયંત્ર અને 'તાલિબાની' સજા આપી નિર્દોષોને હેરાન કરનાર નામચીન ચિરાગ ગોટીને પોલીસ રિકન્સ્ટ્રક્શન માટે ઘટનાસ્થળે લઈ ગઈ હતી. આ દરમિયાન હજારોની સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. રિકન્સ્ટ્રક્શન માટે લઈને પહોંચતા જ લોકોએ ચિરાગ ગોટી પર ટપલી દાવ કર્યો હતો તેમજ ધક્કા-મુક્કી વચ્ચે પોલીસે માંડ ચિરાગ ગોટીનો જીવ બચાવ્યો હતો.

તો બીજી તરફ વર્ષો સુધી જેના ડર નીચે લોકો જીવતા હતા તે જ લોકોએ આજે ચિરાગ ગોટીના ઘર બહાર ફટાકડા ફોડી ઉત્સવ માનવ્યો હતો અને નરાધમને ફાંસી આપોના બેનર સાથે ઢોલ નગરા વગાડીને વિરોધ પ્રદર્શન કર્યું હતું.

રિકન્સ્ટ્રક્શનની આ પ્રક્રિયા દરમિયાન ભોગ બનનાર પરિવાર અને સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. લોકોના હાથમાં ચિરાગ ગોટી વિરુદ્ધના બેનરો અને પોસ્ટરો હતા, જેમાં તેને કડકમાં કડક સજા થાય અને ફાંસી આપવામાં આવે તેવી ઉગ્ર માગણી કરવામાં આવી હતી. સામાન્ય રીતે ગુનેગારોના રિકન્સ્ટ્રક્શન વખતે ભયનું વાતાવરણ હોય છે, પરંતુ અહીં લોકોએ ડર છોડીને જાહેરમાં



સૂત્રોચ્ચાર કર્યા હતા. 'તાલિબાની' સજા આપીને નિર્દોષોને હેરાન કરનાર આ શખસની શાન ઠેકાણે આવતી જોઈ લોકોમાં ન્યાયની આશા જાગી હતી.

ચિરાગ ગોટી પર મિત્રની કારમાં ડ્રગ્સ પ્લાન્ટ કરવા ઉપરાંત અપહરણ, ખંડણી અને મારપીટના ગંભીર આક્ષેપો છે. તેના અત્યાચારના વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા બાદ પોલીસ એક્શન મોડમાં આવી હતી અને સુપ્રીમ કોર્ટની ટકોર બાદ તેણે શરણે થવું પડ્યું હતું. રિકન્સ્ટ્રક્શન દરમિયાન પોલીસનો ચુસ્ત બંદોબસ્ત હોવા છતાં લોકોની ભીડને કાબૂમાં કરવી મુશ્કેલ બની હતી. ગુજરાતમાં પ્રથમવાર કોઈ આરોપી પ્રત્યે જનતાનો આવો પ્રચંડ આક્રોશ અને સામે પક્ષે પીડિતો દ્વારા ઢોલ-નગારા સાથેની આ અનોખી પ્રતિક્રિયા ચર્ચાનું કેન્દ્ર બની છે.

આ ઘટના ખરેખર આશ્ચર્યજનક અને અરાજકતાભરી કહી શકાય, જેમાં પોલીસની પ્રત્યક્ષ હાજરી હોવા છતાં ભીડ બેકાબૂ બની હતી. ચિરાગ ગોટી પર થયેલા આ હુમલામાં લોકોએ ઉશ્કેરાઈને જાહેરમાં 'ટપલી દાવ' કર્યો હતો. જે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર સવાલો ઊભા કરે છે. સુરક્ષાકર્મીઓની વચ્ચે જ આ પ્રકારની ખેંચતાણ અને ઝપાઝપી થવી એ દર્શાવે છે કે લોકોમાં આક્રોશ કેટલો ચરમસીમાએ હતો. ઉલ્લેખનીય છે કે, ચિરાગ ગોટી જ્યારે પોલીસની ગાડીમાંથી ઉતર્યો તે દરમિયાન તેના કપડાં ફાટેલા જોવા મળ્યા હતા.

સ્થાનિક અલ્પેશ મિયાણીએ જણાવ્યું હતું કે, હું ચિરાગ ગોટીનો ભાગીદાર છું. ચિરાગ ગોટીએ અમારી ભાગીદારી અલગ થવાના હિસાબે મારી ગાડીમાં ડ્રગ્સ મૂકીને મને ફસાવ્યો છે. મને ફસાવ્યા પછી આઠ મહિના ઓન ધ રન (વોન્ટેડ) રહ્યો હતો અને પછી હાજર થયો. ચિરાગ ગોટી હાજર થયા પછી એની જોડે જે ભોગ બનનારાઓ છે એ લોકો સામે આવી રહ્યા છે. હજુ પણ અસંખ્ય લોકો એવા છે. ચિરાગ ગોટીના ભોગ બનેલા જે હજુ પણ એના ડરના મારે સામે આવી રહ્યા નથી.

# પાકિસ્તાનની હાર બાદ શાહિદ આફ્રિદીનો પિત્તો ગયો! જમાઈ સહિત 3 ખેલાડીને હાંકી કાઢવાની માગ

નવી દિલ્હી, તા.16

ભારત સામેની શરમજનક હાર બાદ પાકિસ્તાની ક્રિકેટમાં ઘમસાણ મચી ગયું છે. ટી20 વર્લ્ડ કપ 2026માં મળેલી આ પછડાટ બાદ પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન શાહિદ આફ્રિદીનો પિત્તો ગયો છે. આફ્રિદીએ ટીમના સીનિયર ખેલાડીઓની ઝાટકણી કાઢતા તેમને ટીમની બહાર કરી દેવાની માંગ કરી છે, જેમાં તેના પોતાના જમાઈ શાહીન આફ્રિદીનો પણ સમાવેશ થાય છે.



રવિવારે કોલંબોમાં ભારત સામે મળેલી 61 રનની હાર બાદ પાકિસ્તાની ક્રિકેટ જગતમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. પાકિસ્તાની ટીમે અત્યાર સુધી ટી20 વર્લ્ડ કપના ઈતિહાસમાં ભારત સામે રમાયેલી 9 માંથી 8 મેચો ગુમાવી છે. આ નિરાશાજનક આંકડા વચ્ચે શાહિદ આફ્રિદીએ સીનિયર ખેલાડીઓના પ્રદર્શન પર આકરા પ્રહારો કર્યા છે.

ભારત સામેની મેચમાં શાહીન આફ્રિદી પાકિસ્તાનનો સૌથી મોંઘો બોલર સાબિત થયો હતો, તેણે માત્ર 2 ઓવરમાં 31 રન આપ્યા હતા. આ પ્રદર્શન જોઈને તેના સસરા શાહિદ આફ્રિદીએ તેની આકરી ટીકા કરી છે. આફ્રિદીએ એક ટીવી ચેનલને નિવેદન આપતા કહ્યું કે, 'જો મારી પાસે પાકિસ્તાન ક્રિકેટના નિર્ણય લેવાની સત્તા હોય, તો હું શાહીન, બાબર અને શાદાબ ત્રણેયને બેન્ચ પર બેસાડી દઉં. આ ખેલાડીઓને વારંવાર તક આપવામાં આવે છે, છતાં તેઓ મોટી મેચમાં નિષ્ફળ રહે છે.'

શાહીન આફ્રિદીની ધોલાઈ: શાહીને ઈનિંગની છેલ્લી ઓવરમાં 16 રન આપ્યા, જેના કારણે ભારત 170 થી વધુનો સ્કોર બનાવી શક્યું.

બાબર-શાદાબની નિષ્ફળતા: કેપ્ટન બાબર આઝમ અને ઓલરાઉન્ડર શાદાબ ખાન (જેણે બોલિંગમાં 17 રન આપ્યા અને બેટિંગમાં માત્ર 14 રન કર્યા) ફરી એકવાર ટીમને મુશ્કેલીમાંથી ઉગારી શક્યા નહીં.

યુવાઓને તક આપવાની માંગ: આફ્રિદીનું માનવું છે કે હવે નવા છોકરાઓ પર ભરોસો બતાવી તેમને નામિબિયા જેવી ટીમો સામે રમવાની તક આપવી જોઈએ.

ભારતની આ જીતનો અસલી હીરો ઈશાન કિશન રહ્યો હતો, જેણે 40 બોલમાં 77 રન ફટકારીને પાકિસ્તાની બોલરોની લાઈન-લેન્થ ખોરવી નાખી હતી. ત્યારબાદ જસપ્રીત બુમરાહ, હાર્દિક પંડ્યા, વરુણ ચક્રવર્તી અને અક્ષર પટેલની ધારદાર બોલિંગે પાકિસ્તાનને માત્ર 114 રનમાં સમેટી લીધું હતું. વર્લ્ડ કપમાં હવે ભારતનો પાકિસ્તાન સામેનો રેકોર્ડ 8-1 થઈ ગયો છે.

# 3 ભૂલો જેણે ટીમ ઈન્ડિયા સામે પાકિસ્તાનની ઈજ્જત ધૂળધાણી કરી, કેપ્ટન સલમાન મોટો ગુનેગાર

નવી દિલ્હી, તા.16



ટી20 વર્લ્ડ કપ 2026ના હાઈવોલ્ટેજ જંગમાં ભારત સામે પાકિસ્તાનને મળેલી 61 રનની કારમી હાર બાદ પાકિસ્તાની કેપ્ટન સલમાન આગા સોશિયલ મીડિયા અને ક્રિકેટ વિવેચકોના નિશાના પર છે. કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં પાકિસ્તાનની હાર માટે માત્ર ખેલાડીઓનું ખરાબ પ્રદર્શન જ નહીં, પરંતુ કેપ્ટન સલમાન આગાની ત્રણ મોટી વ્યૂહાત્મક ભૂલો જવાબદાર હોવાનું સામે આવ્યું છે. આ પરાજય સાથે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારત સામે પાકિસ્તાનની આ સતત દસમી હાર છે. કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમની પીચ પરંપરાગત રીતે બીજી ઈનિંગમાં ધીમી પડી જાય છે, જેના કારણે સ્પિનરોને રમત રમાડવી સરળ બને છે. સલમાન આગાએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો જે નિર્ણય લીધો તે આત્મઘાતી સાબિત થયો. દબાણવાળી મેચોમાં સ્કોર બોર્ડ પર રન બનાવવા હંમેશા ફાયદાકારક હોય છે. જો પાકિસ્તાને પહેલા બેટિંગ કરી હોત, તો તેઓ ભારતીય સ્પિનરોનો દિવસના અજવાળામાં સામનો કરી શક્યા હોત, પરંતુ બીજી ઈનિંગમાં પીચ તૂટતા પાકિસ્તાની બેટ્સમેનો સંપૂર્ણપણે અસહાય જણાયા હતા.

મેચની શરૂઆતમાં સલમાન આગાએ પોતે બોલિંગ સંભાળી હતી અને આ નિર્ણય માસ્ટરસ્ટ્રોક જેવો લાગતો હતો જ્યારે તેણે પ્રથમ ઓવરમાં જ અભિષેક શર્માને શૂન્ય પર આઉટ કર્યો હતો. તેની બોલિંગમાં ટર્ન હતો અને ભારતીય બેટ્સમેનો સંઘર્ષ કરી રહ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે, આટલી લયમાં હોવા છતાં તેણે એક જ ઓવર બાદ પોતાને બોલિંગમાંથી હટાવી લીધો. આ ભૂલને કારણે તિલક વર્મા અને ઈશાન કિશનને મેદાન પર સેટ થવાની તક મળી અને તેમણે મધ્ય ઓવરોમાં રનની ગતિ તેજ કરી દીધી.

પાકિસ્તાન પાસે મિસ્ટ્રી સ્પિનર ઉસ્માન તારિક તરીકે 'એક્સ-ફેક્ટર' હતો. જ્યારે ભારતીય બેટ્સમેનો સ્પિન સામે ઝઝૂમી રહ્યા હતા, ત્યારે સલમાને તારિકને આક્રમણ પર લાવવામાં ઘણી મોડું કરી દીધું. ઉસ્માન તારિકને ત્યારે બોલિંગમાં લાવવામાં આવ્યો જ્યારે ભારતીય બેટ્સમેનો સેટ થઈ ચૂક્યા હતા અને મોટા શોટ રમવા માટે તૈયાર હતા.

# પાકિસ્તાનની હારથી અકળાયો શોએબ અખ્તર, લાઈવ ટીવી પર નકવીને ગણાવ્યો 'જાહિલ'....

નવી દિલ્હી, તા.16



T20 વર્લ્ડ કપ 2026ની લીગ મેચમાં પાકિસ્તાનનો ભારત સામે કારમો પરાજય થયો હતો. આ હાર બાદ પાકિસ્તાનના પૂર્વ બોલર શોએબ અખ્તર પોતાની બોર્ડના ચેરમેન મોહસિન નકવી પર ભડકી ગયા. શોએબ અખ્તરે લાઈવ ટીવી પર નકવીને 'જાહિલ' અને અયોગ્ય ગણાવી દીધો. શ્રીલંકાના કોલંબોના આર.પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાયેલા આ મહામુકાબલામાં પાકિસ્તાને ટોસ જીતીને ભારતને પહેલા બેટિંગ આપી હતી. ભારતે પહેલા બેટિંગ કરતા 20 ઓવરમાં 7 વિકેટના નુકસાન પર 175 રન બનાવ્યા હતા. ભારતે પાકિસ્તાનને 176 રનનો ટાર્ગેટ આપ્યો હતો. જેના જવાબમાં પાકિસ્તાનની ટીમ 18 ઓવરમાં માત્ર 114 રન પર ઓલઆઉટ થઈ ગઈ. આમ ભારતની 61 રનથી ભવ્ય જીત થઈ છે. આ જીત સાથે જ ભારતીય ટીમ સુપર-8માં પણ ક્વોલિફાય કરી ગઈ છે.

આ હાઈ-વોલ્ટેજ મેચ બાદ શોએબ અખ્તર એક ભારતીય ટીવી ચેનલ પર લાઈવ હતો. આ દરમિયાન તેમણે પાકિસ્તાનની કારમી હાર પર પ્રતિક્રિયા આપતા PCBના ચેરમેન મોહસિન નકવી પર ભડકી ગયો અને લાઈવ ટીવી પર તેમની આબરુના ધજાગરા ઉડાવી દીધા. તેણે કહ્યું કે, 'જો તમે મને તમારી ચેનલનો ચેરમેન બનાવી દો તો મને શું ખબર કે ચેનલ કેવી રીતે ચલાવાની છે? આવી જ રીતે એક વ્યક્તિને એ નથી ખબર કે ક્રિકેટ કેવી રીતે ચાલે છે અને તે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના ચેરમેન છે. હવે શું કરી શકીએ. હવે કેવી રીતે ટીમ ચાલશે? તમે કહી રહ્યા છો કે, જે વ્યક્તિને તમે સુપરસ્ટાર બનાવ્યો છે તે એક મેચ ન જીતાડી શકે. તમે એવા વ્યક્તિને સુપરસ્ટાર બનાવ્યો છે જે એક મેચ નથી જીતાડી શકતો.'

શોએબ અખ્તર આગળ કહ્યું કે, 'ભાઈ, જ્યારે તમે આવા લોકોને સ્ટાર બનાવો છો, જ્યારે તમે તેમને પસંદ કરો છો, ત્યારે તમારે આ સમસ્યાનો સામનો કરવો પડશે. પણ શું તમે જાણો છો કે દુનિયાનો સૌથી મોટો ગુનો શું છે? દુનિયાનો સૌથી મોટો ગુનો એ છે કે તમે એક અયોગ્ય વ્યક્તિને જોબ આપી છે. જ્યારે તમે એક અયોગ્ય અને જાહિલ વ્યક્તિને નોકરી આપો છો, ત્યારે તે તમારા દેશને તબાહ કરી નાખે છે. તે કોઈપણ સંગઠનને નીચે પાડી શકે છે. ઉદાહરણ તમારી સામે છે. તમે એટલા સમજદાર તો છો કે, તમે આ સમજી શકો.'

# પાકિસ્તાનને હરાવી ટીમ ઈન્ડિયાએ રચ્યો ઈતિહાસ, T20 વર્લ્ડ કપમાં બનાવ્યો અનોખો રેકોર્ડ....!

નવી દિલ્હી, તા.16



T20 વર્લ્ડ કપ 2026ની ભારત-પાકિસ્તાન વચ્ચેની હાઈ-વોલ્ટેજ મેચમાં ભારત સામે પાકિસ્તાનને કારમી હાર મળી છે. આ સાથે જ ભારતીય ટીમે T20 વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે આઠ મેચ જીતી લીધી છે. આ કોઈ એક ટીમ સામે T20 વર્લ્ડ કપમાં સૌથી વધુ જીતનો રેકોર્ડ છે. ભારતે અત્યાર સુધીમાં પાકિસ્તાન સામે કુલ નવ મેચ રમી છે, જેમાંથી આઠમાં જીત હાંસલ કરી છે. ભારતે આમાંથી એક મેચ સુપર ઓવરમાં જીતી હતી. બીજી તરફ પાકિસ્તાને 2021માં ભારત સામે પોતાની એકમાત્ર T20 વર્લ્ડ કપ મેચ જીતી છે. T20 વર્લ્ડ કપમાં કોઈ વિરોધી ટીમ સામે સૌથી વધુ જીત હાંસલ કરવાના મામલે ઓસ્ટ્રેલિયા (vs બાંગ્લાદેશ), પાકિસ્તાન (vs બાંગ્લાદેશ), શ્રીલંકા (vs વેસ્ટ ઈન્ડિઝ) અને વેસ્ટ ઈન્ડિઝ (vs ઈંગ્લેન્ડ) સંયુક્ત રીતે બીજા સ્થાને છે. આ મહામુકાબલો શ્રીલંકાના કોલંબોના આર.પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાયો હતો. જ્યાં પાકિસ્તાને ટોસ જીતીને ભારતને પહેલા બેટિંગ આપી હતી. ભારતે પહેલા બેટિંગ કરતા 20 ઓવરમાં 7 વિકેટના નુકસાન પર 175 રન બનાવ્યા હતા. ભારતે પાકિસ્તાનને 176 રનનો ટાર્ગેટ આપ્યો હતો. જેના જવાબમાં પાકિસ્તાનની ટીમ 18 ઓવરમાં માત્ર 114 રન પર ઓલઆઉટ થઈ ગઈ. આમ, ભારતની 61 રનથી ભવ્ય જીત થઈ છે. આ જીત સાથે જ ભારતીય ટીમ સુપર-8માં પણ ક્વોલિફાય કરી ગઈ છે. 77 રન ફટકારનારો ઈશાન કિશન મેન ઓફ ધ મેચ બન્યો છે. T20 વર્લ્ડ કપ 2026માં સતત ત્રીજી જીત સાથે ભારતીય ટીમે સુપર-8 માટે ક્વોલિફાય કરી લીધું છે. ટીમ ઈન્ડિયાએ USA સામેની પોતાની પહેલી મેચ 29 રનથી જીતી હતી. ત્યારબાદ નામિબિયાને 93 રનથી હરાવ્યું હતું. ભારતીય ટીમ હવે 18 ફેબ્રુઆરીએ નેધરલેન્ડ્સ સામે પોતાની છેલ્લી ગ્રુપ મેચ રમશે.

ભારત સામે મળેલી આ કારમી હાર સાથે જ પાકિસ્તાન ગ્રુપ A પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને સરકી ગયું છે. નેધરલેન્ડ અને USAને હરાવ્યા બાદ પાકિસ્તાન ભારત સામે પોતાનો મુકાબલો હારી ગયું. હવે પાકિસ્તાનથી ઉપર USAની ટીમ છે, જેણે 4માંથી બે મેચ પોતાના નામે કરી છે. હવે પાકિસ્તાનને સુપર-8માં પહોંચવા માટે નામિબિયા સામેનો પોતાનો મુકાબલો જીતવો પડશે. આ મેચ 18 ફેબ્રુઆરીએ રમાશે.

# જાન્હવી કપૂર તમિલ વેબ સિરીઝમાં જોવા મળશે




મુંબઈ, તા.16

જાન્હવી કપૂર હવે ધીરે ધીરે સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાનું સ્થાન મજબૂત બનાવી રહી છે. તેલુગુ સિનેમામાં તેને બોલિવૂડ કરતાં વધુ ફી મળતી હોવાની ચર્ચા વચ્ચે, હવે તે તમિલ ઈન્ડસ્ટ્રીમાં પણ હવે ડેબ્યુ કરવા જઈ રહી છે.સૂત્રોના જણાવ્યા મુજબ, જાન્હવીએ નેટફ્લિક્સ માટે તમિલ ભાષાની એક વેબ સિરીઝ સાઈન કરી છે, જેના માટે તેને અંદાજે 20 કરોડ જેટલી મોટી ફી મળી છે. આ સ્ત્રીઓના મજબુત પાત્રો અને સ્ત્રીઓને કેન્દ્રમાં રાખતા વિષય પર આધારિત સિરીઝનું ડિરેક્શન પ્રખ્યાત ડિરેક્ટર પા રંજિત કરી રહ્યા છે, જેમણે રજનીકાંત સાથે સતત બે ફિલ્મો 'કબાલી' અને 'કાલા' બનાવી હતી. તેમની તાજેતરની તેલુગુ ફિલ્મ 'પેડ્ડી', જેમાં રામ ચરણ સહ-અભિનેતા છે, માટે જાન્હવીને અંદાજે 14 કરોડ જેટલી ફી મળી હોવાનું કહેવાય છે. આ સાથે તે અત્યાર સુધીની સૌથી વધુ ફી મેળવનારી તેલુગુ અભિનેત્રી બની ગઈ છે. જો જાહન્વીની સાઉથની ફિલ્મોમાં સફરની વાત કરવામાં આવે તો, 2024માં આવેલી ફિલ્મ 'દેવરા'માં જ્યારે તેને લીડ રોલની ઓફર થઈ તો શરૂઆતમાં જાન્હવીએ આ ઓફર નકારી હતી, કારણ કે તેને ચિંતા હતી કે રીજનલ સિનેમામાં કામ કરવાથી તેની હિન્દી ફિલ્મની કારકિર્દી પર અસર પડશે. પરંતુ તેના પિતા અને નિર્માતા બોની કપૂરે તેને આ ફિલ્મ કરવા માટે આગ્રહ કર્યો – અને તે પણ ઊંચી ફી પર. જાન્હવી માટે આશ્ચર્યજનક રીતે, નિર્માતાઓ એ રકમ ચૂકવવા તૈયાર થયા.

# ચેક બાઉન્સ કેસમાં રાજપાલ યાદવને મળ્યા જામીન, 2.5 કરોડ રૂપિયા કરાવ્યા જમા....

મુંબઈ, તા.16




જાણીતા અભિનેતા રાજપાલ યાદવ વર્ષો જૂના ચેક બાઉન્સ કેસમાં ફસાયેલા છે. તેમણે રૂ. 9 કરોડ (આશરે $1.5 મિલિયન) ચૂકવવાના છે. કોર્ટે આજે(16 ફેબ્રુઆરી) રાજપાલની જામીન અરજી પર સુનાવણી હાથ ધી હતી. આ અંગે દિલ્હી હાઈકોર્ટે રાજપાલ યાદવના વકીલને વચગાળાના જામીન માટે રૂ.1.5 કરોડનો ડિમાન્ડ ડ્રાફ્ટ રજૂ કરવા માટે બપોરે 3 વાગ્યા સુધીનો સમય આપ્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે જો આજે બપોરે 3 વાગ્યા સુધીમાં ડિમાન્ડ ડ્રાફ્ટ રજૂ કરવામાં આવે તો તેમને મુક્ત કરાશે. નહીં તો કેસની સુનાવણી આવતીકાલે સવારે, 17 ફેબ્રુઆરીએ થશે. જોકે, 2.5 કરોડ રૂપિયા જમા કરી દેવાતા રાજપાલ યાદવને દિલ્હી હાઈકોર્ટે જામીન આપ્યા છે. જણાવી દઈએ કે, રાજપાલ યાદવે 19 ફેબ્રુઆરીએ તેમની ભત્રીજીના લગ્નમાં હાજરી આપવા માટે જામીન અરજી દાખલ કરી હતી. દિલ્હી હાઈકોર્ટમાં અગાઉની સુનાવણી દરમિયાન કોર્ટે જણાવ્યું હતું કે અભિનેતાએ સમયમર્યાદા વધારવા છતાં લોન ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હતા. કોર્ટે રાજપાલના વકીલ દ્વારા કરવામાં આવેલી તમામ દલીલોને પાયાવિહોણી ગણાવી હતી. રાજપાલે તેમની સજા રદ કરવાની વિનંતી કરી હતી. આ માંગણીના જવાબમાં કોર્ટે કહ્યું, 'તેમણે પહેલેથી જ લોન લીધી હોવાનું કબૂલ્યું છે, તો તેમને કેવી રીતે માફ કરી શકાય? તેમને પૈસા ચૂકવવા માટે 25-30 તકો આપવામાં આવી હતી, પરંતુ તેઓ હજુ સુધી તે કરી શક્યા નથી. હવે તેઓ સજા પર રોક કેમ માંગી રહ્યા છે?' કોર્ટે રાજપાલને ઠપકો આપતાં કહ્યું કે, 'તમે કોર્ટના આદેશને કારણે નહીં, પરંતુ તમારા પોતાના કામના કારણે જેલમાં છો. રાજપાલના વકીલના મતે, લોનની રકમના 3 કરોડ રૂપિયાથી વધુ ચૂકવી દેવામાં આવ્યા છે. અરજદારને 2.10 કરોડ રૂપિયા જમા કરાવવાના છે.' 2012માં આવેલી ફિલ્મ 'અતા પતા લાપતા' રાજપાલની દિગ્દર્શક તરીકેની પહેલી ફિલ્મ હતી. રાજપાલે તેને બનાવવા માટે મુરલી પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ પાસેથી 5 કરોડ રૂપિયા ઉધાર લીધા હતા. જો કે, ફિલ્મ નિષ્ફળ ગઈ અને રાજપાલને નોંધપાત્ર નુકસાન થયું. મુરલી પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડે પૈસા પાછા માંગ્યા, જે રાજપાલ ચૂકવી શક્યા નહીં. મામલો કોર્ટ સુધી પહોંચ્યો. 2018 માં, મુરલી પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડે કાનૂની કાર્યવાહી કરી. રાજપાલ અને તેની પત્ની સામે કેસ દાખલ કરવામાં આવ્યો. વ્યાજ સાથે 5 કરોડ રૂપિયાની આ રકમ વધીને 9 કરોડ રૂપિયા થઈ ગઈ. આ કેસમાં અભિનેતાને બે વાર જેલ થઈ ચૂકી છે. ઘણી વખત મુદત લંબાવ્યા પછી, જ્યારે તે પૈસા ચૂકવી શક્યો નહીં, ત્યારે તેને આત્મસમર્પણ કરવાની ફરજ પડી. મુશ્કેલીના આ સમયમાં બોલિવુડ સેલિબ્રિટી અને દિગ્ગજો રાજપાલની મદદે આવ્યા છે. સલમાન ખાન, અજય દેવગન, વરુણ ધવન, ડેવિડ ધવન, સોનુ સૂદ, તેજ પ્રતાપ યાદવ, રાવ ઈન્દરજીત સિંહ, ગુરુ રંધાવા, ગુરમીત ચૌધરી, કેઆરકે અને મીકા સિંહે મદદનો હાથ લંબાવ્યો છે. ફેડરેશન ઑફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોયીઝ (FWICE) એ લોકોને રાજપાલને મદદ કરવા માટે આગળ આવવા અપીલ કરી છે.

# સની દેઓલે પોતાની હિટ ફિલ્મોનો શ્રેય દિવંગત પિતા ધર્મેન્દ્રને આપ્યું

મુંબઈ, તા.16

છેલ્લા ત્રણ વર્ષથી સની દેઓલ સતત પોતાના વિજયપથ ઉપર સફળતાપૂર્વક આગળ વધી રહ્યો છે. 2023માં આવેલી બ્લોકબસ્ટર ફિલ્મ ગદર-2પછી હવે Border-2ની જબરદસ્ત સફળતાએ ચાહકો તેમને "સની દેઓલ 2.0"નો ખિતાબ આપ્યો છે.ફિલ્મની સફળતા ઉજવવા માટે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં સની દેઓલે પોતાની સતત હિટ ફિલ્મોનું શ્રેય તેમના પિતા, વરિષ્ઠ અભિનેતા ધર્મેન્દ્રને આપ્યું હતું.

આ પ્રસંગે સની દેઓલે કહ્યું હતું કે"આ બધું મારા પાપાની આશીર્વાદ અને વાહેગુરુની અસીમ કૃપાનું પરિણામ છે. લોકો મને પહેલા પણ પ્રેમ કરતા હતા અને આજે પણ કરે છે. જ્યાં જ્યાં હું જાઉં છું, ત્યાં મને ખૂબ પ્રેમ મળે છે."તેમણે વધુમાં ઉમેર્યું હતું કે"આટલા વર્ષો સુધી ખબર નહોતી કે આ પ્રેમ ક્યાં છુપાયેલો હતો. ખરેખર બહુ મીઠો અનુભવ છે. હું દરેકને એક વાત કહેવા માગું છું - મહેનત કરો, તમારા વ્યવસાયને પ્રેમ કરો, હિંમત ન હારશો. સમય ક્યારે આવે અને ક્યારે જાય તે કોઈને ખબર નથી, પરંતુ આપણે હંમેશા તૈયાર રહેવું જોઈએ."



તેણે ઉમેર્યું હતું કે "જ્યારે વધુ લોકો ફિલ્મ જુએ છે અને તેને પસંદ કરે છે, ત્યારે જ બોક્સ ઓફિસના આંકડા વધે છે. આ જ એક કારણ છે કે નંબર્સ વધી જાય છે. તે અમને આત્મવિશ્વાસ આપે છે કે અમે જે બનાવ્યું છે તેને પ્રેક્ષકોએ વખાણ્યું છે."ફિલ્મ રિલીઝ થયા પછી સની દેઓલે મનાલીથી રોડ મારફતે મુસાફરી કરી. આ દરમિયાન તેમને મળેલા પ્રેમથી તેઓ ભાવુક બની ગયા. તેણે કહ્યું હતું કે "જ્યાં જ્યાં હું રોકાયો, ત્યાં લોકો પ્રેમ વરસાવતા રહ્યા. મને ઘણા સૈનિકો અને વિવિધ દળોના જવાનો મળ્યા. કોઈએ ફિલ્મ એક વાર જોઈ હતી, કોઈએ બે વાર, તો કોઈએ ત્રણ વાર. સૌએ માત્ર એટલું કહ્યું કે તેમને ફિલ્મ ખૂબ ગમી અને ફિલ્મ જોઈને તેમની આંખોમાં આંસુ આવી ગયા. કોઈએ પણ એવું નહોતું કહ્યું કે ફિલ્મ 'બોર્ડર' કરતાં સહેજપણ ઓછી હતી."

સનીએ સ્વીકાર્યું કે આવી પ્રતિકાત્મક ફિલ્મની સિક્વલ બનાવવી સરળ નહોતી. "'બોર્ડર' જેવી ફિલ્મની સિક્વલ બનાવવાનો વિચાર આવે ત્યારે હંમેશા ડર રહે છે. જ્યારે અમે પહેલી 'બોર્ડર' બનાવી, ત્યારે અમને ખબર નહોતી કે શું થશે. પરંતુ તે પછી જે સફળતા મળી, તેના બાદ બીજી કડી બનાવવાનો વિચાર મારા માટે ખૂબ ડરાવનારો હતો. હું હંમેશા માનતો આવ્યો છું કે ફિલ્મમાં વાર્તા જ અસલી હીરો હોય છે. જ્યારે મને 'બોર્ડર 2'ની વાર્તા સંભળાવવામાં આવી, ત્યારે મને લાગ્યું કે અમે સાચા માર્ગ પર છીએ. ડર તો અંદર હંમેશા રહે છે. આપણે પોતાની ફિલ્મ જોતા પણ ખામીઓ શોધતા રહીએ છીએ. પરંતુ જ્યારે પ્રેક્ષકો પ્રેમ આપે છે, ત્યારે તે અનુભવ અદભૂત હોય છે."

# નિર્માતાઓ કલાકારોના કાફલા પાછળ ખર્ચામાં નિયંત્રણો લાવશે

મુંબઈ, તા.16

બોલિવુડમાં છેલ્લા કેટલાય સમયથી કલાકારો પોતાના માટે અલાયદી એક-બે નહિ પરંતુ ત્રણ-ત્રણ ચાર-ચાર વેનિટી વાનનો આગ્રહ રાખતા થયા છે.

આ વાન તથા તેના સ્ટાફ સહિતનું લાખો રુપિયાનું ભાડું નિર્માતાઓએ ચૂકવવાનું હોય છે. હવે બોલિવુડ નિર્માતાઓ એક કલાકારને કેટલી વાન આપી શકાય તે બાબતે નિયંત્રણ લાવવા બાબતે વિચારી રહ્યા છે.

પ્રોડયૂસર ગિલ્ડ ઓફ ઈન્ડિયા દ્વારા આ બાબતે ગાઈડલાઈન જાહેર થાય તેવી સંભાવના છે.

રણવીર સિંહ સહિતના કલાકારો આ પ્રકારના દુરાગ્રહ માટે જાણીતા છે. આ કલાકારો પોતાના આરામ માટે એક વાન, પોતાની મીટિંગો માટે બીજી વાન, કિચન માટે ત્રીજી વાન અને જીમ માટે ચોથી વાન માગે છે.

કલાકારો પોતાના અલાયદા શેફને પણ સેટ પર લાવે છે જે આખા દિવસમાં માંડ એકાદ સૂપ કે સલાડ બનાવે છે અને તેની રોજની ફી પણ નિર્માતા માથે



આકારવામાં આવે છે.

કેટલાય કલાકારો પોતાના સ્ટાઈલિસ્ટ, મેક અપ આર્ટિસ્ટ, જીમ ટ્રેનર, ન્યુટ્રિશનિસ્ટ, મેડિકલ આસિસ્ટન્ટ સહિતના લોકોને પણ સાથે લાવે છે અને તેમનો ખર્ચો નિર્માતાઓ માથે જ લાદે છે.

આ બધાં નખરાંથી ત્રાસી ગયેલા નિર્માતાઓ હવે એક કલાકારને કેટલી વાન આપવી કે તેના કેટલા સ્ટાફના ખર્ચા ઉઠાવવા તે બાબતે સાથે મળીને કોઈ ગાઈડલાઈન નક્કી કરશે તેમ ચર્ચાય છે.

# ચાંદી 2,949 સસ્તી થઈ, કિંમત ₹2.39 લાખ/કિલો: 18 દિવસમાં ₹1.46 લાખનો ઘટાડો, સોનું ₹1,315 વધીને ₹1.54 પર પહોંચ્યું

નવી દિલ્હી, તા.16

16 ફેબ્રુઆરીએ ચાંદીના ભાવમાં સતત ત્રીજા કારોબારી દિવસે ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીની કિંમત 2,949 રૂપિયા ઘટીને 2,39,484 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. આ પહેલા શુક્રવારે ચાંદીની કિંમત 2,42,433 રૂપિયા પ્રતિ કિલો હતી.

જ્યારે, 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમત 1,315 રૂપિયા વધીને 1,54,080 રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા શુક્રવારે તે 1,52,765 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી. જોકે, છેલ્લા ત્રણ કારોબારી દિવસોમાં ચાંદી 26,965 અને સોનું 3,242 રૂપિયા સસ્તું થયું છે.

બુલિયન બજારમાં 29 જાન્યુઆરીએ સોનાએ 1,76,121 રૂપિયા અને ચાંદી 3,85,933 રૂપિયા ઓલ ટાઈમ હાઈ પર હતી. ત્યારથી અત્યાર સુધી સોનું 22,041 રૂપિયા અને ચાંદી 1,46,449 રૂપિયા સસ્તી થઈ ગઈ છે.



IBJAના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ હોતા નથી. તેથી શહેરોના રેટ્સ આનાથી અલગ હોય છે. આ રેટ્સનો ઉપયોગ RBI સોવરેન ગોલ્ડ બોન્ડના રેટ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના રેટ નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

છેલ્લા ત્રણ કારોબારી સત્રોમાં સોના-ચાંદીના ભાવમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. આ સમયગાળા દરમિયાન સોનું લગભગ 15% સુધી સસ્તું થઈ ગયું હતું. હવે ભાવ સ્થિર થતાં જ રોકાણકારોએ નીચલા સ્તરે ખરીદી શરૂ કરી દીધી છે. જોકે, નિષ્ણાતોનું કહેવું છે કે હાલમાં સોના-ચાંદીમાં એકસાથે પૈસા રોકવાનું ટાળવું જોઈએ. તેના બદલે ધીમે ધીમે રોકાણ કરવું વધુ ફાયદાકારક રહેશે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત ઘણા સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ મુજબ અલગ-અલગ હોય છે.

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે. આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ખૂબ ઝડપથી પીગળશે. સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવી શકે છે. ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળું નિશાન થાય તો અસલી છે.

ભારતીય પરિવારો પાસે રહેલા કુલ સોનાની વેલ્યુ 5 ટ્રિલિયન ડોલર (450 લાખ કરોડ)ને પાર કરી ગઈ છે. આ આંકડો દેશની કુલ 4.1 ટ્રિલિયન ડોલર એટલે કે, 370 લાખ કરોડ રૂપિયાની GDP કરતાં પણ વધારે છે. સોનાની કિંમતો રેકોર્ડ ઊંચાઈ પર પહોંચવાને કારણે આવું થયું છે. મોર્ગન સ્ટેનલીના એક રિપોર્ટ અનુસાર ભારતીય ઘરોમાં લગભગ 34,600 ટન સોનું જમા છે.

# સેન્સેક્સ 650 અંક વધીને 83,277 પર બંધ થયો: નિફ્ટી 212 અંક વધીને 25,683 પર પહોંચ્યો, એનર્જી અને બેન્કિંગ શેર્સમાં ખરીદી....

મુંબઈ, તા.16



શેરબજારમાં એટલે કે 16 ફેબ્રુઆરીએ તેજી જોવા મળી. સેન્સેક્સ 650 પોઈન્ટના ઉછાળા સાથે 83,277 પર બંધ થયો. નિફ્ટીમાં 212 પોઈન્ટનો વધારો રહ્યો, તે 25,683 પર બંધ થયો.

સેન્સેક્સના 30 શેરોમાંથી 22 શેરોમાં તેજી જોવા મળી. જ્યારે નિફ્ટી-50ના 35 શેરોમાં ઉછાળો રહ્યો. આજે એનર્જી, બેન્કિંગ અને ફાર્મા શેરોમાં વધુ ખરીદી જોવા મળી.

જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.24% ઘટીને 56,806 પર બંધ થયો. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.52% વધીને 26,705 પર બંધ થયો. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ અને દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ આજે બંધ છે.

ડાઉ જોન્સ 48 અંક (00.9%) વધીને 49,500 પર બંધ થયો. ટેક આધારિત ઈન્ડેક્સ નાસ્ડેક કમ્પોઝિટ 0.22% ઘટીને 22,546 પર બંધ થયો. S&P 500 ઈન્ડેક્સ 3 અંક (00.5%) વધીને 6,836 પર બંધ થયો.

વિદેશી રોકાણકારો (FII) એ 13 ફેબ્રુઆરીના રોજ 7,395 કરોડ રૂપિયાના શેર વેચ્યા. ઘરેલું સંસ્થાકીય રોકાણકારો (DII) એ 5,554 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.

આ મહિને એટલે કે ફેબ્રુઆરીમાં અત્યાર સુધી FIIs એ 1,373 કરોડ રૂપિયાના શેર વેચ્યા છે. આ સમયગાળા દરમિયાન DIIs એ 9,775 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.

જાન્યુઆરી 2026 માં FIIs એ કુલ 41,435 કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન DIIs એ 69,220 કરોડના શેર ખરીદ્યા હતા.

ગયા અઠવાડિયે બજારમાં ઘટાડો જોવા મળ્યો હતો આ પહેલા ગયા અઠવાડિયે એટલે કે 13 ફેબ્રુઆરીના રોજ શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 1048 પોઈન્ટ ઘટીને 82,627 પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટીમાં પણ 336 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો, તે 25,471 પર બંધ થયો હતો.

# જથ્થાબંધ મોંઘવારી 10 મહિનામાં સૌથી વધુ: જાન્યુઆરીમાં વધીને 1.81% પર પહોંચી, ખાવા-પીવાની વસ્તુઓ મોંઘી થઈ

નવી દિલ્હી, તા.16

જાન્યુઆરીમાં જથ્થાબંધ મોંઘવારી (WPI) વધીને 1.81% પર પહોંચી ગઈ છે. આ પહેલા ડિસેમ્બરમાં જથ્થાબંધ મોંઘવારી 0.83% પર હતી. આ 10 મહિનામાં સૌથી વધુ છે. માર્ચ 2025માં આ 2.05% પર હતી. વાણિજ્ય મંત્રાલયે આજે એટલે કે 16 ફેબ્રુઆરીએ જથ્થાબંધ મોંઘવારીના આંકડા જાહેર કર્યા છે.

રોજિંદા જરૂરિયાતની ચીજવસ્તુઓ (પ્રાઈમરી આર્ટિકલ્સ) નો ફુગાવો 0.21% થી વધીને 2.21% થયો. ખાદ્યપદાર્થો (ફૂડ ઈન્ડેક્સ) નો ફુગાવો માઈનસ 0.43% થી વધીને 1.55% થયો. ફ્યુઅલ અને પાવરનો જથ્થાબંધ ફુગાવાનો દર માઈનસ 2.31% થી ઘટીને માઈનસ 4.01% રહ્યો. મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટ્સનો જથ્થાબંધ ફુગાવાનો દર 1.82% થી વધીને 2.86% રહ્યો. જથ્થાબંધ મોંઘવારીના ત્રણ ભાગ પ્રાથમિક વસ્તુઓ, જેનું વેઈટેજ 22.62% છે. ફ્યુઅલ અને પાવરનું વેઈટેજ 13.15% અને મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટનું વેઈટેજ સૌથી વધુ 64.23% છે. પ્રાથમિક વસ્તુઓના પણ ચાર ભાગ છે.

છૂટક મોંઘવારી 8 મહિનાની ઊંચી સપાટી પર જાન્યુઆરીમાં છૂટક મોંઘવારી ગયા મહિનાની સરખામણીમાં વધીને 2.75% પર પહોંચી ગઈ છે. ડિસેમ્બરમાં તે 1.33% પર હતી. 8 મહિનામાં સૌથી વધુ છે. મે 2025માં મોંઘવારી



2.82% પર પહોંચી ગઈ હતી.

હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ (WPI) ની સામાન્ય માણસ પર અસર જથ્થાબંધ મોંઘવારી લાંબા સમય સુધી વધતી રહેવાથી મોટાભાગના ઉત્પાદક ક્ષેત્રો પર તેની ખરાબ અસર પડે છે. જો જથ્થાબંધ ભાવ લાંબા સમય સુધી ઊંચા સ્તરે રહે છે, તો ઉત્પાદકો તેનો બોજ ગ્રાહકો પર નાખે છે. સરકાર ફક્ત ટેક્સ દ્વારા WPI ને નિયંત્રિત કરી શકે છે.

જેમ કે, ક્રૂડ ઓઈલમાં તીવ્ર વધારાની સ્થિતિમાં સરકારે ઈંધણ પર એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કર્યો હતો. જોકે, સરકાર ટેક્સ કપાત એક મર્યાદામાં જ ઓછી કરી શકે છે. WPI માં મેટલ, કેમિકલ, પ્લાસ્ટિક, રબર જેવા ફેક્ટરી સંબંધિત સામાનનું વધુ વેઈટેજ હોય છે.

મોંઘવારી કેવી રીતે માપવામાં આવે છે? ભારતમાં બે પ્રકારની મોંઘવારી હોય છે. એક રિટેલ એટલે કે છૂટક અને બીજી જથ્થાબંધ મોંઘવારી હોય છે. રિટેલ મોંઘવારી દર સામાન્ય ગ્રાહકો દ્વારા ચૂકવવામાં આવતી કિંમતો પર આધારિત હોય છે. આને કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) પણ કહેવાય છે. જ્યારે, હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ (WPI) નો અર્થ એવી કિંમતોથી થાય છે, જે જથ્થાબંધ બજારમાં એક વેપારી બીજા વેપારી પાસેથી વસૂલે છે.

મોંઘવારી માપવા માટે અલગ-અલગ વસ્તુઓને સામેલ કરવામાં આવે છે. જેમ કે જથ્થાબંધ મોંઘવારીમાં મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સનો હિસ્સો 63.75%, પ્રાઈમરી આર્ટિકલ જેમ કે ફૂડ 22.62% અને ફ્યુઅલ એન્ડ પાવર 13.15% હોય છે. જ્યારે, રિટેલ મોંઘવારીમાં ફૂડ અને પ્રોડક્ટની ભાગીદારી 45.86%, હાઉસિંગની 10.07% અને ફ્યુઅલ સહિત અન્ય વસ્તુઓની પણ ભાગીદારી હોય છે.

# દિલ્હીમાં દુનિયાની સૌથી મોટી AI ઈવેન્ટ શરૂ: 300થી વધુ કંપનીઓ ભવિષ્યના ગેજેટ્સ દર્શાવશે, ખેતી, શિક્ષણ અને સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરશે......

નવી દિલ્હી, તા.16

ભારતમાં આજે એટલે કે 16 ફેબ્રુઆરીથી દુનિયાના સૌથી મોટા ટેકનોલોજી ઈવેન્ટ્સમાંથી એક 'ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ 2026' શરૂ થઈ ગયો છે. જોકે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેનું ઔપચારિક ઉદ્ઘાટન સાંજે 5 વાગ્યે કરશે.

આ ઈવેન્ટ 20 ફેબ્રુઆરી સુધી નવી દિલ્હીના ભારત મંડપમમાં ચાલશે. સમિટની સાથે-સાથે 'ઈન્ડિયા AI ઈમ્પેક્ટ એક્સપો 2026'નું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. અહીં દુનિયાભરની કંપનીઓ પોતાના લેટેસ્ટ AI સોલ્યુશન્સને દુનિયા સમક્ષ રજૂ કરશે.

અહીં સામાન્ય લોકો જોઈ શકશે કે AI વાસ્તવિક જીવનમાં કેવી રીતે કામ કરે છે અને ભવિષ્યમાં AI થી ખેતી, સ્વાસ્થ્ય અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં શું બદલાવ આવવાના છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં PM મોદીએ લખ્યું કે, આજથી દિલ્હીના ભારત મંડપમમાં ઈન્ડિયા 'AI ઈમ્પેક્ટ સમિટ' શરૂ થઈ રહી છે. હું આ સમિટમાં ભાગ લેવા આવેલા દુનિયાભરના નેતાઓ, મોટા બિઝનેસમેન, ઈનોવેટર્સ, પોલિસી બનાવનારાઓ, રિસર્ચર્સ અને ટેક્નોલોજીના જાણકારોનું દિલથી સ્વાગત કરું છું.

આ સમિટની થીમ 'સર્વજન હિતાય, સર્વજન સુખાય' એટલે કે 'સૌનું ભલું અને સૌની ખુશી' છે.



આ માનવતાની પ્રગતિ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો ઉપયોગ કરવાના આપણા સહિયારા સંકલ્પને દર્શાવે છે.

AI ઈમ્પેક્ટ એક્સ્પો: 70,000 ચોરસ મીટરથી વધુ મોટા વિસ્તારમાં એક મેગા પ્રદર્શન યોજાશે. તેમાં 30થી વધુ દેશોની 300+ કંપનીઓ તેમના AI ગેજેટ્સ અને ટેકનોલોજી પ્રદર્શિત કરશે. સામાન્ય લોકો જોઈ શકશે કે AI વાસ્તવિક જીવનમાં કેવી રીતે કાર્ય કરે છે.

શિક્ષણ અને કૌશલ્ય વિકાસ: વિદ્યાર્થીઓ અને યુવાનો માટે 'YUVAi' અને 'AI for ALL' જેવા કાર્યક્રમો યોજાશે. આના દ્વારા લોકો શીખી શકશે કે AI ટૂલ્સનો ઉપયોગ તેમના અભ્યાસ અને કારકિર્દીને સુધારવા માટે કેવી રીતે કરવો.

રોજિંદી સમસ્યાઓ પર ધ્યાન: એક્સ્પોમાં એવા AI મોડલ્સનું ડેમો હશે જે ખેતીમાં પાકની બીમારી ઓળખવામાં, હોસ્પિટલોમાં વધુ સારી સારવાર કરવામાં અને ભાષા અનુવાદને સરળ બનાવવામાં મદદ કરે છે.

સ્ટાર્ટઅપ્સ લીડર્સ સાથે મુલાકાત: દેશ-વિદેશના સ્ટાર્ટઅપ્સ પોતાના અનોખા પ્રોડક્ટ્સ રજૂ કરશે. સામાન્ય લોકો આ ઈનોવેટર્સ સાથે સીધી વાત કરી શકશે અને સમજી શકશે કે ભવિષ્યની ટેકનોલોજી કેવી હશે.

એક્સપિરિયન્સ ઝોન: સમિટમાં ઘણા 'થીમેટિક પેવેલિયન' બનાવવામાં આવ્યા છે. અહીં લોકો પોતે AI પાવર્ડ મશીનો અને સોફ્ટવેરનો અનુભવ લઈ શકશે, જેમ કે સ્માર્ટ હેલ્થ મોનિટરિંગ અને AI ટ્યુટર.

સમિટમાં 100થી વધુ દેશો ભાગ લે તેવી અપેક્ષા છે. તેમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા ડી સિલ્વા સહિત 15-20 દેશોના રાષ્ટ્રાધ્યક્ષો અને 50થી વધુ મંત્રીઓ સામેલ થશે.

વિશ્વની અગ્રણી ગ્લોબલ અને ભારતીય ટેક કંપનીઓના 40થી વધુ CEO પણ સમિટમાં ભાગ લે તેવી અપેક્ષા છે. ગૂગલના CEO સુંદર પિચાઈ, OpenAIના સેમ ઓલ્ટમેન, Nvidiaના જેન્સન હુઆંગ અને માઈક્રોસોફ્ટ-ગૂગલના અન્ય મોટા નામો તેમાં ભાગ લેશે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી, ટાટા સન્સના એન. ચંદ્રશેખરન, ઈન્ફોસિસના નંદન નીલેકણી, ભારતી એન્ટરપ્રાઈઝિસના સુનીલ ભારતી મિત્તલ, TCSના CEO કે. કૃતિવાસન અને HCL ટેકના રોશની નાદર મલ્હોત્રા પણ સામેલ થશે.

16 ફેબ્રુઆરી (સોમવાર): સમિટના પહેલા દિવસની શરૂઆત નિષ્ણાતો અને નીતિ નિર્માતાઓ વચ્ચે 'રાઉન્ડટેબલ' ચર્ચાઓથી થશે. આ જ દિવસે સાંજે 5 વાગ્યે વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'ઈન્ડિયા AI એક્સપો'નું ઉદ્ઘાટન કરશે. અહીં 300 થી વધુ ભારતીય અને વિદેશી સ્ટાર્ટઅપ્સ તેમના એવા ગેજેટ્સ પ્રદર્શિત કરશે જે AI ની મદદથી ચાલે છે.

17 ફેબ્રુઆરી (મંગળવાર): બીજા દિવસનું સંપૂર્ણ ધ્યાન એવા ક્ષેત્રો પર રહેશે જેનો સામાન્ય માણસના જીવન સાથે સીધો સંબંધ છે. સરકાર ખેતી, આરોગ્ય, શિક્ષણ, ઊર્જા, લિંગ સશક્તિકરણ અને દિવ્યાંગોની મદદ માટે 6 વિશેષ સંશોધન પુસ્તકો લોન્ચ કરશે. આ પુસ્તકો જણાવશે કે કેવી રીતે AI ની મદદથી આ ક્ષેત્રોમાં મોટા ફેરફારો લાવી શકાય છે.

18 ફેબ્રુઆરી (બુધવાર): દુનિયાના ટોચના વૈજ્ઞાનિકો, સંશોધકો અને થિંક ટેન્ક પોતાની 'કટિંગ-એજ' રિસર્ચ દુનિયા સમક્ષ રજૂ કરશે. ટેક કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ ડેમો આપીને બતાવશે કે તેમની AI ટેકનોલોજી ખરેખર કેવી રીતે કામ કરે છે અને ભવિષ્યની મશીનો કેવી હશે.

19 ફેબ્રુઆરી (ગુરુવાર): પીએમ મોદી સત્તાવાર રીતે ઉદ્ઘાટન સમારોહને સંબોધિત કરશે. સુંદર પિચાઈ, સેમ ઓલ્ટમેન અને બિલ ગેટ્સ જેવા 100 થી વધુ ગ્લોબલ દિગ્ગજો પીએમ મોદી સાથે એક મેજ પર બેસશે. આમાં ભારતમાં AI સેક્ટરમાં મોટા રોકાણ અને વ્યૂહાત્મક ભાગીદારી પર મહત્વપૂર્ણ નિર્ણયો લેવાશે.

20 ફેબ્રુઆરી (શુક્રવાર): GPAI કાઉન્સિલની મીટિંગ યોજાશે. સભ્ય દેશોના પ્રતિનિધિઓ એકસાથે બેસશે જેથી AI ને સુરક્ષિત અને ભરોસાપાત્ર બનાવી શકાય.

આ વખતની ચર્ચાઓને 7 'ચક્રો'માં વહેંચવામાં આવી છે, જેમાં હ્યુમન કેપિટલ, સામાજિક સશક્તિકરણ માટે સમાવેશ, સુરક્ષિત અને ભરોસાપાત્ર AI, ઈનોવેશન, સાયન્સ, AI રિસોર્સિસનું લોકશાહીકરણ અને આર્થિક વિકાસનો સમાવેશ થાય છે. સમિટની સંપૂર્ણ રૂપરેખા ત્રણ 'સૂત્રો' પર આધારિત છે.

# 'યોગ્ય ઓફર મળે તો અમેરિકાથી LNG ખરીદશે ભારત...', પેટ્રોનેટના CEOની જાહેરાત

મુંબઈ, તા.16

ભારતની સૌથી મોટી ગેસ આયાતકાર કંપની, પેટ્રોનેટ LNG (PLNG.NS)એ અમેરિકા પાસેથી લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) ની આયાત વધારવાની તૈયારી દર્શાવી છે. કંપનીના CEOએ જણાવ્યું છે કે 'જો અમેરિકા વાજબી ભાવે ગેસની ઓફર કરશે, તો ભારત ચોક્કસપણે ખરીદીમાં વધારો કરશે.'



તાજેતરમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય સામાન પરની ટેરિફ 50 ટકાથી ઘટાડીને 18 ટકા કરવાની જાહેરાત કરી હતી. જોકે, આ આર્થિક રાહતના બદલામાં અમેરિકા અપેક્ષા રાખી રહ્યું છે કે ભારત તેની પાસેથી વાર્ષિક આયાત બમણી કરે. પેટ્રોનેટનું આ નિવેદન આ બદલાતા વૈશ્વિક સમીકરણો વચ્ચે ખૂબ મહત્ત્વનું માનવામાં આવે છે.

ભારતમાં 27,000 મેગાવોટ ગેસ આધારિત પાવર પ્લાન્ટ્સ છે, પરંતુ મોંઘા ગેસને કારણે આ પ્લાન્ટ્સ તેમની ક્ષમતાના 25 ટકાથી પણ ઓછા ખર્ચે ચાલી રહ્યા છે. ભારત સરકાર વર્ષ 2030 સુધીમાં દેશના ઉર્જા મિશ્રણમાં ગેસનો હિસ્સો 6 ટકાથી વધારીને 15 ટકા કરવા માંગે છે. ખાતર, સિટી ગેસ અને રિફાઈનિંગ ક્ષેત્રે ગેસની સતત વધતી માંગને કારણે ભારત લાંબા ગાળાના નવા કરારો શોધી રહ્યું છે.

વર્ષ 2024-25 દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર 132 અબજ ડોલર રહ્યો હતો. નોંધનીય છે કે આ વેપારમાં ભારત પાસે 41 અબજ ડોલરની ટ્રેડ સરપ્લસ છે, જે અમેરિકા સરભર કરવા માંગે છે.

ભારત હાલમાં વિશ્વનો ચોથો સૌથી મોટો LNG આયાતકાર દેશ છે. પેટ્રોનેટ હાલમાં મુખ્યત્વે કતાર અને ઓસ્ટ્રેલિયા પાસેથી ગેસ ખરીદે છે, પરંતુ હવે તે અમેરિકા જેવા દેશો સાથે નવા કરારો કરી શકે છે. કંપની તેના ટર્મિનલ્સનું વિસ્તરણ કરી રહી છે અને પૂર્વ કિનારે નવું ટર્મિનલ પણ વિકસાવી રહી છે.

# વેસ્પાનું સ્પેશિયલ એડિશન 'ઓફિસિના 8' સ્કૂટર લોન્ચ: ફુલ મેટાલિક બોડી સાથે 125cc અને 150cc એન્જિનનો વિકલ્પ, કિંમત ₹1.34 લાખથી શરૂ.....

નવી દિલ્હી, તા.16

ઈટાલિયન પ્રીમિયમ સ્કૂટર બ્રાન્ડ 'વેસ્પા'એ ભારતમાં પોતાનું નવું સ્પેશિયલ એડિશન સ્કૂટર 'વેસ્પા ઓફિસિના 8' લોન્ચ કર્યું છે. આ સ્કૂટર વેસ્પાના ઈતિહાસ અને તેની શરૂઆતની યાદમાં તૈયાર કરવામાં આવ્યું છે.

તેની શરૂઆતની કિંમત 1.34 લાખ રૂપિયા (એક્સ-શોરૂમ, મહારાષ્ટ્ર) રાખવામાં આવી છે. કંપનીએ આ સ્કૂટરને તે ઈજનેરો અને ડિઝાઈનરોને સમર્પિત કર્યું છે, જેમણે 1944માં ઈટાલીની પોન્ટેડેરા વર્કશોપમાં વેસ્પાના પ્રથમ પ્રોટોટાઈપ પર કામ કર્યું હતું.

આ સ્કૂટરનું નામ 'ઓફિસિના 8' તે પ્રાયોગિક વર્કશોપમાંથી લેવામાં આવ્યું છે, જેને 1944માં પિયાજિયોના પોન્ટેડેરા પ્લાન્ટની અંદર બનાવવામાં આવ્યું હતું.

આ જ વર્કશોપમાં એન્જિનિયરો અને મિકેનિક્સની એક વિશેષ ટીમે સામાન્ય પ્રોડક્શન લાઈનથી અલગ રહીને નવા કોન્સેપ્ટ્સ પર કામ કર્યું હતું.

આ જ સખત મહેનતનું પરિણામ હતું કે, 1946માં વેસ્પાની પ્રથમ પેટન્ટ ફાઈલ થઈ અને દુનિયાને પહેલું વેસ્પા સ્કૂટર મળ્યું.

ડિઝાઈનની વાત કરીએ તો,



'વેસ્પા ઓફિસિના 8'માં કંપનીએ ક્લાસિક અને ઈન્ડસ્ટ્રિયલ લુક આપ્યો છે. તેની આખી બોડી સ્ટીલથી બનેલી છે, જેના પર મેટ મેટાલિક 'બ્લુ ઓફિસિના 8' પેઈન્ટ સ્કીમ આપવામાં આવી છે.

સ્કૂટર પર મેટાલિક રિવેટ્સ અને બ્રાસ (પિત્તળ) અને એલ્યુમિનિયમ ટોનનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે તેને વિન્ટેજ લુક આપે છે. તેમાં વેસ્પાનું સિગ્નેચર રાઉન્ડ હેડલેમ્પ અને કર્વ્ડ લાઈન્સ મળે છે. પ્રીમિયમ રિબ્ડ સીટ તેની રેટ્રો થીમને વધુ આકર્ષક બનાવે છે.

વેસ્પાએ આ સ્પેશિયલ એડિશનને ભારતમાં તેના હાલના પોર્ટફોલિયોની જેમ બે એન્જિન ઓપ્શન્સમાં લોન્ચ કર્યું છે. તેને 125cc અને 150ccના એર-કૂલ્ડ એન્જિન વેરિઅન્ટમાં ખરીદી શકાય છે.

125cc વેરિઅન્ટમાં સિંગલ સિલિન્ડર આઈ-ગેટ એન્જિન છે, જે લગભગ 10bhp પાવર અને 10Nm ટોર્ક જનરેટ કરે છે. જ્યારે, 150cc વેરિઅન્ટ વધુ પાવરફુલ છે.

125cc એન્જિન રોજિંદી સિટી રાઈડ માટે વધુ સારું છે, જ્યારે 150cc વેરિઅન્ટ એવા લોકો માટે છે, જેમને વધુ પાવર અને બહેતર પર્ફોર્મન્સ ગમે છે.

માઈલેજની વાત કરીએ તો, 125ccમાં લગભગ 45-50kmpl અને 150ccમાં 40-45kmpl સુધીનો દાવો કરવામાં આવ્યો છે. બંનેમાં સ્મૂધ રાઈડિંગ અને સારો પિકઅપ મળે છે. સ્કૂટર સિટી અને હાઈવે બંને માટે યોગ્ય છે.

સ્કૂટરમાં વેસ્પાની ભરોસાપાત્ર મોનોકોક સ્ટીલ ચેસિસનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સસ્પેન્શન માટે આગળના ભાગમાં સિંગલ-સાઈડેડ એરક્રાફ્ટ-ઈન્સ્પાયર્ડ સસ્પેન્શન અને પાછળના ભાગમાં હાઈડ્રોલિક શોક એબ્સોર્બર આપવામાં આવ્યા છે. બ્રેકિંગ માટે તેમાં ડિસ્ક બ્રેકની સુવિધા મળે છે. ફીચર્સ તરીકે તેમાં ડિજિટલ ઈન્સ્ટ્રુમેન્ટ ક્લસ્ટર અને સ્ટાઈલિશ એલોય વ્હીલ્સ આપવામાં આવ્યા છે.

આ સ્કૂટર ખરીદનાર દરેક ગ્રાહકને કંપની તરફથી એક સ્પેશિયલ 'વેલકમ કિટ' આપવામાં આવશે. આ કિટમાં એક પુસ્તક સામેલ છે, જે વેસ્પાની વર્કશોપ અને તેના ગૌરવશાળી ઈતિહાસ વિશે જણાવે છે.

આ ઉપરાંત, સ્કૂટરના રંગ સાથે મેચ થતો એક હાફ-ફેસ હેલ્મેટ પણ સ્ટાન્ડર્ડ એક્સેસરી તરીકે સાથે મળશે. ગ્રાહકો ઈચ્છે તો સ્કૂટર સાથે મેચિંગ 'ટોપ બોક્સ' અને ઓફિસિના 8 એપેરલ (કપડાં) પણ અલગથી ખરીદી શકે છે.

# દુનિયાના અબજપતિઓની યાદીમાં ઉથલપાથલ, ટોપ-10માં નવા ચહેરાની ચોંકાવનારી એન્ટ્રી....

નવી દિલ્હી, તા.16

દુનિયાના સૌથી અમીર વ્યક્તિઓની યાદીમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. વૈશ્વિક બજારોમાં ટેક શેરોમાં આવેલા ઘટાડાને કારણે ઘણા દિગ્ગજ અબજોપતિઓની સંપત્તિમાં ગાબડું પડ્યું છે, જેના પરિણામે 'ટોપ-10'ની યાદીમાંથી જેનસેન હુઆંગ બહાર ફેંકાઈ ગયા છે અને તેમના સ્થાને એક નવા ચહેરાની એન્ટ્રી થઈ છે. રસપ્રદ વાત એ છે કે, આ આર્થિક ઉથલપાથલ વચ્ચે પણ ટેસ્લાના ઈલોન મસ્ક અને લેરી એલિસન પોતાની સંપત્તિ વધારવામાં સફળ રહ્યા છે.

આ યાદીમાં સૌથી મોટો ફેરફાર વોલ્ટન પરિવાર તરફથી જોવા મળ્યો છે. રિટેલ સેક્ટર સાથે જોડાયેલા વોલ્ટન પરિવારના સભ્ય એલિસ વોલ્ટને 154 અબજ ડોલરની સંપત્તિ સાથે દુનિયાના 10મા સૌથી અમીર વ્યક્તિ તરીકે સ્થાન મેળવ્યું છે. આ સાથે જ ટોપ-10માં હવે વોલ્ટન પરિવારના ત્રણ સભ્યોનો સમાવેશ થાય છે, જેમાં જિમ વોલ્ટન 158 અબજ ડોલર સાથે 8મા સ્થાને અને રોબ વોલ્ટન 154 અબજ ડોલર સાથે 9મા સ્થાને બિરાજમાન છે.

બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સ મુજબ, ઈલોન મસ્ક 677 અબજ ડોલરની જંગી સંપત્તિ સાથે હજુ પણ



વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ તરીકે પ્રથમ સ્થાને અકબંધ છે. બીજી તરફ, ટેક ક્ષેત્રના માંધાતાઓ લેરી પેજ(263 અબજ ડોલર), સર્ગેઈ બ્રિન(245 અબજ ડોલર), માર્ક ઝુકરબર્ગ(226 અબજ ડોલર) અને જેફ બેઝોસ(225 અબજ ડોલર) અનુક્રમે બીજાથી પાંચમા ક્રમે છે, જોકે આ તમામની સંપત્તિમાં મોટો ઘટાડો નોંધાયો છે. લેરી એલિસન 213 અબજ ડોલર સાથે છઠ્ઠા સ્થાને છે, જ્યારે લક્ઝરી ગુડ્સના બાદશાહ બર્નાર્ડ આર્નોલ્ટ 174 અબજ ડોલરની સંપત્તિ સાથે સાતમા સ્થાને છે.

## નામ બદલેલ છે

હું અઝરૂદ્દીન રૂકનોદ્દીન મલેક જે મારા દીકરાના જન્મના દાખલામાં મારાથી શરતચુકથી દાખલામાં અરતુરૂદ્દીન લખાવી દીધેલ હતુ જે મારા દિકરાનું નામ બદલીને મોહમદઅરતરૂલ અઝરૂદ્દીન મલેક કરેલ છે.

એડ્રેસ: કુતુબ રેસીડેન્સી, મુરમુર ફળી, રામોલ ગામ, અમદાવાદ-382449.

# શૈલેષ પરમારની હાર, પૂર્ણેશ મોદી ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાયા...

## રાજ્યપાલના સંબોધન સાથે ગુજરાત વિધાનસભાના 8મા સત્રની શરૂઆત

**ગાંધીનગર, તા.16**

ગુજરાત વિધાનસભાનું આઠમું અને બજેટ સત્ર 16 ફેબ્રુઆરી 2026 થી રાજ્યપાલના સંબોધન સાથે ઔપચારિક રીતે પ્રારંભ થયું છે. આ સત્ર 25 માર્ચ સુધી ચાલશે, જેમાં કુલ 23 દિવસમાં 26 બેઠકો યોજાશે. સત્રના પ્રથમ દિવસે રાજ્યપાલે ગૃહને સંબોધન કર્યું, ત્યારબાદ 18મી ફેબ્રુઆરીએ નાણાંમંત્રી વર્ષ 2026-27નું બજેટ રજૂ કરશે.

સત્રના પ્રથમ દિવસે રાજ્યપાલના પ્રવચન બાદ શોકદર્શક ઉલ્લેખો અને ઉપાધ્યક્ષ પદની ચૂંટણી જેવી મહત્વની સંસદીય પ્રક્રિયાઓ હાથધરી હતી. આચાર્ય દેવવ્રતના સંબોધનની શરુઆત ત્યારે કોંગ્રેસના ધારાસભ્યોએ ખેડૂતોના દેવા માફી અને કાયમી ભરતી જેવા મુદ્દાઓ પર હોબાળો કર્યો હતો.



### રાજ્યનું વર્ષ ૨૦૨૬-૨૭નું બજેટ 18 ફેબ્રુઆરીના રોજ ગૃહમાં રજૂ થશે

કનુભાઈ દેસાઈ સતત પાંચમી વખત રાજ્યનું બજેટ રજૂ કરનાર જૂજ નાણામંત્રીઓની યાદીમાં સામેલ થશે. તેમની આ સફર વર્ષ ૨૦૨૧થી શરૂ થઈ હતી અને અત્યાર સુધી તેમણે શિસ્તબદ્ધ નાણાકીય આયોજન દ્વારા રાજ્યના અર્થતંત્રને નવી ગતિ આપી છે.

આ વર્ષનું બજેટ અંદાજે ૩.૫૦ લાખ કરોડ રૂપિયાથી પણ વધુ રકમનું હોઈ શકે છે. આ રકમ ગુજરાતના ઈતિહાસમાં અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ કદ હશે, જે રાજ્યના ઝડપી આર્થિક વિકાસનું સૂચક છે.

### ગૃહમાં બહુમતી સાથે પૂર્ણેશ મોદી વરણી

ગુજરાત વિધાનસભામાં નાયબ અધ્યક્ષ પદ માટે ચૂંટણી યોજાઈ હતી. ભાજપ તરફથી સુરત પશ્ચિમના ધારાસભ્ય પૂર્ણેશ મોદી ઉમેદવાર હતા, જ્યારે વિરોધ પક્ષ કોંગ્રેસ તરફથી દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમારને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા.

ગૃહમાં આ વરણી ધ્વનિ મત (Voice Vote) દ્વારા કરવામાં આવી હતી. ભાજપ પાસે ગૃહમાં સ્પષ્ટ બહુમતી હોવાથી પૂર્ણેશ મોદીની જીત નિશ્ચિત માનવામાં આવતી હતી અને અપેક્ષા મુજબ તેઓ વિજેતા જાહેર થયા હતા.

સામાન્ય રીતે નાયબ અધ્યક્ષનું પદ વિપક્ષને ફાળવવાની પરંપરા રહી છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી ભાજપે આ પદ પોતાના પક્ષ પાસે રાખવાની રણનીતિ અપનાવી છે, જેના ભાગરૂપે આ વખતે પૂર્ણેશ મોદીની પસંદગી કરવામાં આવી.

# સેવન્થ ડે સ્કૂલના RTEમાં ગરબડ-ગોટાળા! 8000 જેટલા બાળકોનો હક છીનવી 19 કરોડ કમાયા.....

**અમદાવાદ, તા.16**



અમદાવાદના મણિનગરમાં આવેલી અને સતત વિવાદમાં રહેતી સેવન્થ ડે સ્કૂલ ફરી એકવાર મોટા વિવાદમાં આવી છે. આ શાળા પાસે પ્રાથમિક વિભાગ માટેનું જરૂરી માયનોરીટી સર્ટિફિકેટ ન હોવા છતાં વર્ષ 2017-18થી રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ ગરીબ કે મધ્યમ વર્ગના એક પણ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવ્યો નથી. તેના બદલે શાળાએ આ અનામત બેઠકો પર સામાન્ય વિદ્યાર્થીઓને પ્રવેશ આપીને તેમની પાસેથી ફી વસૂલી હોવાનો આક્ષેપ છે. મહત્ત્વનું છે કે, છેલ્લા કેટલાક વર્ષોમાં અંદાજે 8000 જેટલા બાળકોના હક છીનવીને શાળાએ FRCના નિયમો મુજબ આશરે 19 કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. શાળા સંચાલકો દ્વારા માયનોરીટી સ્ટેટસ મેળવવા માટે કરવામાં આવેલી અરજી અગાઉ નામંજૂર કરી દેવામાં આવી હતી, જેના પરિણામે આ સમગ્ર મામલો હાલ કોર્ટમાં પહોંચ્યો છે. શિક્ષણ વિભાગે શાળા દ્વારા કરવામાં આવેલી આ આર્થિક ગેરરીતિઓ અને નિયમોના ઉલ્લંઘન અંગેના મજબૂત પુરાવાઓ પણ કોર્ટમાં રજૂ કર્યા છે. હવે આ મામલે કોર્ટ કેવો ચુકાદો આપે છે અને શિક્ષણ વિભાગ શાળા સામે કેવા કડક પગલાં ભરે છે તેના પર સૌની નજર છે. અમદાવાદ સિટી DEO રોહિત ચૌધરીના જણાવ્યા અનુસાર, આશલોક એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ શાળામાં વર્ષ 2021થી હાઈકોર્ટનો સ્ટે હોવાને કારણે RTE હેઠળ પ્રવેશ પ્રક્રિયા અટકેલી છે, જેના પરિણામે અંદાજે 8000 જેટલા ગરીબ વિદ્યાર્થીઓ મફત શિક્ષણ મેળવવાથી વંચિત રહ્યા છે અને તેમની જગ્યાએ નોન-RTE વિદ્યાર્થીઓને પ્રવેશ આપીને 19 કરોડ રૂપિયાથી વધુની ફી એકત્રિત કરવામાં આવી હોય તેવું જણાય છે. અમારી તપાસ સમિતિ દ્વારા વારંવાર માંગવા છતાં શાળા અત્યાર સુધી પ્રાથમિક વિભાગનું માયનોરિટી સર્ટિફિકેટ રજૂ કરી શકી નથી તેથી અમે આ તમામ આધારો નામદાર હાઈકોર્ટમાં રજૂ કરીશું અને કોર્ટના આદેશ મુજબ આગળની કાર્યવાહી કરીશું.

તેમણે વધુમાં જણાવ્યું કે, શાળામાં 11,000 જેટલા વિદ્યાર્થીઓ હોવા છતાં એસસી, એસટી, ઓબીસી અને માયનોરિટી સ્કોલરશિપના ફોર્મ ભરવામાં પણ ઉદાસીનતા જોવા મળી છે, જેથી મેં આચાર્યને તાત્કાલિક અસરથી તમામ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓના ફોર્મ ભરાવવા અને વાલીઓને માહિતગાર કરવા કડક સૂચના આપી છે.

# ગુજરાતમાં 5 વર્ષમાં દલિત-આદિવાસીઓ ઉપર અત્યાચારની 19000થી વધુ ઘટનાઓ નોંધાઈ

**અમદાવાદ, તા.16**

ગુજરાતમાં સલામતીના ગાણાં ગવાઈ રહ્યાં છે, ત્યારે આજે પણ દલિત અને આદિવાસીઓ ભયના ઓથાર હેઠળ જીવી રહ્યો છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતી હોય તેવી ઘટનાઓ સામે આવી રહી છે. જેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ પર અત્યાચારના કિસ્સા વધી રહ્યા છે. છેલ્લાં પાંચેક વર્ષમાં કુલ મળીને 19 હજારથી વધુ ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાઈ છે. આ પરથી જ એ વાત સાબિત થાય છે કે, દલિતો અને આદિવાસીઓને હક્કો અને સુરક્ષા આપવામાં રાજ્ય સરકાર સદંતર નાકામ રહી છે.



રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં દલિતો પર અત્યાચારની કુલ 13,629 ઘટનાઓ બની છે. જે દર્શાવે છે કે, રાજ્યમાં દરરોજ સરેરાશ 3થી વધુ દલિતો અત્યાચારનો ભોગ બની રહ્યા છે. જ્યારે આદિવાસીઓ પર અત્યાચારની કુલ 3,553 ઘટનાઓ નોંધાઈ છે. આ પરથી એ વાત પ્રસ્થાપિત થઈ છે કે, ભાજપ સરકાર દલિત અને આદિવાસીઓને બંધારણીય હક્કો અને સુરક્ષા આપવામાં સદંતર નાકામ રહી છે. એસસી-એસટી પર વધી રહેલી અત્યાચારની ઘટનાઓ રાજ્ય માટે કલંક સમાન છે ત્યારે આ આંકડાઓ માત્ર નોંધાયેલા ગુનાઓના છે, જ્યારે ડર અને દબાણને કારણે હજારો કિસ્સાઓ તો પોલીસ ચોપડે નોંધાતાં જ નથી. ભાજપ શાસનમાં ગુજરાતના આદિવાસી સમાજ પર પણ અત્યાચારોનો આંકડો સતત વધી રહ્યો છે. છેલ્લા 5 વર્ષમાં આદિવાસીઓ પર અત્યાચારના કુલ 1590 નવા કેસ નોંધાયા છે, જ્યારે અત્યાચારના કુલ 3,553 કેસના ટ્રાયલ બાકી છે. ટૂંકમાં દર 48 કલાકે એક આદિવાસી ભાઈ-બહેન પર અત્યાચાર કે હુમલો થઈ રહ્યો છે. ચોંકાવનારી વાત એ છે કે, ગુનેગારોને સજા અપાવવામાં સરકાર સદંતર નિષ્ફળ રહી છે. છેલ્લા 3 વર્ષમાં એસટી અત્યાચારના કેસોમાં સજાનો દર 1% કરતાં પણ ઓછો છે. ગુજરાતમાં અમદાવાદ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, રાજકોટ, કચ્છ, જૂનાગઢ જિલ્લામાં દલિતો પર વધુ અત્યાચારના કેસો નોંધાયા છે. પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હિરેન બેન્કેર જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં અધિકારો માટે 15 હજારથી વધુ જનજાગૃતિ કાર્યક્રમો યોજાયાં પણ ગુજરાતની 'સંવેદનશીલ' ગણાતી સરકારના પેટનું પાણી પણ હલ્યું નથી. વર્ષ 2018 અને 2019માં માત્ર છ કાર્યક્રમનું આયોજન કર્યુ અને વર્ષ 2020માં તો એક પણ કાર્યક્રમ કરવાની તસ્દી લીધી નથી. આ સ્પષ્ટપણે ભાજપની દલિત અને આદિવાસી વિરોધી માનસિકતા છતી કરે છે.

# ઘાટલોડિયા અને નારણપુરામાં થયેલી લાખોની ચોરીનો ભેદ ઉકેલાયો, બે આરોપીની ધરપકડ, બે ફરાર

**અમદાવાદ, તા.16**

અમદાવાદ શહેરમાં ચોરી અને લૂટફાટની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે. તેવામાં ઘાટલોડિયા અને નારણપુરામાં થયેલી અલગ અલગ ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. ઘાટલોડિયા ચોરી કેસમાં LCB એ રાજસ્થાનના એક વ્યક્તિની ધરપકડ કરી 38.63 લાખના ઘરેણાં જપ્ત કર્યા છે જ્યારે અન્ય એક કેસમાં નારણપુરામાં મહિલાની ધરપકડ કરી 8.1 લાખના સોનાના દાગીના જપ્ત કર્યા છે.



ઘાટલોડિયાના ન્યૂ નિકિતા પાર્ક સોસાયટીમાં આવેલા ઘર નંબર A/9 માં 22 જાન્યુઆરી થી 25 જાન્યુઆરી દરમિયાન રાત્રે મકાનમાં ચોરી થઈ હતી. અજાણ્યા વ્યક્તિઓ છત પરથી વેન્ટિલેશન બારી ખોલીને બંગલામાં પ્રવેશ્યા હતા અને સોના-ચાંદીના દાગીના લઈને ફરાર થઈ ગયા હતા. ફરિયાદ બાદ ઘાટલોડિયા પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. જે બાદ પોલીસ ટીમે વિસ્તાર અને તેની આસપાસના 200થી વધુ CCTV કેમેરાના ફૂટેજની તપાસ કરી જેમાંથી એક સીસીટીવીમાં ત્રણ બાઈક(RJ-12-NS-1847) સવાર ચોરો કેદ થયા હતા. જે બાદ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના રહેવાસી દિનેશ હલીયા મીણા (24)ની ધરપકડ કરવામાં આવી હતી.

ધરપકડ કરાયેલ આરોપી પાસેથી પોલીસે 37.39 લાખના સોનાના દાગીના, 84,255ના ચાંદીના દાગીના, 30,000ની કિંમતની મોટરસાઈકલ, 10,000નો મોબાઈલ ફોન કુલ મળીને 38.63 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ફરાર બે આરોપી, રાજસ્થાનના ડુંગરપુરના રહેવાસી કમલેશ ગંગારામ કલાસુવા અને ઈશ્વર શંકર મીણા તરીકે પોલીસે બે અન્ય આરોપીઓની ઓળખ કરી લીધી છે, તેમણે ઝડપી લેવા માટેની તજવીજ ચાલુ છે. આરોપીઓ અમદાવાદ કે આસપાસના જિલ્લાઓમાં ઘરફોડ ચોરીના અન્ય કેસોમાં સંડોવાયેલા છે કે કેમ તેની તપાસ શરૂ કરી દેવાઈ છે.

બીજી તરફ અન્ય એક કેસમાં નારણપુરા પોલીસે ફરિયાદ નોંધાયાના થોડા જ દિવસોમાં એક ઘરમાં ચોરીનો કેસ ઉકેલી નાખ્યો છે, જેમાં 40 વર્ષીય મહિલાની ધરપકડ કરવામાં આવી છે, 8.1 લાખના ચોરાયેલા સોનાના દાગીના જપ્ત કરવામાં આવ્યા છે. નારણપુરામાં સંઘવી હાઈસ્કૂલની સામે શુભલક્ષ્મી ટાવરમાં રહેતા જીનલ ચંદ્રકાંતભાઈ શાહ (37)ના ઘરે ચોરી થઈ હતી. જેની ફરિયાદ 14 ફેબ્રુઆરીના રોજ નારણપુરા પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવી હતી.

ચોરી 8 ફેબ્રુઆરીની સાંજે થઈ હતી, જીનલ ચંદ્રકાંતભાઈ શાહના સંબંધી માનસી જીનેશભાઈ દોશી ઘરે આવ્યા હતા. ફરિયાદ મુજબ માનસી કપડાં બદલવાના બહાને તેની માતાના બેડરૂમમાં ઘૂસી ગઈ હતી. તે સમયગાળા દરમિયાન ઘરમાં બીજું કોઈ આવ્યું ન હતું, અને કોઈ બળજબરીથી પ્રવેશ્યું હોય તેવું કોઈ પગેરું મળ્યું ન હતું.

12 ફેબ્રુઆરીના આ રોજ જ્યારે માતાએ કબાટ ખોલ્યું ત્યારે ખબર પડી કે ઘણા સોનાના દાગીના તેમાંથી ગાયબ થઈ ગયા છે. ચોરાયેલી વસ્તુઓમાં લગભગ ત્રણ તોલા વજનની બે સોનાની બંગડીઓ, એક સોનાનું મંગળસૂત્ર અને બે સોનાની વીંટીઓનો સમાવેશ થાય છે, જેની કુલ કિંમત 8.1 લાખ થાય છે. ચોક્કસ માહિતી અને પૂછપરછના આધારે પોલીસે આરોપી માનસીની ધરપકડ કરી હતી. જેમાં તેને ગુનાની કબૂલાત કરતાં ચોરીનો ભેદ ઉકેલી ગયો હતો.

# અમદાવાદમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક પકડાશે તો ખેર નહીં, દુકાન કે ફેક્ટરી સીલ તેમજ પેનલ્ટી સુધીની કાર્યવાહી

**અમદાવાદ, તા.16**

અમદાવાદમાં પર્યાવરણની જાળવણી અને ગુજરાત હાઈકોર્ટના આદેશોનું પાલન કરવા માટે AMCની હેલ્થ એન્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિકના વપરાશ અને ઉત્પાદન વિરુદ્ધ કડક ઝુંબેશની જાહેરાત કરવામાં આવી છે. હવે માત્ર ફેરિયાઓ જ નહીં પરંતુ ઉત્પાદકો અને મોટા વેપારીઓ સામે પણ આકરી કાર્યવાહી થશે.

હેલ્થ એન્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીના ચેરમેન જશુ ઠાકોરના જણાવ્યા મુજબ, 'ગુજરાત હાઈકોર્ટ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક અંગે જે સૂચનો આપવામાં આવ્યા છે, તેને ધ્યાનમાં રાખીને અમે ફેરિયાઓ અને શાકભાજી માર્કેટમાં પ્લાસ્ટિકના વપરાશ પર કડક કાર્યવાહી કરવાનું નક્કી કર્યું છે. જે અંતર્ગત ફેરિયાઓ પાસે પ્રથમ વખત પ્રતિબંધિત પ્લાસ્ટિક પકડાશે તો 1000 રૂપિયા, બીજી વખત 3000 રૂપિયા અને ત્રીજી વખત પકડાય તો 5000 રૂપિયાનો દંડ કરવામાં આવશે. આ ઉપરાંત, અમે નિયમોમાં એક મોટો સુધારો કરવા જઈ રહ્યા છીએ કે અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં જે પણ કંપનીઓ કે ફેક્ટરીઓ આવું પ્લાસ્ટિક બનાવતી પકડાશે, તેને 15 દિવસ માટે સીલ કરવામાં આવશે. તે જ રીતે, જો કોઈ રીટેલ વેપારી 100 કિલોથી વધુ પ્રતિબંધિત પ્લાસ્ટિકના જથ્થા સાથે પકડાશે, તો તેની દુકાન પણ 10 દિવસ માટે સીલ કરવામાં આવશે અને નિયમ અનુસાર પેનલ્ટી વસૂલવામાં આવશે'



'તમામ ફેરિયાઓ અને ધંધાર્થીઓને પ્લાસ્ટીક વેસ્ટ રૂલ્સ - 2016 મુજબ 120 માઈક્રોનથી ઓછી જાડાઈની પ્લાસ્ટીકની થેલીઓ કે 60 ગ્રામ પર સ્કવેર મીટર(GSM)થી ઓછી જાડાઈની નોન-વુવન કેરી બેગના ઉપયોગ પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે.'

હેલ્થ એન્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ચેરમેને જણાવ્યું હતું કે, 'સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ હોવાથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દરેક નાગરિકો કોઈપણ ચીજ વસ્તુ લેવા જાય ત્યારે ઘરેથી કાપડની થેલી સાથે લઈને જાય તેના માટે 16 લાખથી વધુ કાપડની થેલીઓનું વિતરણ શહેરીજનોને કરવામાં આવ્યું છે બે વર્ષ પહેલાં પણ કાપડની થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું છે.'

તેમણે વધુમાં જણાવ્યું કે, નાગરિકોની સુવિધા માટે અમે હડકવાની રસી બાબતે પણ મહત્વનો નિર્ણય લીધો છે. હવેથી જ્યારે કોઈ નાગરિકને કૂતરું કરડે, ત્યારે જે પ્રથમ ડોઝ 24 કલાકની અંદર લેવો અત્યંત જરૂરી હોય છે, તે અમદાવાદ મહાનગરપાલિકાના તમામે તમામ અર્બન હેલ્થ સેન્ટર ઉપર ઉપલબ્ધ કરાવવાની સૂચના આપી દેવામાં આવી છે. આ સેવા આજથી જ તમામ કેન્દ્રો પર શરૂ કરી દેવામાં આવી છે, જેથી કરીને નાગરિકોને તાત્કાલિક અને પ્રાથમિક સારવાર મેળવવા માટે દૂર ન જવું પડે અને તેમને સ્થાનિક સ્તરે જ સુવિધા મળી રહે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




